અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ મે ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૧૨
વર્ષ : ૧૬
અંક : ૩૨૧
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનને વધુ એક ઝટકો વાગી શકે

# ભારત પાક.ને FATFની ગ્રે લીસ્ટમાં સામેલ કરવાની કવાયત હાથ ધરી શકે

### ભારત ટૂંકસમયમાં ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) સાથે ચર્ચા કરી શકે : જો આમ બન્યું તો પાકિસ્તાને આર્થિક રૂપે નુકસાન ભોગવવું પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનને વધુ એક ઝટકો વાગી શકે છે. સૂત્રો અનુસાર, ભારત પાકિસ્તાનનના અર્થતંત્ર પર પ્રહાર કરતાં તેને ફરીથી FATF ની ગ્રે લીસ્ટમાં સામેલ કરવાની કવાયત હાથ ધરી શકે છે. જેના માટે ભારત ટૂંકસમયમાં ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) સાથે ચર્ચા કરી શકે છે. જો આમ બન્યું તો પાકિસ્તાને આર્થિક રૂપે મોટું નુકસાન ભોગવવુ પડશે. FATFની ગ્રે લીસ્ટમાં સામેલ દેશોએ આકરી નાણાકીય દેખરેખમાંથી પસાર થવુ પડે છે. જેમાં સામેલ દેશ પર ધ્યાન રાખવામાં આવે છે કે, તેને મળતી આર્થિક સહાયનો ઉપયોગ મની લોન્ડરિંગ કે આતંકવાદ વિરૂદ્ધ તો નથી થઈ રહ્યો ને. પાકિસ્તાનને ૨૦૧૮માં FATFના ગ્રે લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું. ઘણા પ્રયાસો બાદ પાકિસ્તાન ૨૦૨૨માં આ યાદીમાંથી બહાર આવવામાં સફળ રહ્યું હતું. આવી સ્થિતિમાં, જો તેને ફરી એકવાર ગ્રે લિસ્ટમાં સામેલ કરવામાં આવે છે, તો તે ભારત માટે એક મોટી રાજદ્વારી જીત હશે. જેનાથી પાકિસ્તાનના કથળી રહેલા અર્થતંત્રને વધુ નુકસાન થશે. આર્થિક સહાય માટે પુરાવાઓ અને શરતોનું પાલન પણ ચુસ્તપણે કરવુ પડશે. ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ બે પ્રકારની લિસ્ટ બહાર પાડે છે. જેમાં એક ગ્રે લિસ્ટ અને બીજી બ્લેક લિસ્ટ છે. આ યાદીમાં સમાવિષ્ટ દેશોએ ભારે નુકસાન સહન કરવું પડે છે. બ્લેક લિસ્ટમાં એવા દેશોનો સમાવેશ થાય છે જે FATFના નિયમોનું પાલન કરતા નથી અને મની લોન્ડરિંગ અને આતંકવાદને લોન આપવામાં સંડોવાયેલા હોય છે. ગ્રે લિસ્ટમાં એવા દેશોનો સમાવેશ થાય છે જેમની પાસે મની લોન્ડરિંગ અને આતંકવાદી ફંડિંગને રોકી શકતા નથી. તેમાં કેટલીક ખામીઓ છે, પરંતુ તેમાંથી બહાર નીકળવા માટે FATF સાથે સહયોગ કરવા તૈયાર છે. આ યાદીમાં સમાવેશ થવાથી દેશમાં રોકાણ ઘટે છે. ઘણા મોટા રોકાણકારો તેમના રોકાણો પાછા ખેંચી લે છે, આ ઉપરાંત દેશને મળતી નાણાકીય સહાયમાં પણ ઘટાડો થાય છે. ભંડોળનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે અને સરકાર તેનો ઉપયોગ કયા કામ માટે કરી રહી છે તેનું નિરીક્ષણ વધે છે. આ ઉપરાંત, ગ્રે લિસ્ટમાં સમાવિષ્ટ દેશ પર ઘણા નિયંત્રણો પણ લાદવામાં આવે છે, જે તેની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડે છે.

### તમામ મુસાફર જીવતા ભડથું, ૧૫થી વધુ ઘરો બળીને ખાક

## USના કેલિફોર્નિયાના રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું વિમાન

### એક પ્રેસના રિપોર્ટ અનુસાર, સાન ડિએગો નજીક ધુમ્મસમાં એક નાનું વિમાન અચાનક ક્રેશ થયું અને આકાશમાંથી રહેણાંક વિસ્તારમાં ઘરો પર પડ્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકામાં એક પ્રાઈવેટ પ્લેન ક્રેશ થઈ ગયું, જેનાથી અનેક લોકોના મોત થઈ ગયા. કેલિફોર્નિયા સાન ડિએગો નજીક ગુરૂવારે (૨૨ મે) એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું, જેનાથી અંદાજિત ૧૫ ઘરો અને અનેક વાહનોમાં આગ લાગી ગઈ. આ દુર્ઘટના અમેરિકન સેનાના સૌથી મોટા આવાસ વિસ્તારમાં બની છે. એક પ્રેસના રિપોર્ટ અનુસાર, સાન ડિએગો નજીક ધુમ્મસમાં એક નાનું વિમાન અચાનક ક્રેશ થયું અને આકાશમાંથી રહેણાંક વિસ્તારમાં ઘરો પર પડ્યું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, લગભગ ૧૦ ઘરોમાં આગ લાગી હતી, પરંતુ તે સમયે ઘરમાં કોઈ હાજર નહોતું. વિમાનમાં સવાર લગભગ બધા જ લોકો મૃત્યુ પામ્યા. આ વિમાનમાં ૮ થી ૧૦ લોકો સવાર હોઈ શકે છે. પોલીસ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચીને ઘરો ખાલી કરાવ્યા. ૧૦૦થી વધુ સ્થાનિક લોકોની નજીક શાળાએ લઈ ગયા. દુર્ઘટનાગ્રસ્ત વિમાનની ઓળખ Cessna ૫૫૦ના રૂપમાં થઈ છે, જે મોંટગોમરી-ગિબ્સ એક્ઝિક્યૂટિવ એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB)ની ટીમ કરશે. દુર્ઘટના બાદ વિસ્તારમાં જેટ ફ્યૂલ ચોતરફ ફેલાઈ ગયું. જે કારણે ફાયર બ્રિગેડ ટીમ આગ પર કાબૂ મેળવવામાં લાગી છે.

### શેરબજારમાં સપ્તાહના છેલ્લા દિવસે તેજીનું તોફાન



। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

શુક્રવારે ભારતીય શેરબજાર આજે હરિયાળી જોવા મળી છે. સપ્તાહના છેલ્લા દિવસે BSE સેન્સેક્સ ૭૬૯.૦૯ પોઈન્ટ (૦.૯૫%)ના વધારા સાથે ૮૧,૭૨૧.૦૮ પોઈન્ટ પર બંધ થયો છે. તેવી જ રીતે આજે NSEનો નિફ્ટી ૫૦ પણ ૨૪૩.૪૫ પોઈન્ટ (૦.૯૯%)ના વધારા સાથે ૨૪,૮૫૩.૧૫ પોઈન્ટ પર બંધ થયો છે. તમને જણાવી દઈએ કે ગુરુવારે, BSE સેન્સેક્સ ૬૪૪.૬૪ પોઈન્ટના ભારે ઘટાડા સાથે ૮૦,૯૫૧.૯૯ પોઈન્ટ પર બંધ થયો હતો અને નિફ્ટી ૨૦૩.૭૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૬૦૯.૭૦ પોઈન્ટ પર બંધ થયો હતો. શુક્રવારે સેન્સેક્સની ૩૦ માંથી ૨૮ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાન પર બંધ થયા હતા અને બાકીની ૨ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા. બીજી તરફ આજે નિફ્ટી ૫૦ની ૫૦ માંથી ૪૬ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા હતા અને બાકીની ૪ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ થયા હતા. આજે સેન્સેક્સ કંપનીઓમાં, એટરનલના શેર સૌથી વધુ ૩.૫૧ ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે સન ફાર્માના શેર ૧.૮૪ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

### મેડિકેડ અને સ્નેપ જેવી યોજનાઓના બજેટમાં કાપની જોગવાઇ

## ભારતીયો પર ૫% રેમિટન્સ ટેક્સનો બોજ લાદતું ટ્રમ્પનું બિલ પસાર

### ‘વન બિગ, બ્યુટીફુલ બિલ’ પસાર કરવામાં ટ્રમ્પ વહીવટી તંત્રની આકરી કસોટી થઈ: ૨૧૪ સામે માત્ર ૨૧૫ની નજીવી સરસાઇ જ મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

અમેરિકામાં વસતા ભારતીય સહિતના વિદેશી નાગરિકોને અસર કરે તેવું એક મલ્ટિ-ટ્રિલિયન ડોલર ટેક્સ બ્રેક્સ પેકેજ તથા રેમિટન્સ પર પાંચ ટકા ટેક્સ લાદતું બિલ અમેરિકન સંસદના નીચલા ગૃહ (હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સ) માં પસાર થયું છે. જોકે આ બિલ ૨૧૫ વિરુદ્ધ ૨૧૪ની અત્યંત પાતળી સરસાઈથી જ પસાર થયું હોવાને કારણે તેને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જીત તરીકે નથી જોવાઈ રહ્યું. ટ્રમ્પના પક્ષ રિપબ્લિકન્સના જ બે સાંસદો



બિલનો વિરોધ કરવા ડેમોક્રેટસ સાથે જોડાયા હતા. ‘વન બિગ, બ્યુટીફુલ બિલ એક્ટ’ શીર્ષક તરીકે જાણીતા આ બિલમાં ટેક્સ કાપ અને ઈમીગ્રેશનને લગતી આકરી જોગવાઈઓ સામેલ કરાઈ છે. આ બિલને પસાર કરવામાં ટ્રમ્પ અને તેમના સાંસદોને આકરી કસોટીનો સામનો કરવો પડ્યો છે. હવે આ બિલ સેનેટમાં જશે. જેની પાસે બિલની જોગવાઈઓને મંજૂર કરવા કે તેમાં ફેરફારની સત્તા રહેશે. જોકે ટ્રમ્પના સાથીઓએ આ બિલ પસાર થવાને એક જીત તરીકે જોઈ રહ્યા છે અને તેમણે ઉજવણી પણ કરી હતી. આ કાયદો ૨૦૧૭ માં તેમના પ્રથમ વહીવટ દરમિયાન પસાર થયેલા ટૂંક સમયમાં સમાપ્ત થનારા કર કાપની જોગવાઈઓનો કાર્યકાળ વધારી દેશે. આ બિલની જોગવાઈ મુજબ ઓવરટાઈમ વર્ક અને ટિપ્સ પર વેરાને કામચલાઉ રીતે નાબૂદ કરે છે.

### આંધ્રપ્રદેશમાં કાર ચાલકને ઝોકું આવી જતા ટ્રક સાથે અથડાઈ

। (એજન્સી) પ્રકાશન, તા.૨૩ ।

આંધ્રપ્રદેશના પ્રકાશન જિલ્લામાં ભયંકર રોડ અકસ્માતની ઘટના બની છે. અહીં એક કાર અને ટ્રકની ટક્કરમાં છ લોકોના મોત થયા છે. ડ્રાઈવરને ઝોકું આવી જતા આ દુર્ઘટના બની હતી. પોલીસે જણાવ્યું હતું કે, આજે(૨૩ મે) પ્રકાશમ જિલ્લામાં એક ટ્રક સાથે કાર અથડાતા છ લોકો (બે મહિલાઓ અને ચાર પુરુષો) ના મોત થયા હતા અને એક વ્યક્તિને ઈજા થઈ હતી. આ અકસ્માત બપોરે ૧:૪૦ વાગ્યે પ્રકાશમ જિલ્લાના કોમારોલુ મંડળના મોટુ ગામમાં કડપ્પા, ગિદ્દાલુરુ, માર્કપુર અને અન્ય સ્થળોને જોડતા હાઈવે પર થયો હતો.

### તમામ ફ્લાઈટને લેન્ડ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી

## ભારતીય સાંસદોનું વિમાન મોસ્કો એરપોર્ટ પર ઉતરવાનું જ હતું, ત્યાં થયો ડ્રોન હુમલો

### ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાનની આતંકીઓને છાવરવાની ઘટનાઓ અંગે ભારતીય સાંસદો રશિયા પહોંચ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઓપરેશન સિંદૂર પર રશિયા ગયેલા ભારતીય સાંસદોનું પ્રતિનિધિમંડળ મોસ્કો એરપોર્ટ પર ડ્રોન હુમલામાં માંડ માંડ બચ્યું હતું. આ વિમાનમાં ડીએમકે સાંસદ કનિમોઝી સાથે અન્ય સાંસદો સવાર હતા. ડ્રોન હુમલાને કારણે, આ વિમાન ઘણા કલાકો સુધી હવામાં મોસ્કો એરપોર્ટ પર ફરતું રહ્યું હતું. ઘણા કલાકોના વિલંબ અને સુરક્ષા પરિસ્થિતિઓના મૂલ્યાંકન પછી, વિમાન આખરે મોસ્કો એરપોર્ટ પર ઉતર્યું હતું. ઓપરેશન સિંદૂર પર ભારતના વલણને વ્યક્ત કરવા



માટે ભારતના છ પ્રતિનિધિમંડળો વિવિધ દેશોમાં ગયા છે.

ભારતથી રશિયા ગયેલા પ્રતિનિધિમંડળમાં DMK સાંસદ કનિમોઝી, સમાજવાદી પાર્ટીના સાંસદ રાજીવ રાય, આરજેડી સાંસદ પ્રેમચંદ ગુપ્તા, કેપ્ટન બ્રિજેશ, અશોક કુમાર મિત્તલ અને રાજદૂત મંજીવ સિંહ પુરીનો સમાવેશ થાય છે. સાંસદ કનિમોઝીના નેતૃત્વમાં સાંસદોનું પ્રતિનિધિમંડળ ૨૨ મેના રોજ રશિયા જવા રવાના થયું હતું. હવે એ વાત સામે આવી છે કે, કનિમોઝીને લઈ જનારા વિમાનને મોસ્કો એરપોર્ટ પર લેન્ડિંગ કરવામાં મુશ્કેલી પડી હતી. યુક્રેને રશિયાના મોસ્કો એરપોર્ટ પર ડ્રોન હુમલો કર્યો હોવાના અહેવાલ છે. આ પછી મોસ્કો એરપોર્ટ પર હાહાકાર મચી ગયો હતો અને લેન્ડિંગની રાહ જોઈ રહેલા વિમાનોને એરપોર્ટ પર લેન્ડ કરવાની અસ્થાયી મંજૂરી આપવામાં આવી ન હતી. મોસ્કો એરપોર્ટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ કેટલાક કલાકો સુધી સ્થગિત કરી દીધી હતી.

### યુનિવર્સિટીએ ૭૨ કલાકમાં માનવી પડશે ૬ શરતો

## હાર્વર્ડમાં તમામ વિદેશી વિદ્યાર્થીઓના પ્રવેશ પર રોક

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતા હજારો વિદ્યાર્થીઓના સપનાઓ પર પાણી ફેરવાયું છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ચાલી રહેલા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ પ્રોગ્રામ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જેથી હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શકશે નહીં. ટ્રમ્પ સરકારની શરતો પર ચાલવાનો ઈનકાર હાર્વર્ડ યુનિવર્સિટીને ભારે



પડી રહ્યો છે. અગાઉ તેનું ફંડિંગ બંધ કર્યા બાદ હવે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ પ્રોગ્રામ બંધ કરી દીધો છે. જો કે, ટ્રમ્પ સરકારે યુનિવર્સિટી સમક્ષ અમુક શરતો મૂકી છે. જો યુનિવર્સિટી આ શરતો ૭૨ કલાકની અંદર સ્વીકારી લે, તો ત્યાં અભ્યાસ કરતાં લગભગ ૬૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને રાહત મળી શકે છે.

### નીતિન ગડકરીનું જોરદાર પ્લાનિંગ

## ગોવામાં બની રહ્યો છે એફિલ ટાવર, નિર્માણ કામ શરૂ થશે

। (એજન્સી) ગોવા, તા.૨૩ ।

ટૂંક સમયમાં તમારે એફિલ ટાવર જોવા માટે પેરિસ જવાની જરૂર નહીં પડે. દેશની અંદર પણ એક આવો જ ટાવર બનાવવામાં આવી રહ્યો છે, જેનું નામ ઓબ્ઝર્વેટરી ટાવર રાખવામાં આવશે અને તે ગોવામાં બનાવવામાં આવી રહ્યો છે. આ રીતે, તમે નજીવી કિંમતે વેધશાળા ટાવર અને જોવાની ગેલેરીનો આનંદ માણી શકો છો. ન્યૂ ઝુઆરી બ્રિજ પર એફિલ ટાવરથી પ્રેરિત એક ટાવર બનાવવામાં



આવી રહ્યો છે. નીતિન ગડકરી શુક્રવારે તેનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૨૭૦.૦૭ કરોડ છે. તેમાં એક વેધશાળા ટાવર, ફરતું રેસ્ટોરન્ટ અને આર્ટ ગેલેરી હશે, જે ગોવાને પ્રવાસીઓ માટે વધુ આકર્ષક બનાવશે. આ ટાવર ગોવાના પર્યટનમાં એક નવું પરિમાણ ઉમેરશે. આ પ્રોજેક્ટ DBFOT મોડેલ પર આધારિત છે, જેમાં એક ખાનગી કંપની તેને ૫૦ વર્ષ સુધી ચલાવશે. આનાથી સરકાર પર કોઈ નાણાકીય બોજ પડશે નહીં. આ ટાવર બે મજબૂત પાયા પર બનાવવામાં આવશે, જેમાં જોવા માટે ગેલેરી, કાફેટેરિયા અને પ્રવાસી સુવિધાઓ હશે. ન્યૂ ઝુઆરી બ્રિજ પરના ટાવરની ઊંચાઈ ૧૨૫ મીટર હશે. તેનો પાયો ૮.૫૦ મીટર ૮ ૫.૫૦ મીટર હશે.

### કાયદાની નજરે ગુનો પણ સગીરાને યુવક સાથે પ્રેમ

## સુપ્રીમ કોર્ટે POCSO કેસના દોષિતની સજા માફ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે POCSO એક્ટ હેઠળ દોષિત વ્યક્તિને સજા આપવાનો ઈનકાર કરતો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ નિર્ણયે POCSO એક્ટમાં એક નવો વળાંક લાવ્યો છે. સજા ન આપવા પાછળનું કારણ પીડિતાની સહમતિ દર્શાવ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, પીડિતાએ ક્યારેય આ ઘટનાને ગુનાના રૂપે જોઈ નથી. ૨૦૧૨માં એક ૧૪ વર્ષીય સગીરાએ પોતાની મરજીથી ૨૫ વર્ષના યુવક સાથે લગ્ન કર્યા હતાં. બાદમાં સગીરાની માતાએ યુવક વિરૂદ્ધ



અપહરણ અને બળાત્કારનો કેસ નોંધાવ્યો હતો. યુવકને આ કેસ હેઠળ ૨૦૨૨માં ૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ત્યારબાદ ગુનેગાર યુવકે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક કહ્યું કે, પીડિતા આરોપીને સજાથી બચાવવા માટે પોલીસ અને કોર્ટ સામે સતત સંઘર્ષ કરતી રહી.

### મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લામાં પ્લાન્ટ સ્થાપિત કરાશે

## અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ડિફેન્સે જર્મન કંપની સાથે કર્યો કરાર

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૩ ।

અનિલ અંબાણીના નેજા હેઠળની રિલાયન્સ ડિફેન્સે જર્મનીની મોટી શસ્ત્ર ઉત્પાદક કંપની રેઈનમેટલ એજી સાથે એક કરાર કર્યો છે. આ કરાર હેઠળ મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લામાં એક નવો પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે, જ્યાં તોપના ગોળા, વિસ્ફોટકો અને પ્રોપેલેંટ બનાવવામાં આવશે. ભારતીય કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતુ કે રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રિલાયન્સ ડિફેન્સ લિમીટેડ અને જર્મનીના ડઝેલફોર્ડ સ્થિત રેઈનમેટલ એજીએ ગોળા બારુદ ક્ષેત્રે વ્યૂહાત્મક કરાર કરવા પર સંમતિ વ્યક્ત કરી છે. આ સંબંધમા બન્ને કંપનીઓના પ્રતિનિધિઓએ સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. નોંધનીય છે કે રિલાયન્સ ગ્રુપની આ ત્રીજી સંરક્ષણ ક્ષેત્રેની સમજૂતિ છે. તેનાથી પહેલા ફ્રાંસની ડેઝોલ્ટ એવિયેશન અને થેલ્સ કંપનીઓ સાથે જોઈન્ટ પ્રોજેક્ટ પર કામ કરી ચૂકી છે. આ નવી સમજૂતિ હેઠળ રિલાયન્સ, રેઈનમેટલને મધ્યમ અને મોટા આકારના ગોળા બારુદ માટે વિસ્ફોટક અને પ્રોપેલેન્ટ પૂરા પાડશે. તે સિવાય બન્ને કંપીઓ પસંદગીના ઉત્પાદનો માટે મળીને માર્કેટિંગ કરશે.

### ભારત-પાક. મુદ્દે જયશંકરની યુરોપને સ્પષ્ટ વાત

## અમારે સાથીદારની જરૂર છે, ઉપદેશકોની નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

વિદેશ મંત્રી એસ. જયશંકરે આતંકવાદ અને પાકિસ્તાન સાથે તંગદિલી મુદ્દે ઉપદેશ આપનારા યુરોપિયન દેશોને આડે હાથ લીધા છે. નેધરલેન્ડની એક ચેનલને ઈન્ટરવ્યૂ આપતાં જયશંકરે કહ્યું કે, ભારતને પાર્ટનર એટલે કે સાથીદારોની જરૂર છે, નહીં કે ઉપદેશકોની. યુરોપિયન યુનિયન પહેલાં વાસ્તવિકતા પર નજર કરે અને બાદમાં અમને ઉપદેશ આપે. યુરોપની તકલીફો વિશ્વની સમસ્યા છે, પરંતુ વિશ્વની તમામ સમસ્યાઓ યુરોપની નથી. યુરોપ માને છે કે, જે તેનું છે તે તેનું જ છે અને અમારા પર પણ તેનો હક છે. ખરેખર યુરોપે પોતાની આ માનસિકતામાંથી બહાર આવવું જોઈએ.

ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલી મુદ્દે યુરોપિયન યુનિયનના વાઈસ પ્રેસિડન્ટ કાજા કલાસે તણાવ શાંતિથી ઉકેલવા અપીલ કરી હતી. જ્યારે બીજી બાજુ યુરિપિયન દેશ રશિયા-યુક્રેન યુદ્ધમાં યુક્રેનને સપોર્ટ કરી મોસ્કો માટે પડકારો ઉભા કરી રહ્યું છે. કિવને જરૂરી સૈન્ય અને આર્થિક સહાય આપી રહ્યું છે.

### યુનુસ રાજીનામું આપવાનું વિચારી રહ્યા છે

## બાંગ્લાદેશમાં રાજકીય સંકટ, યુનુસ રાજીનામું આપી શકે છે

। (એજન્સી) ઢાકા, તા.૨૩ ।

બાંગ્લાદેશ વધુ એક વખત રાજકીય સંકટ ઊભું થઈ રહ્યું છે. વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ હવે પોતાના પદ પરથી રાજીનામું આપવાનું વિચારી રહ્યા છે. તેમણે ઢાકામાં એડવાઈઝરી કાઉન્સિલની બેઠક દરમિયાન સ્પષ્ટપણે જણાવ્યું હતું કે વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં કામ કરવું તેમના માટે અશક્ય બનતું જાય છે. બાંગ્લાદેશમાં શેખ હસીની ચૂંટાયેલી લોકપ્રિય સરકારને ઉથલાવી દીધા બાદ યુનુસ વચગાળાની સરકારના વડા બન્યા હતા પરંતુ હવે દેશના કટ્ટરપંથીઓએ તેમને પણ વિવિધ મુદ્દે ઘેરી લીધા છે અને તેઓ સત્તા છોડી શકે છે. આ માત્ર એક વ્યક્તિગત નિર્ણય નથી પરંતુ તે બાંગ્લાદેશની આખી રાજકીય વ્યવસ્થાની નિષ્ફળતાને દર્શાવે છે, જ્યાં રાજકીય પક્ષો વચ્ચે ન્યૂનતમ સહમતી બનાવવી પણ મુશ્કેલ બની રહી છે. તેઓ પોતાને બંધક જેવું અનુભવે છે એ મતલબનું યુનુસનું આ નિવેદન બાંગ્લાદેશની અસ્થિરતા દર્શાવે છે. અગાઉ યુનુસ સરકારે અમેરિકા સાથે મળીને બાંગ્લાદેશ-મ્યાનમાર સરહદ પર માનવીય કોરિડોર સ્થાપવાની યોજના બનાવી હતી તેને કારણે પણ યુનુસ મુશ્કેલીમાં આવી ગયા હોવાનું સમજાય છે.

## સોની ફળિયામાં જેસીબીથી મિલકતના ડિમોલીશન સામે સ્થાનિકોનો ફરિયાદ

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરત પાલિકાના સેન્ટ્રલ ઝોનમાં સોની ફળિયા વિસ્તારમાં એક મિલ્કતને જેસીબી મશીનથી જોખમી રીતે તોડવામાં આવી રહી હોવાની ફરિયાદ બાદ ઝોને કામગીરી અટકાવી છે. જોકે, આ કામગીરી અટકી ગયાં બાદ સ્થાનિકો આ મિલકતમાં અશાંત ધારાનો ભંગ થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરી રહ્યાં છે. તો બીજી તરફ પાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે જોખમી રીતે થતું ડિમોલીશન અટકાવ્યું છે અને અશાંત ધારા કલેક્ટર કે પોલીસના કાર્યક્ષેત્રમાં આવે છે.

પાલિકાના સેન્ટ્રલ ઝોનમાં સોની ફળિયામાં દત્ત મંદિર નજીક એક ડેરીની બાજુમાં મિલ્કતનું ડિમોલીશન જેસીબી મશીનથી ચાલી રહ્યું હોવાની ફરિયાદ ઝોનને મળી હતી. જેમાં આ ડિમોલીશનના કારણે આવતા જતા લોકો અને મંદિરે આવતા ભક્તોના જીવ જોખમમાં હોય તેવું લાગે છે અને વાતાવરણ ખૂબ જ દુષિત થઈ રહ્યું છે તમામ ધૂળ અને કચરો હોવાથી મંદિરમાં પણ આવી રહ્યું છે તેવો ફરિયાદમાં ઉલ્લેખ હતો. ત્યારબાદ ઝોન દ્વારા તાત્કાલિક આ કામગીરી અટકાવી હતી. આ રીતે ડિમોલીશન થતું હોવાથી અકસ્માતનો ભય છે તેથી ફરિયાદ બાદ આ કામગીરી અટકાવી છે અને બ્રેકર મશીન અને મેન્યુઅલ કામગીરી કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

તો બીજી તરફ સ્થાનિક રહીશો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે આ વિસ્તારોમાં અશાંત ધારાનો અમલ છે પરંતુ આ મિલકત વિધર્મીને વેચી દેવામાં આવી છે અને તેઓ તોડી રહ્યા છે પાલિકા તંત્ર એ કહ્યું છે કે, જોખમી ડિમોલિશનની ફરિયાદ છે તેની સામે કામગીરી કરવામાં આવી છે. પરંતુ અશાંતધારાના કાયદાનો અમલ કલેક્ટર કે પોલીસ વિભાગના કાર્યક્ષેત્રમાં આવે છે.

## ૧ જૂનથી દૂધના ભાવમાં પ્રતિ કિલો. ફેટે રૂ. ૨૫નો વધારો કરવાનો નિર્ણય કરાયા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૩ ।

ગુજરાતમાં બનાસ ડેરીના પશુપાલકો માટે ખુશખબર સામે આવી છે. જેમાં આગામી ૧ જૂનથી દૂધના ભાવમાં પ્રતિ કિલો. ફેટે રૂ. ૨૫નો વધારો કરવાનો નિર્ણય કરાયો હોવાનું સામે આવ્યું છે. જો કે, કિલો. ફેટે દૂધના ભાવમાં વધારો કરવાને લઈને ગ્રાહકોને કોઈ અસર નહીં થાય, આમ ગ્રાહકો માટે દૂધના ભાવ યથાવત રહેશે. સમગ્ર મામલે બનાસ ડેરીના સણાદર ખાતેના કાર્યક્રમમાંથી ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જાહેરાત કરી છે. જેમાં દૂધના ભાવમાં પ્રતિ કિલો. ફેટે રૂ. ૨૫નો વધારો કરાયો છે, ત્યારે દર મહિને પશુપાલકોને વધારાના રૂ.૨૫ કરોડ મળે તેવો અંદાજ છે.

### ખેડૂત સીધા ગ્રાહકને પોતાનું ઉત્પાદન વેચી પોષણક્ષમ ભાવ મેળવે તેવો નવતર પ્રયાસ

# છોટાઉદેપુર જિલ્લા સેવા સદન ખાતે પ્રાકૃતિક રીતે ઉત્પાદિત કેસર કેરીનું વેચાણ કરાયું



। છોટાઉદેપુર, તા.૨૩ ।

છોટાઉદેપુર જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપી પ્રાકૃતિક કૃષિ કરવા માટે સઘન પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેમાં ખેડૂતો દ્વારા વિવિધ પાકોનું ઉત્પાદન કરી સારી એવી આવક મેળવતા થયા છે. જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદિત કેસર કેરીનું જિલ્લા સેવા સદન ખાતે વેચાણ કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડૂત સીધા ગ્રાહકને પોતાનું ઉત્પાદન વેચી પોષણક્ષમ ભાવ મેળવે તેવો નવતર પ્રયાસ હાથ ધારવામાં આવ્યો હતો. આ નવતર પ્રયાસ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ચુંધેલી ગામના ખેડૂત દ્વારા પ્રાકૃતિક રીતે ઉત્પાદિત કેસર કેરીનું વેચાણ કરવામાં આવ્યુ હતું.

### રાજુલામાં પાઇપલાઇનનો વિરોધ વકર્યો

# ૧૩ ગામના ખેડૂતોની અટકાયત કરાતા અન્નજળનો ત્યાગ કર્યો

### પ્રાપ્ત માહિતી અનુસાર રાજુલાના ધારેશ્વર ગામ નજીક ધાતરવડી ડેમ ૧ આવેલો છે તેમાં રાજુલા નગરપાલિકાની જૂની લાઇન નાંખેલી છે

। (એજન્સી) રાજુલા, તા.૨૩ ।

રાજુલા શહેરમાં પીવાના પાણી માટે નગરપાલિકા દ્વારા પાઈપ લાઈન નાખવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. ધાતરવડી ડેમ ૧માં જૂની પાઈપ લાઈન જર્જરિત થતાં નગરપાલિકાની દ્વારા નવી પાઈપ લાઈન નાખવામાં આવતા ખેડૂતોએ વિરોધ વ્યક્ત કર્યો છે.

ધાતરવડી ડેમ પાસે મોટી સંખ્યામાં ખેડૂતો એકઠા થયા હતા. ખેડૂતોએ જેસીબી પર ચઢીને કામ બંધ કરાવવાનો પ્રયત્ન કરતાં પોલીસ દ્વારા મોટી સંખ્યામાં ખેડૂતોની અટકાયત કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર રાજુલાના ધારેશ્વર ગામ નજીક ધાતરવડી ડેમ ૧ આવેલો છે. તેમાં રાજુલા નગરપાલિકાની જૂની લાઈન નાંખેલી છે. તે જર્જરિત થતાં રાજુલા શહેરમાં પીવાના પાણી માટે નવી પાઈપ લાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેનો ખેડૂતોનો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ખેડૂતોએ નવી પાઈપ લાઈનની કામગીરી અટકાવવા માટે જેસીબી પર ચઢી ગયા હતા. ખેડૂતોએ રોડ ઉપર રામધૂન બોલાવી 'જય જવાન જય કિસાન' ના નારા લગાવ્યા હતા. તો બીજી તરફ સ્થાનિક ખેડૂતોએ દંડવત કરતા કરતા કામ અટકાવવા માટે પહોંચી અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ તંત્રનો કાફલો ખડે પગે ઉભો છે. પોલીસે વિરોધ કરી રહેલા ૧૩ ગામના ખેડૂતોની અટકાયત કરી સાવરકુંડલા પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. કામગીરી બંધ કરવામાં નહીં આવે ત્યાં સુધી તમામ ખેડૂતો સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં કર્યો અન્ન જળનો ત્યાગ છે. ખેડૂતોએ આરોપ લગાવ્યો છે કે રાજુલાના નામે ખાનગી કંપની માટે પાણી લઈ જવાનું ષડયંત્ર છે. એટલું જ નહી ખેડૂતોએ માંગ કરી હતી કે જૂની લાઈન નાખેલી છે.

### ગુજરાત સહિત સમગ્ર ભારતમાં કોરોનાએ ફરી માથું ઉંચક્યું

# રાજકોટ સિવિલ હોસ્પિટલ કોરોના સામે લડવા માટે સંપૂર્ણપણે સજ્જ

### ઓક્સિજન, વેન્ટિલેટર સહિતની તમામ સુવિધાઓ ઉપ્લબ્ધ છે ઉપરાંત કોરોનાના દર્દી માટેની જરૂરી દવાઓ તથા પીપીઈ કીટ સહિતની વસ્તુઓનો જથ્થો પણ પૂરતા પ્રમાણમાં મેળવી લીધો

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।



ગુજરાત સહિત સમગ્ર ભારતમાં કોરોનાએ ફરી માથું ઉંચક્યું છે. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર પણ એલર્ટ બની ગયું છે. અમદાવાદમાં ગઈકાલે જ ૭ જેટલા કેસ નોંધાયા હતા. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલે કોરોનાના કેસોને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલાં લીધા છે. હોસ્પિટલમાં ૨૦ બેડનો આઈસોલેશન વોર્ડ તાત્કાલિક શરૂ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અમદાવાદમાં ગઈકાલે કોરોનાના ૭ કેસ નોંધાયા છે. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલ કોરોના સામે લડવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. આગમચેતીના ભાગરૂપે અમે ૨૦ બેડનો વોર્ડ તૈયાર રાખ્યો છે. જેમાં ઓક્સિજન, વેન્ટિલેટર સહિતની તમામ સુવિધાઓ ઉપ્લબ્ધ છે. ઉપરાંત કોરોનાના દર્દી માટેની જરૂરી દવાઓ તથા પીપીઈ કીટ સહિતની વસ્તુઓનો જથ્થો પણ પૂરતા પ્રમાણમાં મેળવી લીધો છે. અત્યારે જે રીતે કોરોનાની પરિસ્થિતિ છે. તેને જોતા કોઈ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર લાગતી નથી. જો દર્દીને વધારે પડતા લક્ષણો જણાય અને તે ગંભીર હાલતમાં હોય તો જ તેને દાખલ કરવાની જરૂર પડે છે. અન્યથા શરદી-ખાંસી જેવા લક્ષણો હોય તો દર્દી જાતે પોતાના ઘરે હોમ આઈસોલેશનમાં રહી શકે છે. અમારી પાસે પણ એટલી સગવડ છે, કે જો દર્દી ઘરે આઈસોલેટ ન રહી શકતો હોય તો એને હોસ્પિટલમાં રાખી શકીએ છીએ. અમારી પાસે બીજા ૩ વોર્ડ છે. જેમાં ૨૦૦ બેડ છે. આમ તાત્કાલીક ધોરણે સુવિધા વધારવી પડે એના માટે પણ અમે તૈયાર છીએ.

અત્યારે દર્દીઓમાં સામાન્ય રીતે શરદી-ખાંસીના લક્ષણો જોવા મળી રહ્યા છે. જેને સીઝનલ ફલુ કહી શકાય તેમ છે. ફરી એકવાર કોરોનાએ દેખા દીધી છે, તેનાથી કોઈએ ગભરાવાની જરૂર નથી. કોરોના આપણા માટે કઈ નવો નથી. પરંતુ સામાન્ય રીતે આપણને જે રીતે શરદી-ઉધરસ થાય તો ઘરમાં આઈસોલેટ રહેવું જોઈએ.

## સરકારી અનાજને બારોબાર સગેવગે કરનારો આરોપી ઝડપાયો

। (એજન્સી) ખેડા,તા.૨૩ ।

ગુજરાતમાં સરકારી અનાજના ગેરકાયદેસર વેપારની ઘટનાઓ વધી રહી છે. ગુજરાતમાં આરોપી તત્ત્વો સરકારી અનાજનો ગેરકાયદેસર વેપાર કરતા હોવાનું અવારનવાર સામે આવે છે. ખેડા જિલ્લામાં એવા કાવતરા પર પ્રકાશ પડ્યો છે. જેમાં સરકારી વિતરણ માટેના અનાજના જથ્થાને બારોબાર સગેવગે કરનારો આરોપી ઝડપાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર,ખેડાના વસોની ખાનગી દુકાનમાંથી અનાજનો જથ્થો સરકારી બારદાનમાં ભરી અલીન્દ્રા રાઈસ મિલમાં લઈ જવાતો હતો. સરકારી અનાજના અંદાજે ૨૦ કટ્ટા ભરેલા બારદાનમાં ઝડપાયા છે. ત્યારે નાયબ મામલતદાર અને તેમના સ્ટાફે ત્વરિત કાર્યવાહી કરતાં અનાજનો આખો જથ્થો સીઝ કર્યો હતો. સામાજિક કાર્યકરને ટેમ્પોમાં લઈ જવાતો સરકારી અનાજનો જથ્થો શંકાસ્પદ લાગતા પુરવઠા અધિકારીને સ્થળ પર બોલાવ્યા હતા.જેમાં નાયબ મામલતદારે બાજરીના અનાજનો જથ્થો જપ્ત કર્યો હતો. અનાજનું સેમ્પલ લઈને પંચનામુ કરવામાં આવ્યું હતું.

## સરદારનગર વિસ્તારમાં દુકાનદાર અને ગ્રાહક વચ્ચે મારામારી થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

કોઈપણ ચીજવસ્તુની ખરીદી બાદ જો તેમાં ખામી સર્જાય તો ગ્રાહકને ઘણી બધી તકલીફોનો સામનો કરવો પડતો હોય છે. દુકાનદારો દ્વારા ગ્રાહકોને કંપનીમાં ફોન કરો અથવા તો કોલ સેન્ટરમાં વાત કરો એવી સલાહ આપવામાં આવે છે. અમદાવાદના સરદારનગર વિસ્તારમાં દુકાનદાર અને ગ્રાહક વચ્ચે મારામારી થઈ હતી. એર કુલરમાં ખામી સર્જાતા તેને બદલાવવા માટે ગ્રાહક દુકાનદાર પાસે આવ્યો હતો. દુકાનદારે ગ્રાહકને કંપનીમાં ફોન કરવાનું કહેતા જ મામલો બિચક્યો હતો અને મારામારી શરૂ થઈ હતી. દુકાનદારે પાંચ લોકો સામે પોલીસ ફરિયાદ કરી. અમદાવાદના સરદારનગરમાં કુલર ખરીદ્યા બાદ તેમાં ખામી સર્જાતા ગ્રાહક દુકાનદાર પાસે કૂલર બદલાવવા માટે આવ્યો હતો. ત્યાર બાદ દુકાનદારે ગ્રાહકને કંપનીમાં ફોન કરીને વાત કરવાનું કહેતા ગ્રાહક ઉશ્કેરાયો હતો અને દુકાનદાર સાથે મારામારી કરી હતી. ગ્રાહક તેના મિત્રો સાથે દુકાનદારને લાકડીથી ફટકાર્યો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. દુકાનદારે પાંચ લોકો સામે પોલીસ ફરિયાદ કરી હતી. ગ્રાહક અને દુકાનદાર વચ્ચેની મારામારીમાં દુકાનદારની સોનાની ચેન તૂટી ગઈ હતી. દુકાનદાર સમીર ગુહાનીએ રાજેશ હિતેશ ગટુ સહિત પાંચ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. શહેરમાં ગ્રાહકો અને દુકાનદારો સાથે આ પ્રકારની બબાલની અનેક ઘટનાઓ બને છે. વસ્તુ ખરીદ્યા બાદ ગ્રાહકને સીધો જ કંપની સાથે વાત કરવા સલાહ અપાય છે જેના કારણે સંઘર્ષ વધે છે.

### લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે તે કહેવત ફરીથી સાર્થક થઈ

# નિવૃત્ત બેન્ક મેનેજર સાઇબર ફ્રોડનો ભોગ બન્યા, રૂ. ૧.૪૦ કરોડની છેતરપિંડી

### અજાણ્યા મોબાઇલ નંબરના સંપર્કમાં તે છેતરાયા હતા પાંચ મોબાઇલ નંબર ત્રણ બેન્ક ખાતા સામે ફરિયાદ નોંધાવી છે

। (એજન્સી) મહેસાણા, તા.૨૩ ।

સાઈબર ફ્રોડ હવે મોટા શહેરો પૂરતો જ સીમિત નથી. તે દેશના નાના શહેરો સુધી પણ પહોંચી ગયો છે. મહેસાણા શહેરમાં વિજાપુર તાલુકામાં આનંદપુરા-કુકરવાડામાં નિવૃત્ત બેન્ક મેનેજર સાઈબર ફ્રોડનો ભોગ બન્યા છે. તેથી લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે તે કહેવત ફરીથી સાર્થક થઈ છે. આ નિવૃત્ત મેનેજર ફેસબૂકમાં ફ્રી સિબિલ સ્કોર જોવા ગયા હતા. સિબિલ સ્કોર જોવા જતાં તે ઠગ ટોળકીના સાણસામાં સપડાયા હતા. SMC and Auramax નામની ઠગ કંપનીના સાણસામાં તે સપડાયા હતા. તેમા બેન્ક મેનેજરે ૧.૪૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ગુમાવી હતી. અજાણ્યા મોબાઈલ નંબરના સંપર્કમાં તે છેતરાયા હતા. પાંચ મોબાઈલ નંબર ત્રણ બેન્ક ખાતા સામે ફરિયાદ નોંધાવી છે. તેમણે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આનંદપુરાના બાબુભાઈ પટેલ ઈન્ડિયન ઓવરસીઝ બેન્કમાંથી નિવૃત્ત થયા હતા. તે ૧૭ એપ્રિલ ૨૦૨૫ના રોજ ફેસબૂક જોતા હતા. તે સમયે તેમણે એક એડમાં ક્લિક કરી તેમા મંગાવવામાં આવેલી વિગતો ભરી હતી. તેમા આધારકાર્ડ અને પાન કાર્ડની માહિતી હતી. તેના પછી બીજા દિવસે એક મહિલાએ તેમને SMC ઓરામેક્સ કંપનીમાંથી બોલું છે તેમ કહી ફોન આવ્યો હતો. તેના પછી તેમને વોટ્સએપ ગ્રુપમાં એડ થવા લિંક મોકલી હતી. તેના દ્વારા તેઓ ગ્રુપમાં જોઈને થયા હતા. તેના પછી SMC Aura Max એપ ડાઉનલોડ કરાવી હતી. SMC Aura Max નામની એપ ડાઉનલોડ કર્યા પછી, રીતુ વોહરા નામની એક મહિલાએ બંધન, ICICI સહિતના બેંક ખાતા નંબરો સાથે એક પત્ર મોકલ્યો અને કહ્યું કે જો કોઈ રોકાણ કરવા માંગે છે તો આ બેંક ખાતાઓમાં પૈસા જમા કરાવવા પડશે અને નફો એપમાં દેખાશે.

### વધુ વીજ બિલ આવ્યું હોવાનો ચોંકાવાનારો કિસ્સો

# સ્માર્ટ મીટરમાં આવ્યું ૬.૨૯ લાખનું બિલ, મકાન માલિકના હોશ ઉડ્યા

### આ મામલે રજૂઆત કરતા મહિલા અધિકારીએ જણાવ્યું હતું કે, આ બિલ સિસ્ટમ દ્વારા બનાવવામાં આવ્યું છે અને અમારી કોઈ ભૂલ નથી

। (એજન્સી) અંકલેશ્વર, તા.૨૩ ।

ગુજરાતમાં સ્માર્ટ મીટર લગાવવાની શરૂઆત કરતાની સાથે જ લોકોનો વિરોધ શરૂ થયો હતો. સ્માર્ટ મીટરનું બિલ વધુ આવતુ હોવાથી લોકો તેનો વિરોધ કર્યો હતો. રાજ્યમાં DGVCL દ્વારા સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી સામે વિરોધના વંટોળ વચ્ચે અંકલેશ્વરમાંથી વધુ વીજ બિલ આવ્યું હોવાનો ચોંકાવાનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, અંક્લેશ્વર શહેરના સી માસ્ટર કમ્પાઉન્ડમાં રહેતા અને સામાન્ય પરિવારના પટેલ ઝુલેખા મોહમ્મદના મકાનમાં દક્ષિણ ગુજરાત વીજ નિગમ દ્વારા સ્માર્ટ મીટર બેસાડવામાં આવ્યું હતું. જોકે, ગતરોજ રાત્રીના સમયે DGVCL દ્વારા વીજ ગ્રાહકને મોબાઈલમાં મેસેજ મારફતે જે બિલ મોકલવામાં આવ્યું હતું. તે બિલની રકમ રૂ. ૬.૨૯ લાખ જોતાં જ મકાન માલિકના હોશ ઉડી ગયા હતા.

મકાન માલિકે જણાવ્યુ હતું કે, આટલી મોટી રકમ જોઈને મને એકદમ જ જણજણાટી પહોંચી હતી. ત્યારબાદ આજરોજ સવારે દક્ષિણ ગુજરાત વીજ નિગમ લિમિટેડની નવી કચેરી ખાતે પહોંચી હતી. આ મામલે રજૂઆત કરતા મહિલા અધિકારીએ જણાવ્યું હતું કે, આ બિલ સિસ્ટમ દ્વારા બનાવવામાં આવ્યું છે અને અમારી કોઈ ભૂલ નથી. પરંતુ સિસ્ટમની ભૂલના કારણે આટલું મોટું બિલ સામાન્ય માણસને આવતા જ પ્રશ્નો ઉભો થાય છે કે, સિસ્ટમ કામ કરે છે કે માનવી કામ કરે છે. સમગ્ર ગુજરાતમાં સ્માર્ટ મીટરનો વિરોધ જોવા મળી રહ્યો છે. જે સંદર્ભમાં વધુ એકવાર આટલું મોટું બિલ આવતા લોકોમાં ગભરાટ ફેલાયો છે.

**વિશેષ**

### ગેસ ગ્રીડ, વોટર ગ્રીડ અને ઈલેક્ટ્રિસિટી ગ્રીડથી સજ્જ ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રિ-નેટવર્ક ૨૦૨૫નો શુભારંભ કરાવ્યો

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં RE-NETWORK 2025(રિ-નેટવર્ક ૨૦૨૫)નો પ્રારંભ કરાવ્યો હતો. વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. RE-NETWORK ૨૦૨૫(રિ-નેટવર્ક ૨૦૨૫)ના શુભારંભ પ્રસંગે ભારતીય સેનાને 'ઓપરેશન સિંદૂર'ની સફળતાની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આંતરિક અને સરહદી સુરક્ષાની સાથે સાથે વિકાસની રાજનીતિ થકી નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ન્યૂ એજ રિન્યુએબલ એનર્જી પર હંમેશાં ભાર મૂક્યો છે. જ્યારે દેશ-દુનિયા રિન્યુએબલ એનર્જી અને ગ્રીન ક્લીન એનર્જીની વાતો કરતી હતી ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચારણકા ખાતે એશિયાનો સૌથી મોટો સોલર પ્લાન્ટ શરૂ કરાવીને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતો પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા દર્શાવી હતી, એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

'ધ ફ્યુચર ટુગેધર' થીમ સાથે યોજાઈ રહેલો RE-NETWORK 2025 (રિ-નેટવર્ક ૨૦૨૫) એક્સ્પો વડાપ્રધાનશ્રીની રિન્યુએબલ એનર્જી પ્રત્યેની પ્રતિબદ્ધતામાં સુર પુરાવતો કાર્યક્રમ છે, એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આવાં આયોજનો રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ મંત્ર'ને સાર્થક કરે છે. સોલાર, વિન્ડ, બાયોમાસ, ગ્રીન હાઈડ્રોજન અને એનર્જી સ્ટોરેજમાં નવી ટેકનોલોજી સાથે એડવાન્સમેન્ટ માટેનો ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઈન્ડસ્ટ્રીઝ (GFSI)નો નવતર અભિગમ પ્રશંસનીય છે.



શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્યમાં થયેલા વિકાસ સંદર્ભે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૦૧માં મુખ્યમંત્રી તરીકે દાયિત્વ સાંભળ્યા બાદ શ્રી નરેન્દ્રભાઈએ દૂરંદેશી નેતૃત્વ થકી વિવિધ પડકારોનો સામનો કરીને રાજ્યને વિકાસના માર્ગે પ્રશસ્ત કર્યું હતું. રાજ્યમાં પાવર સેક્ટરને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે તેમણે 'જ્યોતિગ્રામ યોજના' શરૂ કરાવી હતી. નાગરિકોને ૨૪ કલાક વીજળી પૂરી પડતી આ યોજનાની સફળતાના પગલે આજે દેશભરમાં 'દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના' અમલી બની છે. આ સંદર્ભે વધુમાં વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૦૧માં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા ૮૭૫૦ મેગા વોટ હતી, જે અત્યારે ૫૩,૦૦૦ મેગાવોટ થઈ છે. રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતાના ૫૫% ક્ષમતા રિન્યુએબલ એનર્જી પૂરા પાડે છે. મોઢેરા દેશનું સૌપ્રથમ સોલાર વિલેજ બન્યું છે. ગુજરાત દેશનું એકમાત્ર એવું રાજ્ય છે જે ગેસ ગ્રીડ, વોટર ગ્રીડ અને ઈલેક્ટ્રીસિટી ગ્રીડથી સજ્જ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ૨૦૦૯માં રાજ્યએ દેશની સૌપ્રથમ સૌર ઊર્જા નીતિ રજૂ કરી હતી. એ જ તર્જ પર સમયાંતરે જરૂરી સુધારા સાથે આગળ વધતા રાજ્યમાં નવી રિન્યુએબલ એનર્જી પોલીસી ૨૦૨૩ પણ બનાવવામાં આવી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે શરૂ કરવામાં આવેલા વિવિધ પ્રકલ્પો વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈએ ક્લાયમેટ ચેન્જ વિભાગની શરૂઆત કરાવીને વિશ્વ આખાનું ધ્યાન ખેંચ્યું હતું. વર્ષ ૨૦૭૦ સુધીમાં ભારતને નેટ ઝીરો કાર્બન એમિશન દેશ બનાવવાનો તેમનો સંકલ્પ છે. આ સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાત પણ ૨૦૭૦ પહેલા નેટ ઝીરો કાર્બન એમિશન રાજ્ય બનવા પ્રતિબદ્ધ છે. આજે પીએમ સૂર્યઘર યોજના અંતર્ગત રાજ્યમાં ૩.૩૬ લાખ ઘરો સોલાર રૂફટોપ થી સજ્જ છે. દેશભરમાં સોલાર રૂફટોપ બાબતે ગુજરાત ટોચ પર છે, એમ તેમણે ઉમેર્યું હતું. સાથે જ, મુખ્યમંત્રીશ્રીએ આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસના અવસર પર વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં શરૂ કરવામાં આવેલા 'એક પેડ માં કે નામ' અને 'કેચ ધ રેન' અભિયાનોનો પણ ઉલ્લેખ કર્યો હતો. ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઈન્ડસ્ટ્રીઝ(GFSI)ના પ્રમુખ કિશોરસિંહ ઝાલાએ આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિવિધ સ્ટેકહોલ્ડર્સને સાથે લાવીને આ નવીન ક્ષેત્રે ઈકોસિસ્ટમને મજબૂત કરવાની દિશામાં આ ઈવેન્ટ ખૂબ મહત્ત્વની સાબિત થશે. પીએમ સૂર્ય ઘર યોજના જેવી યોજનાઓ દ્વારા આજે લોકો રિન્યુએબલ એનર્જી સાથે જોડાઈ રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસીય એક્સપોમાં ૧૨૦થી વધુ એક્ઝિબિટર્સ, ૧૫થી વધુ વક્તાઓ સહિત ૨૫૦૦૦થી વધુ લોકો સામેલ થશે. RE-NETWORK 2025 (રિ-નેટવર્ક ૨૦૨૫) પ્રસંગે ધ્રાંગધ્રાના ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરા, એનર્જી અને પેટ્રોકેમિકલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એસ.જે. હૈદર, ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઈન્ડસ્ટ્રીઝ(GFSI)ના એક્ઝિક્યુટિવ મેમ્બર શ્રી દિવ્યેશ સાવલિયા અને અન્ય પદાધિકારીઓ, કાર્યક્રમની વિવિધ કમિટીના ચેરમેન અને સભ્યો, સ્પોન્સર્સ, એક્ઝિબિટર્સ, ઉદ્યોગસાહસિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાઇઝિંગ નોર્થ ઇસ્ટ ઇન્વેસ્ટર્સ સમિટ દરમિયાન હાજર રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### જ્વેલ થીફની અભિનેત્રી નિકિતા દત્તાને કોરોના

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

ફરી એકવાર, ભારતમાં કોરોના વાઈરસના કેસ વધી રહ્યા છે. દરરોજ ઘણાં લોકો આ વાઈરસથી પ્રભાવિત થઈ રહ્યા છે, જેની અસર હવે બોલિવૂડમાં પણ જોવા મળી રહી છે. તાજેતરમાં શિલ્પા શિરોડકર કોરોના પોઝિટિવ હોવાના સમાચાર આવ્યા હતા. એવામાં હવે નિકિતા દત્તા પણ કોરોના પોઝિટિવ આવી છે. હાલમાં, નિકિતા અને તેના મમ્મી ઘરે ક્વોરેન્ટાઈન છે. અભિનેત્રીએ સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેના આગામી પ્રોજેક્ટ્સ મુલતવી રાખ્યા છે. નિકિતાએ પોતે આ માહિતી તેના સોશિયલ મીડિયા દ્વારા તેના ફેન્સ સાથે શેર કરી હતી. નિકિતાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી છે જેમાં તેણે જણાવ્યું છે કે, હું અને મારા મમ્મી કોરોનાથી સંક્રમિત થયા છે. તેણે મજાકમાં લખ્યું, કોવિડ મને અને મારી મમ્મીને હેલો કહેવા આવ્યો છે. આશા છે કે આ બિનઆમંત્રિત મહેમાન લાંબા સમય સુધી નહીં રહે. થોડા દિવસના ક્વોરેન્ટાઈન પછી આપણે ફરી મળીશું અને બધાને સુરક્ષિત રહો.

### એક જ સ્ટેજ પર હિન્દુ અને મુસ્લિમની લગ્નવિધી પાર પડી



। (એજન્સી) પુણે, તા.૨૩ ।

ધર્મના નામે વિભાજીત કરવાનાં નફરતી માહોલ વચ્ચે પુણેમાં કોમી એખલાસની મિસાલ આપતી ઘટનામાં ભારે વરસાદને લીધે હિન્દુ લગ્ન વિધિમાં વિઘ્ન આવતાં મુસ્લિમ પરિવારે તેમના વલિમાના (રિસેપ્શન) સ્થળને સત્પદિ માટે ઓફર કર્યું હતું. આમ હવામાનમાં પલટો આવતાં આંતરધર્મિયો વચ્ચે મનમેળની અનોખી પળ નિર્માણ થઈ હતી. આવું ભારતમાં જ શક્ય છે એવું પરિવારનું કહેવું છે. હિન્દુ પરિવારના લગ્નસ્થળે અચાનક વરસાદ પડતાં મુસ્લિમ પરિવારે ઈનડોર હોલમાં જગ્યા કરી આપી હતી. નવવધૂના અંકલ સંજય કાવડેએ આપેલી માહિતી પ્રમાણે વરસાદના કારણે વાના વાડીમાં સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ) પાસે આવેલી અલંકારન લોનમાં હિન્દુ લગ્નવિધિ ખોરવાઈ હતી. સંસ્કૃતિ કવાડે નામની યુવતી અને નરેન્દ્ર ગાલાંડે નામના યુવકના લગ્ન આઉટડોરમાં કરવાની તૈયારી થઈ ગઈ હતી ત્યાં ઓચિંતો ભારે વરસાદ વરસ્યો હતો. જેના કારણે આમંત્રિતો આમતેમ નાસવા લાગ્યા હતા.

### મેડિકલ કોલેજમાં એડમિશન લેતા પહેલાં માન્યતા ચકાસી લેવી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

મેડિકલ, ડેન્ટલ સહિતના કોર્સમાં પ્રવેશ માટે લેવાયેલી NEET(NATIONAL ELIGIBILITY CUM ENTRANCE TEST)નું પરિણામ જાહેર થયા બાદ મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરુ કરવામાં આવશે. આ પ્રવેશ પ્રક્રિયા પહેલા વિદ્યાર્થીઓ-વાલીઓ ગેરમાર્ગે દોરાઈને કોઈ અમાન્ય સંસ્થામાં પ્રવેશ ન મેળવે તે માટે ખાસ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઈઝરીમાં રાજસ્થાનની યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતી એક મેડિકલ કૉલેજનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નેશનલ મેડિકલ કમિશન દ્વારા જાહેર કરાયેલી એડવાઈઝરી મુજબ, સિંઘાનિયા યુનિવર્સિટી દ્વારા ઓફર કરવામાં આવતાં MBBSના કોર્સને કમિશનની મંજૂરી ન મળી હોવાના કારણે વિવાદ થયો હતો. હાલ આ મુદ્દે કોર્ટમાં કાયદાકીય કાર્યવાહી પણ ચાલી રહી છે. આ સ્થિતિમાં તાકીદ કરવામાં આવી છે કે, કોઈ વિદ્યાર્થીઓએ આ પ્રકારની યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં MBBSના કોર્સમાં પ્રવેશ લેવો નહીં.

### નીતા અંબાણીની મોટી જાહેરાત

# ન્યૂ યોર્ક શહેરમાં યોજશે ભવ્ય 'ઈન્ડિયા વીકેન્ડ'

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC) વીકેન્ડનું આયોજન ૧૨ થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન ન્યૂ યોર્કના પ્રતિષ્ઠિત લિંકન સેન્ટર ખાતે કરવામાં આવનાર છે. આ ત્રણ દિવસીય સાંસ્કૃતિક ઉત્સવ રિલાયન્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ અને સામાજિક કાર્યકર નીતા અંબાણીના નેતૃત્વ હેઠળ યોજાઈ રહ્યો છે. તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારતીય કલા, સંગીત, નૃત્ય, ફેશન અને હસ્તકલાનું પ્રદર્શન કરવાનો છે. આ કાર્યક્રમ NMACC (નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર) નું ઈન્ટરનેશનલ ડેબ્યુ કરશે. વર્ષ ૨૦૨૩ માં મુંબઈમાં શરૂ કરવામાં આવેલ આ સેન્ટરને સાંસ્કૃતિક કેન્દ્રના હબ તરીકે વિકસાવવામાં આવ્યું




છે. ન્યૂ યોર્કમાં ધ મેટ અને સિડની ઓપેરા હાઉસ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પ્રેરણા લઈને, નીતા અંબાણીએ તેને વાસ્તવિકતા બનાવવામાં એક દાયકાથી વધુ સમય વિતાવ્યો. આ કેન્દ્ર પરંપરાગત નૃત્ય અને સંગીતથી લઈને આંતરરાષ્ટ્રીય દ્રશ્ય કલા પ્રદર્શનો સુધી, દરેક સ્વરૂપમાં ભારતની કલા અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે. NMACC વીકેન્ડના ન્યૂ યોર્ક સંસ્કરણની શરૂઆત ગ્રાન્ડ વેલકમ સાથે થશે, જે ફક્ત આમંત્રિત મહેમાનો માટે જ હશે. તેમાં ડિઝાઈનર મનીષ મલ્હોત્રા દ્વારા તૈયાર કરાયેલ સ્વદેશ ફેશન રજૂ કરવામાં આવશે. જે ભારતના વિવિધ કપડાં શૈલીઓનું પ્રદર્શન કરશે. આ સાથે ફેમસ શેફ અને મિશેલિન સ્ટાર એવોર્ડ વિજેતા વિકાસ ખન્ના દ્વારા તૈયાર કરાયેલ પ્રાદેશિક અને પારંપરિક ભારતીય ભોજન પીરસવામાં આવશે. આ કાર્યક્રમમાં સંગીતના દિગ્ગજ કલાકારો શંકર મહાદેવન, શ્રેયા ઘોષાલ અને શાસ્ત્રીય સંગીતકાર ઋષભ શર્મા ભાગ લેશે, જેઓ તેમના અદ્ભુત પ્રદર્શનથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરશે. વધુમાં, NMACC નું મુખ્ય નિર્માણ "ધ ગ્રેટ ઈન્ડિયન મ્યુઝિકલ: સિવિલાઈઝેશન ટુ નેશન" પણ લિંકન સેન્ટર ખાતે તેનું આંતરરાષ્ટ્રીય પ્રીમિયર કરશે. ફિરોઝ અબ્બાસ ખાન દ્વારા દિગ્દર્શિત, આ ભવ્ય સંગીતમય સંગીત, નૃત્ય અને અદભુત સ્ટેજ સેટિંગ્સ દ્વારા ભારતની ૭,૦૦૦ વર્ષની સાંસ્કૃતિક યાત્રાને જીવંત કરશે. ટિકિટવાળા કાર્યક્રમો ઉપરાંત, ડેમરોશ પાર્કને એક સાંસ્કૃતિક કેન્દ્રમાં પણ પરિવર્તિત કરવામાં આવશે જ્યાં જાહેર જનતા વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈ શકશે. સવારની શરૂઆત એડી સ્ટર્ન સાથે યોગ સત્રથી થશે. આ પછી ક્રિકેટ પર પેનલ ચર્ચા, શ્યામક દાવર સાથે બોલિવૂડ ડાન્સ વર્કશોપ અને ભારતભરના કારીગરો દ્વારા કલાકૃતિઓનું પ્રદર્શન કરતું સ્વદેશ માર્કેટપ્લેસ યોજાશે. નીતા અંબાણીએ કહ્યું, "સંસ્કૃતિ લોકોને જોડે છે, તેમની વચ્ચે સમજણ અને સંવેદનશીલતા વધારે છે.

# મોહમ્મદ શમી BCCIની મેડિકલ ટીમને મનાવવામાં નિષ્ફળ ગયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમવા જઈ રહી છે. IPL 2025 પછી ભારતીય ટીમે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાનો છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ આગામી ટેસ્ટ સીરિઝ પહેલા નિવૃત્તિની જાહેરાત કરી છે. એવામાં ભારતીય ટીમ પહેલા કરતા નબળી પડી ગઈ છે. હવે ભારતના અનુભવી બોલર મોહમ્મદ શમી વિશે ખરાબ સમાચાર આવી રહ્યા છે. આ ભારત માટે પણ મોટો આંચકો બની શકે છે. અહેવાલ મુજબ, અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમી BCCIની મેડિકલ ટીમને મનાવવામાં નિષ્ફળ ગયો છે. પસંદગીકારોને મોહમ્મદ શમીની સર્જરી બાદ તેની ફિટનેસમાં ઘટાડો થવા વિશે જણાવવામાં આવ્યું છે. પસંદગીકારોને મોહમ્મદ શમીની ફિટનેસ પર શંકા છે અને તેઓ આશ્ચર્યચકિત છે કે શું આ અનુભવી ખેલાડી ઈંગ્લેન્ડમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકશે કારણ કે લાંબા સ્પેલ ફેંકવાની તેની ક્ષમતા પર પ્રશ્નાર્થ છે. અહેવાલો અનુસાર પસંદગીકારો ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ઝડપી બોલર અર્શદીપ સિંહ અને અંશુલ કંબોજ પર નજર રાખી રહ્યા છે.

### સુપ્રીમ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપતાં કહ્યું

# મેટરનિટી લીવ એ મહિલાઓનો અધિકાર, કંપની ઈનકાર ન કરશે

### સુપ્રીમ કોર્ટે તમિલનાડુની એક સરકારી મહિલા કર્મચારીની અરજી પર આ નિર્દેશ આપ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે મેટરનિટી લીવ મુદ્દે મહિલાઓ માટે મહત્ત્વનો ચુકાદો આપતાં કહ્યું છે કે, મેટરનિટી લીવ પ્રત્યેક મહિલાનો મહિલાના પ્રસૂતિ લાભો અને પ્રજનન અધિકારોનો મહત્વનો ભાગ છે. જે તેનો મૂળભૂત હક છે. તેને અવગણી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે તમિલનાડુની એક સરકારી મહિલા કર્મચારીની અરજી પર આ નિર્દેશ આપ્યો હતો. તમિલનાડુની એક સરકારી મહિલા કર્મચારીને તેના બીજા લગ્ન થકી પ્રેગનન્સી દરમિયાન એટલા માટે મેટરનિટી લીવ આપવામાં ન આવી હતી કારણકે, તેના પહેલા લગ્ન થકી બે બાળકો હતાં. તમિલનાડુ સરકારે



તેની મેટરનિટી લીવ એટલા માટે રિજેક્ટ કરી કે, પહેલાં બે બાળકોના જન્મ પર જ મેટરનિટી લીવ મળે છે. મહિલાએ અપીલ કરી હતી કે, પહેલા લગ્નમાં બાળકોના જન્મ સમયે મેટરનિટી લીવનો લાભ લીધો ન હતો. બીજા લગ્ન બાદ તેને સરકારી શાળામાં નોકરી મળી હતી. સુપ્રીમે ચુકાદો આપ્યો કે, મેટરનિટી લીવ માતૃત્વ સુવિધા નિયમોનું અભિન્ન અંગ છે. તે મૂળભૂત હક છે. કોઈપણ સંસ્થા મેટરનિટી લીવના હકથી કોઈપણ મહિલાને વંચિત રાખી શકે નહીં. સુપ્રીમ કોર્ટે ૨૦૧૭માં માતૃત્વ લાભ અધિનિયમમાં સંશોધન કરી મેટરનિટી લીવ ૧૨ સપ્તાહથી વધારી ૨૬ સપ્તાહ કરી હતી. તમામ મહિલા કર્મચારીઓને પહેલા અને બીજા બાળકના જન્મ માટે મેટરનિટી લીવ મળે છે. બાળક દત્તક લેતી મહિલાને પણ ૧૨ સપ્તાહની મેટરનિટી લીવ મળે છે. ઉલ્લેખનીય છે, સુપ્રીમ કોર્ટે અનેક મામલામાં મેટરનિટી લીવના હક પર ભાર મૂક્યો છે. એક કેસમાં કહ્યું હતું કે, મેટરનિટી લીવ તમામ મહિલા કર્મચારીઓનો મૌલિક હક છે. સરકારી હોય કે ખાનગી તમામ નોકરીમાં આ હક મળવો જોઈએ.

### ૭૨૦૦ પરીક્ષણ પૂરા, યુદ્ધના ધોરણે કામગીરી

# ઈસરોએ વર્ષ ૨૦૨૫ને ગગનયાન વર્ષ જાહેર કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના પ્રમુખ વી. નારાયણને ૨૦૨૫ને ગગનયાન વર્ષ જાહેર કરતા તેને ઈસરો માટે ખૂબ જ મહત્ત્વનું વર્ષ જણાવ્યું. નારાયણને કહ્યું કે, અત્યાર સુધી ૭૨૦૦ પરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યા છે અને આશરે ૩૦૦૦ પરીક્ષણ હજુ બાકી છે. હાલ દિવસ-રાત યુદ્ધના ધોરણે ગગનયાન કાર્યક્રમની તૈયારી ચાલી રહી છે. ગગનયાન કાર્યક્રમને ડિસેમ્બર, ૨૦૧૮માં મંજૂરી આપી હતી, જેનો હેતુ ભારતને માનવ અંતરિક્ષ ઉડાન ક્ષમતા પ્રદાન કરવાનો છે. આ કાર્યક્રમ હેઠળ માણસોને પૃથ્વીની નીચલી કક્ષામાં મોકલવામાં આવશે અને લાંબાગાળાના માનવ અંતરિક્ષ સંશોધન માટે જરૂરી ટેક્નોલોજીને વિકસિત કરવામાં આવશે.' વી. નારાયણને કોલકાતામાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન કહ્યું, આ વર્ષ અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. અમે તેને ગગનયાન વર્ષ જાહેર કરીએ છીએ.



માણસોને મોકલતા પહેલાં ત્રણ માનવ રહિત મશીનની યોજના બનાવવામાં આવી છે, જેમાંથી પહેલું મિશન આ વર્ષે ડિસેમ્બરમાં લૉન્ચ થશે. ઈસરોએ અત્યાર સુધી ૭૨૦૦થી વધારે ટેસ્ટ પૂરા કર્યા છે અને લગભગ ૩ હજાર પરીક્ષણ હજુ બાકી છે અને કામ ૨૪ કલાક ચાલી રહ્યું છે. ઈસરો પ્રમુખે હાલમાં જ પૂરા થયેલા SpaDeX મશીનના વખાણ કર્યા. તેમણે જણાવ્યું કે, આ ટેક્નોલોજી પ્રદર્શન મિશન માટે ફક્ત ૧૦ કિલો ઈંધણ નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ, આ મિશન ફક્ત ૫ કિલો ઈંધણમાં જ સફળતાપૂર્વક પૂરૂ કરી દેવામાં આવ્યું, જેનાથી બાકી વધેલા ઈંધણનો ઉપયોગ આગામી પ્રયોગો માટે કરવામાં આવી શકે. ઈસરોની વેબસાઈટ અનુસાર, SpaDeX એક વાજબી ટેક્નોલોજીકલ પ્રદર્શન મિશન રહ્યું, જેમાં બે નાના સેટેલાઈટને PSLVથી પ્રોજેક્ટ કરી અંતરિક્ષમાં ડૉકિંગ ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ વિશે વધુ વાત કરતા વી. નારાયણને કહ્યું કે, ૨૦૨૫માં અનેક મહત્ત્વના મિશનની યોજના બનાવવામાં આવી છે. જેમાં NASA-ISRO સિંથેટિક અપર્ચર રડાર સેટેલાઈટ પણ સામે છે, જેને ભારતના સ્વદેશી લૉન્ચ વાહનથી લૉન્ચ કરવામાં આવશે. આ સિવાય એક કોમર્શિયલ મિશન અને સંચાર સેટેલાઈટ પણ આ વર્ષના કાર્યક્રમમાં સામેલ છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધી વ્યોમમિત્ર નામના માનવ જેવા રોબોટ સાથે પહેલું માનવ રહિત મિશન લૉન્ચ કરવામાં આવશે. ત્યારબાદ બે અન્ય માનવ રહિત મિશન થશે. આ વિશે ઈસરો પ્રમુખે પત્રકારોને જણાવ્યું કે, આ વર્ષે લગભગ દર વર્ષે એક લૉન્ચ નક્કી છે. વર્ષના અંત સુધી પહેલું માનવ રહિત મિશન વ્યોમમિત્ર લૉન્ચ કરવામાં આવશે.

### ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યા હતા

# AAP સરકારે પોતાના જ ધારાસભ્યની ધરપકડ કરી

### મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર સુખદેવ વશિષ્ઠના કૌભાંડ કેસમાં રમન અરોરાની સંડોવણી હોવાનો આરોપ

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૩ ।

પંજાબની ભગવંત માન સરકારે ભ્રષ્ટાચારનો પર્દાફાશ થતાં પોતાના જ ધારાસભ્ય વિરૂદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરી હતી. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય રમન અરોરા વિરૂદ્ધ ભ્રષ્ટાચારની ફરિયાદો મળતાં પંજાબ વિજિલન્સ બ્યૂરોએ અરોરાની ધરપકડ કરી હતી. તેમજ અરોરાના ઘર-ઓફિસે દરોડા પણ પાડ્યા હતાં. મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર સુખદેવ વશિષ્ઠના કૌભાંડ કેસમાં રમન અરોરાની સંડોવણી હોવાનો આરોપ મૂકાયો છે. અરોરાએ વશિષ્ઠની મદદથી અમુક લોકોને બોગસ નોટિસ મોકલી ખંડણી વસૂલી હોવાનો આરોપ છે. ધરપકડ પહેલાં વિજિલન્સ ટીમે દરોડા પાડ્યા હતાં. ભ્રષ્ટાચારના



આરોપસર રાજ્ય સરકારે જલંધર સેન્ટ્રલમાંથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય રમન અરોરાની તમામ સિક્યોરિટી નવ દિવસ પહેલાં જ પાછી ખેંચી લીધી હતી. સરકારના આ પગલાં પાછળનું કારણ તે સમયે જાહેર કરાયુ ન હતું. પરંતુ આજે વહેલી સવારે અરોરાના ઘરે દરોડા અને ધરપકડથી ભ્રષ્ટાચારનો ખુલાસો થયો છે. અરોરા પાસે રાજ્ય સરકારના અન્ય ધારાસભ્યો માટે તૈનાત ગનમેનની તુલનાએ ત્રણ ગણા વધુ ગનમેન હતાં. પરંતુ ૧૩ મેના રોજ તેમની સિક્યોરિટી પાછી ખેંચી લેવામાં આવી હતી.

### ગુરુગ્રામ અને ફરીદાબાદમાં કોરોનાના ત્રણ કેસ નોંધાયા

# મહારાષ્ટ્ર, ગુજરાત, ઓડિશા અને કેરળમાં આવ્યા કોરોનાના નવા કેસ

### આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ તમામ ૧૫ દર્દીઓમાં કોરોનાનો JN.1 પ્રકાર જોવા મળ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતમાં કોવિડ-૧૯ના કેસ ફરી એકવાર વધી રહ્યા છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક અને ગુજરાત જેવા રાજ્યોમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે દેખરેખ અને સાવચેતીના પગલાં વધુ તીવ્ર બનાવ્યા છે. હજુ સુધી કોઈ દર્દીના મૃત્યુની પુષ્ટી થઈ નથી, પરંતુ મુંબઈ, ચેન્નઈ અને અમદાવાદ જેવા શહેરોમાં ચેપના કેસોમાં વધારો નોંધાયો છે. હરિયાણાના ગુરુગ્રામ અને ફરીદાબાદમાં કોરોના વાયરસના ત્રણ કેસ નોંધાયા છે. ગુરુવારે એક અધિકારીએ આ માહિતી આપી હતી. ગુરુગ્રામમાં બે અને ફરીદાબાદમાં એક



કેસ નોંધાયો છે. ગુજરાતમાં કોરોનાના ૧૫ નવા કેસ નોંધાયા છે. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, આરોગ્ય અધિકારીઓએ કહ્યું છે કે ગભરાવાની જરૂર નથી કારણ કે હાલમાં જે વાયરસ ફેલાઈ રહ્યો છે તે ખૂબ ખતરનાક નથી. બધા દર્દીઓને ઘરે સારવાર આપવામાં આવી રહી છે. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ તમામ ૧૫ દર્દીઓમાં કોરોનાનો JN.1 પ્રકાર જોવા મળ્યો છે. ઓડિશામાં લગભગ અઢી વર્ષના સમયગાળા પછી કોવિડ-૧૯નો નવો કેસ નોંધાયો છે. હાલમાં દર્દીની હાલત સ્થિર છે. ગુરુવારે એક વરિષ્ઠ આરોગ્ય અધિકારીએ આ માહિતી આપી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ સચિવ એસ અશ્વથીએ જણાવ્યું હતું કે, "દર્દીની સ્થિતિ હાલમાં સ્થિર છે પરંતુ ચિંતાનો વિષય એ છે કે ચેપગ્રસ્ત વ્યક્તિ અન્ય ઘણી બીમારીઓથી પણ પીડિત છે." કેરળના આરોગ્ય પ્રધાન વીના જ્યોર્જે બુધવારે જણાવ્યું હતું કે મે મહિનામાં રાજ્યમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ ના ૧૮૨ કેસ નોંધાયા છે. કોટ્ટાયમ જિલ્લામાં સૌથી વધુ કેસ (૫૭) નોંધાયા હતા, જ્યારે એર્નાકુલમ અને તિરુવનંતપુરમમાં અનુક્રમે ૩૪ અને ૩૦ કેસ નોંધાયા હતા.

### ઓપરેશન સિંદૂર બાદ પણ ના સુધર્યું પાકિસ્તાન

# તમે પાણી રોકશો તો શ્વાસ છીનવી લઈશું: પાકિસ્તાન

### સેનાના પ્રવક્તા અહેમદ ચૌધરીએ જણાવ્યું, જો ભારત અમારું પાણી રોકશે તો અમે તેમનો શ્વાસ રોકી દઈશું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૩ ।

પાકિસ્તાની સેનાના પ્રવક્તા અહેમદ શરીફ ચૌધરીએ ફરી એકવાર ભારતને ધમકી આપી છે. શરીફ ચૌધરીએ જણાવ્યું છે કે જો ભારત આપણું પાણી રોકશે તો આપણે તેમનો શ્વાસ રોકી દઈશું. શરીફે કાર્યક્રમને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. જેનો વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો વિશે હજુ સુધી માહિતી જાહેર કરવામાં આવી નથી, જોકે એવું માનવામાં આવે છે કે આ યુદ્ધવિરામ પછીનો વીડિયો છે. તમને જણાવી દઈએ કે પહલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી કરી છે અને સિંધુ જળ સંધિ મુલતવી રાખી છે. હાલમાં ભારતે પાકિસ્તાનનું પાણી રોકી દીધું છે. બીજી તરફ પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે દાવો



કર્યો હતો કે ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકવાદ માટે નહીં થાય. ડારનું આ નિવેદન તેમની બેઈજિંગ મુલાકાત દરમિયાન આવ્યું હતું. અહીં તાલિબાન અને ચીનના વિદેશ પ્રધાનો પણ તેમની સાથે હતા. ઈશાક ડારે કહ્યું કે અમે આતંકવાદને સહન કરીશું નહીં, અમારી સરકારનું વલણ ખૂબ જ સ્પષ્ટ છે કે અમે આતંકવાદનો સામનો એ જ રીતે કરીશું જે રીતે અમે ૨૦૧૩ અને ૨૦૧૮ માં કર્યું હતું. બીજી તરફ, પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ ગુરુવારે આર્મી ચીફ અસીમ મુનીરને ફિલ્ડ માર્શલનો દંડો સોંપ્યો.

## તંત્રી લેખ...

# સીમા પર હાઈ એલર્ટ


કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ નિર્દોષ લોકોની હત્યા કર્યા પછી, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓના ઘણા ઠેકાણાઓનો નાશ કર્યો. આ પછી, પાકિસ્તાને હાર સ્વીકારી અને યુદ્ધવિરામની જાહેરાત કરી. આ પછી પણ પાકિસ્તાન પોતાની હરકતોથી બાકાત નથી. સરહદ પર તૈનાત બોર્ડર સિક્યુરિટી ફોર્સને મળેલા ઈનપુટ મુજબ, લગભગ ત્રણ ડઝન શંકાસ્પદો નેપાળ પહોંચી ગયા છે અને તેઓ ઉત્તર પ્રદેશમાં ખુલ્લી બહરાઇચ-નેપાળ સરહદ દ્વારા ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે. એસએસબી અધિકારીઓના જણાવ્યા અનુસાર, લગભગ દસ બાંગ્લાદેશી અને લગભગ ૨૫ કે તેથી વધુ પાકિસ્તાની ભારતમાં પ્રવેશવાની યોજના બનાવી રહ્યા છે. તેથી, SSB જવાનોએ સમગ્ર ખુલ્લા સરહદી વિસ્તારમાં સુરક્ષા વધારી દીધી છે તેમજ સરહદ પર ચેકિંગ પણ વધારી દીધું છે. સૈનિકો એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે કોઈ પાકિસ્તાની કે બાંગ્લાદેશી ભારતમાં પ્રવેશી ન શકે. યુપીના બહરાઇચ જિલ્લામાં ભારત-નેપાળ સરહદ પર તૈનાત એસએસબી સતર્ક થઈ ગયું છે. SSB ને મળેલા ઈનપુટ્સ અનુસાર, ૩૫ થી વધુ બાંગ્લાદેશી અને પાકિસ્તાની શંકાસ્પદ લોકો નેપાળ થઈને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે. પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર ભારતીય દળો દ્વારા હુમલા અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ જિલ્લાની ભારત-નેપાળ સરહદ પર હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર સરહદી વિસ્તારમાં SSB દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. કમાન્ડન્ટે કહ્યું છે કે અમને માહિતી મળી છે કે ત્રીસથી વધુ બાંગ્લાદેશી અને પાકિસ્તાની શંકાસ્પદો ગુપ્ત રીતે નેપાળ પહોંચી ગયા છે. એવી આશંકા છે કે આ લોકો નેપાળ થઈને ભારતમાં આવી શકે છે અને અશાંતિ ફેલાવી શકે છે. આ અંગે સાવધાની રાખવામાં આવી રહી છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાઇઝિંગ નોર્થ ઇસ્ટ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે રાઈઝિંગ નોર્થ ઈસ્ટ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરતા, પ્રધાનમંત્રીએ ઉત્તર પૂર્વીય ક્ષેત્રના ભવિષ્યમાં ગર્વ, ઉષ્મા અને અપાર વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે તાજેતરમાં ભારત મંડપમ ખાતે યોજાયેલા અષ્ટલક્ષ્મી મહોત્સવને યાદ કરી ભાર મૂક્યો કે આજનો કાર્યક્રમ ઉત્તર પૂર્વમાં રોકાણોની ઉજવણી છે. પ્રધાનમંત્રીએ સમિટમાં ઉદ્યોગના અગ્રણીઓની નોંધપાત્ર હાજરી પર પ્રકાશ પાડ્યો અને આ ક્ષેત્રમાં રહેલી તકો અંગેના ઉત્સાહ પર ભાર મૂક્યો. તેમણે તમામ મંત્રાલયો અને રાજ્ય સરકારોને અભિનંદન આપ્યા અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણ બનાવવાના તેમના પ્રયાસોની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ શુભેચ્છાઓ પાઠવતા નોર્થ ઈસ્ટ રાઈઝિંગ સમિટની પ્રશંસા કરી અને પ્રદેશના સતત વિકાસ અને સમૃદ્ધિ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. ભારતને વિશ્વના સૌથી વૈવિધ્યસભર રાષ્ટ્ર તરીકે પ્રકાશિત કરતા શ્રી મોદીએ કહ્યું, ‘‘ઉત્તર-પૂર્વ આપણા વૈવિધ્યસભર રાષ્ટ્રનો સૌથી વૈવિધ્યસભર પ્રદેશ છે’’. વેપાર, પરંપરા, કાપડ અને પર્યટનમાં અપાર સંભાવનાઓ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે આ પ્રદેશની વિવિધતા તેની સૌથી મોટી તાકાત છે. તેમણે કહ્યું કે ઉત્તરપૂર્વ એક સમૃદ્ધ બાયો-ઈકોનોમી અને વાંસ ઉદ્યોગ, ચા ઉત્પાદન અને પેટ્રોલિયમ, રમતગમત અને કૌશલ્ય તેમજ ઈકો-ટુરિઝમ માટે ઉભરતા કેન્દ્રનો પર્યાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રદેશ ઓર્ગેનિક ઉત્પાદનો માટે માર્ગ મોકળો કરી રહ્યો છે અને ઊર્જાના પાવરહાઉસ તરીકે ઊભો છે. તેમણે ખાતરી આપી કે ઉત્તર-પૂર્વ એ અષ્ટલક્ષ્મીનું સાર છે, જે સમૃદ્ધિ અને તકો લાવે છે. તેમણે કહ્યું કે આ તાકાત સાથે, દરેક પૂર્વોત્તર રાજ્ય રોકાણ અને નેતૃત્વ માટે પોતાની તૈયારી જાહેર કરી રહ્યું છે. વિકસિત ભારતના નિર્માણમાં પૂર્વીય ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ ઉત્તરપૂર્વને તેનો સૌથી મહત્વપૂર્ણ ઘટક ગણાવ્યો. તેમણે કહ્યું, ‘‘અમારા માટે, પૂર્વીય ક્ષેત્ર માત્ર એક દિશા નથી પરંતુ એક દ્રષ્ટિકોણ છે - સશક્તિકરણ, કાર્ય, મજબૂતીકરણ અને પરિવર્તન - જે પ્રદેશ માટે નીતિ માળખાને વ્યાખ્યાયિત કરે છે.’’ તેમણે એ વાત પર ભાર મૂક્યો કે આ અભિગમે પૂર્વી ભારત ખાસ કરીને ઉત્તરપૂર્વને, ભારતના વિકાસ માર્ગના કેન્દ્રમાં મૂક્યું છે. પ્રધાનમંત્રીએ છેલ્લા ૧૧ વર્ષમાં પૂર્વોત્તરમાં થયેલા પરિવર્તનકારી ફેરફારો પર પ્રકાશ પાડ્યો અને ભાર મૂક્યો કે પ્રગતિ ફક્ત આંકડાઓમાં જ નહીં પરંતુ જમીન પર પણ દેખાય છે. તેમણે કહ્યું કે આ ક્ષેત્ર સાથે સરકારનું જોડાણ નીતિગત માપદંડોથી આગળ વધે છે અને લોકો સાથે હૃદયસ્પર્શી જોડાણને પ્રોત્સાહન આપે છે. પ્રધાનમંત્રીએ કેન્દ્રીય મંત્રીઓ દ્વારા પૂર્વોત્તરની ૭૦૦થી વધુ મુલાકાતો પર પ્રકાશ પાડ્યો, જે જમીનને સમજવા, લોકોની આંખોમાં આકાંક્ષાઓ જોવા અને તે વિશ્વાસને વિકાસ નીતિઓમાં રૂપાંતરિત કરવાની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે માળખાગત પ્રોજેક્ટ્સ ફક્ત ઈંટો અને સિમેન્ટ વિશે નથી, પરંતુ ભાવનાત્મક જોડાણનું માધ્યમ પણ છે. તેમણે લૂક ઈસ્ટથી એક્ટ ઈસ્ટ તરફના પરિવર્તનને સમર્થન આપતા કહ્યું કે આ સક્રિય અભિગમના પરિણામો સ્પષ્ટ થઈ રહ્યા છે. તેમણે કહ્યું, ‘‘જ્યારે ઉત્તર-પૂર્વ એક સમયે ફક્ત સરહદી પ્રદેશ માનવામાં આવતો હતો, તે હવે ભારતની વિકાસ ગાથામાં એક નેતા તરીકે ઉભરી રહ્યો છે.’’ પ્રવાસન ક્ષેત્રને આકર્ષક બનાવવામાં અને રોકાણકારોમાં વિશ્વાસ વધારવામાં મજબૂત માળખાગત સુવિધા મુખ્ય ભૂમિકા ભજવે છે તે વાત પર ભાર મૂકતા શ્રી મોદીએ જણાવ્યું કે સુવિકસિત રસ્તાઓ, વીજળી માળખાગત સુવિધાઓ અને લોજિસ્ટિક્સ નેટવર્ક કોઈપણ ઉદ્યોગની કરોડરજ્જુ બનાવે છે, જે સરળ વેપાર અને આર્થિક વિકાસને સરળ બનાવે છે. તેમણે કહ્યું કે માળખાગત સુવિધાઓ વિકાસનો પાયો છે અને સરકારે પૂર્વોત્તરમાં માળખાગત ક્રાંતિ શરૂ કરી છે. તેમણે અરુણાચલ પ્રદેશમાં સેલા ટનલ અને આસામમાં ભૂપેન હજારિકા બ્રિજ જેવા પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરીને કહ્યું કે કનેક્ટિવિટી વધારવા માટે હજારો કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. શ્રી મોદીએ છેલ્લા દાયકામાં થયેલી મોટી પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો, જેમાં ૧૧,૦૦૦ કિલોમીટરના હાઈવેનું નિર્માણ, નવી રેલવે લાઈનો વિસ્તૃત કરવી, એરપોર્ટની સંખ્યા બમણી કરવી, બ્રહ્મપુત્ર અને બરાક નદીઓ પર જળમાર્ગોનો વિકાસ અને સેંકડો મોબાઈલ ટાવર્સની સ્થાપનાનો સમાવેશ થાય છે. તેમણે ઉદ્યોગોને વિશ્વસનીય ઉર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ૧,૬૦૦ કિમી લાંબા ઉત્તરપૂર્વ ગેસ ગ્રીડની સ્થાપનાનો પણ ઉલ્લેખ કર્યો.

**આપણે ત્યાં દાન પાત્રતા જોઈને કરવામાં આવે છે પણ બીમારી એક અલગ વાત છે, અને એમાં બીમારી એ જ દર્દીની પાત્રતા છે**

# સેવા ધર્મ બહુ કઠિન છે, પણ સેવા કોને કહેવી? સેવાની કેટલી વ્યાખ્યા કરવી?;



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સમયની સાથે સાથે ઘણું બધું પરિવર્તન થઈ રહ્યું છે અને ઘણી બધી વસ્તુઓ ન થતી એ પણ થાય છે દાન ધર્મ પણ ખૂબ થાય છે પરંતુ સેવા પ્રમાણમાં ઘટતી જાય છે અને એટલે જ આ સિવાય યજ્ઞમાં સવા લાખ રૂપિયાનું તુલસીદલ મૂકી અને આ યજ્ઞનો આરંભ કરું છું, સંગીત વાળાઓ, નિલેશ, નરેશ, ચીમનભાઈ વગેરે તરફથી પણ અનુદાન થયું છે!**

માનસ સેવાયજ્ઞની પ્રથમ દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે વર્ષો પછી સાવરકુંડલાના આંગણે વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા એક આરોગ્ય ધામનું નિર્માણ થવા જઈ રહ્યું છે, અને એનાં સેવા ઉપક્રમે આ કથાનું આયોજન થયું છે, સમાજમાં બીમારીએ જ્યારે કાપો વાળ્યો છે, અને એવા સમયમાં સારવાર અતિ દુર્ગમ અને દુર્લભ થતી જાય છે. આપણે ત્યાં દાન પાત્રતા જોઈને કરવામાં આવે છે પણ બીમારી એક અલગ વાત છે, અને એમાં બીમારી એ જ દર્દીની પાત્રતા છે, એમ ગણીને સારવાર પૈસામાં ન આંકતા કરુણા ભાવથી થવી જોઈએ. મેં ઘણી વખત કહ્યું છે કે મનોરથ બીજા કરે અને એને પૂરાં મારે કરવાના કોઈ કહે આશ્રમ બનાવવો છે કોઈ કહે દેવાલય બનાવવું છે કોઈને અન્નક્ષેત્ર તો કોઈને કંઈ બીજો મનોરથ આમ લગભગ ચાલતું રહ્યું પણ આ વખતે આરોગ્ય માટે થાય છે, ઔષધી પૈસામાં તોલ્યા વગર આપવું જોઈએ અને આ વાત હું વર્ષોથી કહેતો રહ્યો એટલે એને પૂર્ણ કરવા માટે વિદ્યા ગુરુ ફાઉન્ડેશનની આ સેવા માટે કથાનું આયોજન થયું. મનોરથીઓ એ કહ્યું કે આપણે કોઈ મોટા શહેરમાં કથા કરીએ તો ધન રાશિ વધુ એક થી થાય પરંતુ મારું મન કહેતું હતું કે સાવરકુંડલામાં સેંજનની ધજાના છાયા હેઠળ કથા થાય તો આધીન ઉપાધિ અને વ્યાધિ ટળે! આધીની વ્યાખ્યા કરતા કહ્યું કે ઘડિયાળ આપણી પાસે હોય પણ સાચો સમય ન બતાવે, એટલે કે વસ્તુ છે પણ કામ કરતી નથી. સુંદર પત્ની છે પણ કહ્યું ન કરે એ આધિ કહેવાય, ફેક્ટરી છે પણ ધંધો ચાલતો નથી. શાસ્ત્ર વચન કહે છે કે વ્યાધિ બે પ્રકારે આવે છે, ઘણાં રોગો આપણાં પ્રારબ્ધમાં હોય છે, જ્યારે ઘણા રોગો આપણા કારણે આવે છે. આપણે આહારવિહાર ચૂકીએ, અને એમ રોગ આપણે ક્રિએટ કરીએ છીએ. જ્યારે ઓચિંતાની આવે એટલે કે સમય સંજોગને લીધે આવે કે અભાવને લીધે આવે એને ઉપાધિ કહેવાય, આ ત્રણેયને છલાંગ મારીને નીકળી જાય એને સમાધિ કહેવાય!

સમયની સાથે સાથે ઘણું બધું પરિવર્તન થઈ રહ્યું છે અને ઘણી બધી વસ્તુઓ ન થતી એ પણ થાય છે દાન ધર્મ પણ ખૂબ થાય છે પરંતુ સેવા પ્રમાણમાં ઘટતી જાય છે અને એટલે જ આ સિવાય યજ્ઞમાં સવા લાખ રૂપિયાનું તુલસીદલ મૂકી અને આ યજ્ઞનો આરંભ કરું છું. સંગીત વાળાઓ, નિલેશ, નરેશ, ચીમનભાઈ વગેરે તરફથી પણ અનુદાન થયું છે! હું રામ નામ લેવા જન્યો છું, એટલે આના ૧૦૦ રૂપિયા આના ૫૦૦ એવું રોજ બોલીશ નહીં!: બાકી એક કરોડ જેવું તો આજે જ થઈ ગયું. નરસિંહને યાદ કરીને મારે એક તમારો આધાર રે.. શામળા ગિરધારી મારી હૂંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરધારી!

માનસમાં ઘણા સેવાયજ્ઞ છે હું તમને ગણાવું પ્રથમ સોપાન,

**શૃંગી ઋષિહી વશિષ્ઠ**
**બોલાવા,**
**પુત્રકામ શુભ જગ્ય**
**કરાવા.**

દશરથજી ને પુત્ર નથી એટલે વંશ અટકી જશે એ વાતે દુઃખી રહેતા રાજનને વશિષ્ઠજી કહ્યું એક નહીં ચાર પુત્રોના પિતા થશો પણ એની માટે એક પુત્રકામેષ્ઠિ યજ્ઞ કરાવવો પડશે.

**જહ જપ જગ્ય જોગી મુનિ**
**કરહી,**
**અતિ મારીચ સુબાહુહિ**
**ડરહી.**

વિશ્વામિત્રી જેમ મહારાજ આશ્રમમાં રોકાઈને ગંગાના કિનારે જપ યજ્ઞ કરે છે, ભગવત ગીતામાં ભગવાન યોગેશ્વરે જપ ને યજ્ઞ કહ્યો છે.

**ધનુષજગ્ય સુનિ રઘુકુલ**
**નાથા,**
**હરષિ ચલે મુનિબર કે**
**સાથા.**

વિશ્વામિત્ર સાથે જનકપુર માં સીતા સ્વયંવર માટે ધનુષ યજ્ઞ યોજાયો હતો. ધનુષ ભંગ પછી પરશુરામ આવે છે અને લક્ષ્મણ સાથે આગ જેવા આક્રમક બને છે.

**પ્રેમ અમિઅ મંદરુ બિરહુ**
**ભરતુ પયોધિ ગંભીર.**
**મથિ પ્રગટેઉ સુર સાધુ**
**હિત કૃપાસિંધુ રઘુવીર.**

આખો અયોધ્યા કાંડ પ્રેમયજ્ઞ છે, અને બાપુ કહે છે,કે હું એટલે જ કથા ને પ્રેમયજ્ઞ કહું છું.

અરણ્ય કાંડ જ્ઞાન યજ્ઞ છે, કારણકે એમાં આખાં ઋષિ સમાજની વાત છે, લક્ષ્મણ દ્વારા પુછાયેલ પાંચ પ્રશ્ન રામ ગીતાનો સમાવેશ પણ અરણ્ય કાંડમાં છે. કિષ્કિંધા માં રામ સુગ્રીવની મૈત્રીની વાત આવે છે, એટલે મૈત્રી યજ્ઞ છે. સુંદર કાંડ એટલે સુંદર યજ્ઞ છે! એટલે કે સુંદર કાંડ નો પાઠ કરે એ સુંદર યજ્ઞ કરે છે.

લંકા કાંડ નિર્વાણ યજ્ઞ છે, એક એક અસૂર ભગવાન મુક્તિ આપે છે. ઉત્તર કાંડ આરોગ્ય યજ્ઞ છે, અહીં જન્મ મરણના બંધનની ઔષધિ મળે છે. હું એક વધુ જોડું છું અને એનું પ્રમાણ પણ રામચરિત માનસ આપે છે. સાવરકુંડલા ના આંગણે આજથી નવો એક યજ્ઞ સેવાયજ્ઞ શરૂ થાય છે.

**આગમ નિગમ પ્રસિદ્ધ**
**પુરાના,**
**સેવાધરમુ કઠિન જગુ જાના.**
**અગ્યા સમ ન સુસાહિબ**
**સેવા,**
**જન પ્રસાદુ જન પાવૈ દેવા.**

સેવા ધર્મ બહુ કઠિન છે, પણ સેવા કોને કહેવી? સેવાની કેટલી વ્યાખ્યા કરવી?દરિદ્ર નારાયણની સેવા જનસેવા નર નારાયણ સેવા કેટલી કેટલી સેવાઓના આપણે વિભાગો કરીએ છીએ, પણ તુલસી બહુ સરસ વ્યાખ્યા કરે છે.

**અગ્યા સમ ન સુસાહિબ**
**સેવા.**

એટલે કે તમારા સદગુરુ કે બુદ્ધ પુરુષની જે આજ્ઞા થાય, એ કરીને દેખાડવું એના જેવી કોઈ સેવા નથી.

રામચરિત માનસમાં લખ્યું છે કે આટલી વસ્તુઓને કોઈ દિવસ માની ન સમજવી સૂર્યોદય થાય ત્યારે સૂર્ય નાનું હોય પણ થોડીવારમાં તો ત્રણેય ભુવનના અંધકારને ચરી જાય! મંત્રને કોઈ દિવસ નાનો સમજવો નહીં બે અક્ષરનો હોય પણ એ મંત્ર સ્મરણનું ફળ અદ્ભુત હોય છે. રામાયણમાં બે શબ્દ છે એક આજ્ઞા અને બીજો છે અવજ્ઞા. તુલસી કહે છે કે સાધુની અવજ્ઞા એ સાધક માટે સૌથી મોટી નુકસાની છે. સદગુરુ ની આજ્ઞા જેમ કહે તેમ સ્વીકારી લેવું એમાં કોઈ વિકલ્પ વિષે વિચારવું નહીં, એમની આજ્ઞા તો પ્રસાદ છે, અને આ પ્રસાદ કોઈ મહાન પુરુષ કે બુદ્ધ પુરુષ આપે તો જ મળે. પોતાના સદગુરુ ભગવાન ત્રિભુવન દાદાને યાદ કરતા કહ્યું કે સદગુરુ ની અવજ્ઞા ત્રણ પ્રકારે થઈ શકે છે.

૧)કોઈ બુદ્ધ પુરુષ કે સદગુરુ પાસે ખોટું બોલવું એ અવજ્ઞા છે.

૨) બુદ્ધ પુરુષ કે સદગુરુનાં વચનને નકારવું નહીં.

૩) જે સદગુરુ કે બુદ્ધ પુરુષ આપણી માટે લૂંટાતો હોય એને છોડી અન્યાશ્રય કરવો નહીં.

તુલસીદાસજી આટલા વર્ષો પહેલા સાહેબ આગળ શું લગાડે છે અને સાધુ આગળ શીલવંત લગાડે છે! બાકી શું જરૂર હતી? કારણ કે દેશકાળ પ્રમાણે આગળના સમયમાં સાધુ ને નામે લોકો ભ્રમિત ન થઈ જાય. શિવાની વ્યાખ્યા નું વ્યાપ ઘણું છે પરંતુ મારી તલગાજરડી દ્રષ્ટિમાં જે થોડી ઘણી વાતો છે એને વિશે સાત્વિક તાત્વિક ચિંતન કરીશું. કથાના ક્રમમાં પ્રથમ દિવસે રામચરિત માનસના ૭ સોપાન અને તેનો મહિમા ગાતાં કહ્યું કે આટલા વર્ષો પહેલા રામચરિત માનસે નારીનો મહિમા ગાતા વંદે વાણી વિનાયકોથી કથાની શરૂઆત કરી હતી.

**સ્વાન્ત સુખાય તુલસી**
**રઘુનાથ ગાથા,**
**ભાષાનિબન્ધ મતિમંજૂલ**
**માતનોતિ.**

ભાષા એટલે કે વાણી અને પ્રયત્ન પૂર્વક બોલાય એ વાંચાળ પણ છે પરંતુ જ્યારે સત્ય સમજાય ત્યારે વાચાળ પણું સંકોચાઈ જાય અને જે ફેલાઈ જાય એ વાણી કરુણા છે. તુલસીના ત્રણ હેતુ છે સત્ય, પ્રેમ, અને કરુણા! આમ સરસ્વતી ગણેશજી પાર્વતી શંકર અને સીતારામની વંદના કરી હનુમાન વંદના સુધી કથાને લઈ જાય છે.

**ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે**

# શબ્દો તો માત્ર વાક્યની શોભા છે, બાકી સમજવા વાળા તો કોરા કાગળ અને મૌન પણ સમજી જાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**અજ્ઞાનને દૂર કરવા યજ્ઞ કરવો, સત્ય બોલવું એ પણ યજ્ઞ છે, કર્મ એ ચિત્તશુદ્ધિ માટે, ભક્તિએ મન ની એકાગ્રતા માટે છે, જીવનમાં કર્મ ઉપાસના અને જ્ઞાનએ ત્રણેયની જરૂર છે, કર્મથી ચિત્ત શુદ્ધિ થયા પછી બ્રહ્મ જિજ્ઞાસા થાય છે, દહાડે દહાડે હિરણ્યાક્ષનો લોભ વધે છે, એક વખત હિરણ્યાક્ષ પાતાળમાં ગયો, વરુણ સાથે લડવા તૈયારી કરી, વરુણે કહ્યું, તું વરાહનારાયણ સાથે યુદ્ધ કર.**

રાજ્ય સરકારના એકમો પર ઈડી દરોડા ન પાડી શકે.સર્વોચ્ચ અદાલતે તપાસ પર સ્ટે મૂક્યો. ઈડીએ તમામ હદો પાર કરી બંધારણનો ભંગ કર્યો..સર્વોચ્ચ અદાલતનું તારણ.તો રવિવારે કદાચ ગુજરાત ભાજપના નવા પ્રમુખનું નામ જાહેર થાય તેમાં કોનું વાજુ વાગે છે આર એસ એસ કે ભાજપનું? આર એસ એસનું જ વાજું વાગશે તેવું ચોક્કસ મનાય છે.ડૉ.વાજા ? આજની શરૂઆત આવા વાક્યથી કેમ કરી તો ધર્મ એ જીવન જીવવાની કળા છે.ધર્મ ગ્રંથો સ્થાનોએ પૃથ્વીલોક ના જીવસૃષ્ટિને શાંતિ સુમાર્ગની દિશા બતાવે છે. હમણાં હમણાં ઈડીના જયાં ત્યાં દરોડા ધરપ કડના સમાચારો અને વાતો થાય ત્યારે સર્વોચ્ચ અદાલતે જે નિરીક્ષણ કર્યુ તે યોગ્ય લાગે છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો?કોઈ ગણકારે નહીંત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શુંનવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થા માં પણ છૂટતો નથી. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે,પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગરમાં ડૂબી હતી સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે, માટે લોભને સંતોષથી મારજો. લોભ સંતોષથી મરે, માટે સંતોષ કેળવો વરાહ ભગવાનએ સંતોષ નો અવતાર છે.

વરાહાવતાર એ યજ્ઞાવતાર છે. વર=અહ એટલે શ્રેષ્ઠ દિવસ. શ્રેષ્ઠ દિવસ કયો?જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે.શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે જે કાર્યથી પ્રભુ પ્રસન્ન થાયએ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યા ક્ષ છે એટલે કે લોભ છે. વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્રમાંથી બહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી.પૃથ્વી મનુને એટલે મનુષ્યોને સોંપી જે પોતાની પાસે આવ્યું તે બીજા ને આપી દીધું.આ સંતોષ છે. વરાહ ભગવાન યજ્ઞના દ્દષ્ટાંત રૂપ છે. યજ્ઞ કરવાથી ચિત્ત શુદ્ધિ થાય છે. લોભ વગેરેનો નાશ કરી ચિત્તશુદ્ધિ કરવાની છે. ચિત્તશુદ્ધિ થયા પછી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. યજ્ઞ પૂર્વક જીવન જીવો એટલે જ્ઞાન મળશે.યજ્ઞાવતાર વગર જ્ઞાનાવ તાર થતો નથી. કપિલદેવ આવતા નથી.

અજ્ઞાનને દૂર કરવા યજ્ઞ કરવો. સત્ય બોલવું એ પણ યજ્ઞ છે.કર્મ એ ચિત્તશુદ્ધિ માટે,ભક્તિએ મન ની એકાગ્રતા માટે છે.જીવનમાંકર્મ ઉપાસના અને જ્ઞાનએ ત્રણેયની જરૂર છે. કર્મથી ચિત્ત શુદ્ધિ થયા પછી બ્રહ્મ જિજ્ઞાસા થાય છે. દહાડે દહાડે હિરણ્યાક્ષનો લોભ વધે છે. એક વખત હિરણ્યાક્ષ પાતાળમાં ગયો. વરુણ સાથે લડવા તૈયારી કરી. વરુણે કહ્યું,તું વરાહનારાયણ સાથે યુદ્ધ કર.

હિરણ્યાક્ષ વરાહ ભગવાન પાસે આવ્યો. તે વરાહ ભગવાનને કહે, તું ડુક્કર જેવો છે. વરાહનારાયણ હિરણ્યાક્ષને કહે,તું કૂતરા જેવોછે

બોલાચાલીમાં મારામારી થાય છે. સર્વ પાપનું મૂળ વાણી છે. મનનો દોષ વાણી દ્વારા પ્રગટ થાય છે.

મુષ્ટિપ્રહાર કરી વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો અને પૃથ્વી નું રાજ્ય મનુ મહારાજને આપ્યુંને આજ્ઞા કરીકે,ધર્મથી પૃથ્વીનુંપાલન કરો.પછી વરાહ ભગવાન બદરિ નારાયણ સ્વરૂપમાં લીન થયા સમાજને સુખી કરવો તે મનુષ્ય માત્રનો ધર્મ છે. આ વાત વરાહ ભગવાને પોતાના આચરણ થી મનુષ્યોને શીખવી છે. મનુષ્યનો જીવનમાં લોભ છે ત્યાં સુધી પાપ છે અને પાપ છે ત્યાં સુધી ધર્મ નથી.લોભને મારવા વરાહ નારાયણના ચરણોનો આશ્રય કરજો.બુદ્ધિનો ઉપયોગ કેવળ અર્થોપાર્જન કરવા માટે ન કરો. તેનો ઉપયોગ ઈશ્વરોપાસના માટે પણ કરો,નહીંતર પેલા ઝવેરી ઓ જેવી દશા થશે.

એક વખત એક રાજાના દરબાર માં એક ઝવેરાત આવ્યો.તેની પાસે એક હીરો હતો.આ હીરાની કિંમત કરવામાટે તમામ ઝવેરીઓ ને ભેગા કરવામાં આવ્યા દરેકેએ હીરાની કિંમત જુદી જુદી આંકી. રાજા નિરાશ થયો. તેવામાં એક ઝવેરી આવ્યો.હીરાની કિંમત નવ્વાણું લાખ રૂપિયા બતાવી. રાજાએ પૂછ્યું, એક કરોડમાં એક લાખ ઓછા શા માટે? વૃદ્ધ ઝવેરી એ બીજા સો હીરા મંગાવી પેલા હીરાની આજુબાજુ ગોઠવી દીધા. તે હીરાની ચમક સોમાંથી નવ્વાણું હીરા પર પડી પણ એક હીરા પર ન પડી. વૃદ્ધ ઝવેરીએ કહ્યું, આટલા માટે મેં એની કિંમત એક લાખ રૂપિયા ઓછી આંકેલી. રાજા ખુશ થઈ કહે છે, મંત્રીજી, ઝવેરીને ઈનામ આપો તે વખતે ત્યાં એક મહાત્મા બેઠેલા હતા, તેણે ઊભા થઈ કહ્યું કેએ ઝવેરીના માથા ઉપર રાખ નાખોએ કેવળ મૂર્ખ છે મહાત્માને એનું કારણ પૂછવામાં આવ્યું.મહાત્મા એ કહ્યું, ઝવેરીએ ભગવાને આપેલી બુદ્ધિનો ઉપયોગ કેવળ પથરાની કિંમત કરવામાં કર્યો છે. ઈશ્વરનું ભજન કરવા માટે કર્યો નથી. જે બુદ્ધિનો ઉપયોગ તેણે પથરાને ઓળખવા માટે કર્યો તે બુદ્ધિનો ઉપયોગ ઈશ્વરઓળખવા માટે કર્યો હોત તો તેનો ઉદ્ધાર થઈ જાત ભલે તેને તમે ડાહ્યો માનો.હું તેને મૂર્ખ માનું છુંમનુષ્યનાશરીરમાં નવ છિદ્રો છે.તે વાટે જ્ઞાન બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોમાંથી જ્ઞાન બહાર ન નીકળી જાય તે માટે ઈન્દ્રિયોને ઈશ્વરને માર્ગેવાળો ઈન્દ્રિયોનો નિરોધ કરી ઈન્દ્રિયોને પ્રભુ માર્ગમાં વાળો.

તૃતીય સ્કંધમાં બે પ્રકરણો છેઃપૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસામાં વરાહ નારાયણની અવતારની કથા કહી છે.ઉત્તર મિમાંસામાં કપિલ નારાયણના ચરિત્રનું વર્ણન કર્યુ છે.યજ્ઞ કર્યા વગર કપિલ નારાયણની વિદ્યા બુદ્ધિમાં સ્થિર થતી નથી.કાયા, વાણી,મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે.સત્ય બોલવુ તે પણ યજ્ઞ છે. સદાસર્વદા પ્રસન્ન રહેવુંએ પણ યજ્ઞ છે.યજ્ઞ વિના,સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્ત શુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી. માનવ શરીરએ ઘડો છે.આ ઘડાને નવ છિદ્રો છે.ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં. એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાનવહી જાય છે.જ્ઞાન થવું એ અઘરું નથી પણ આવેલું જ્ઞાન ટકતું નથી.જ્ઞાનને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિ શક્તિને અટકાવવાની છે. જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે.ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગમાં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યું છે મસ્તકમાં રહ્યું નથી.પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્મા ની પાછળ પડેતે સંત.વિદ્વાનશાસ્ત્ર પાછળ દોડે છે ત્યારે શાસ્ત્ર સંતની પાછળ દોડે છે. શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન પ્રભુને રિઝવીને પ્રભુપ્રેમમાં પાગલ થયેલો જે બોલે તે સંત.

ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. મીરાં બાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી. તુકારામ મહારાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી.જ્ઞાનનો શત્રુ છે હિરણ્યાક્ષ. ભાગવતમાં જે અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં હિરણ્યા ક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે. તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ-સુખઆપ્યાં છે તેને હું લાયક છું કે નહીં? તો જવાબ મળશે કે લાયક નથી. એટલા માટે થાય છે કે, મનુષ્ય માને છે કે પ્રભુએ મને ઓછું આપ્યું છે.સ્વયં ભુવ મનુની રાણીનું નામ શતરૂપા. મનુ મહા રાજને ત્યાં બે બાળકો થયાં તેમનાં નામો પ્રિયવ્રત અને ઉત્તાન પાદ.ત્રણ કન્યાઓ થઈ તેમનાં નામો આકૃતિ દેવહૂતિ તથા પ્રસૂતિ તેમાં આકૃતિ રુચિને,દેવ હુતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી દેવહુતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું હતું. તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા. વિદુરજી પ્રશ્ન કરે છેકે,હે મૈત્રેયજી આ કપિલ ભગવાનની કથા મને કહો.

મૈત્રેયજી કહે છે,કપિલ બ્રહ્મજ્ઞાન નું સ્વરૂપ છે.કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે.કર્દમ એટલે કરદમ. ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિયોનું દમન કરેએ કર્દમ.કર્દમ એટલે જિતેન્દ્રિય શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટેછે,જ્ઞાન પ્રગટે છે.જ્ઞાનનીપ્રાપ્તિ શરીરમાં સત્ત્વ ગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર,શુદ્ધ આચાર,શુદ્ધ વિચાર થી વધે છે. સંયમથી-સદાચારથી સત્ત્વ ગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે.જીભ સુધરે તો જીવન સુધરે છે.લૂલી માગે તે તેને આપશો નહીં.બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. વ્હાલા વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત..ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે હૃદય મનને શાંતિ મળે તેવી વાત રજુ કરવા પ્રયત્ન કરીએ છીએ અસ્તુ.

# ફેન્સી ગાઉનને બદલે અદિતીએ લાલ સાડી પહેરવાનું પસંદ કર્યું

## ઈન્ડિયન લૂકમાં આવેલી અદિતી બધાથી અલગ દેખાઈ આવતી હતી



ફ્રાન્સના કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ઘણી ભારતીય અભિનેત્રીઓની પણ હાજરી જોવા મળે છે. મોટેભાગે અહીં આવતી અભિનેત્રીઓના ગાઉન ચર્ચાનો વિષય બનતા હોય છે. ચાલી રહેલા ફેસ્ટિવલમાં પણ ઉર્વશી રાઉતેલાથી માંડી પારૂલ ગુલાટીના આઉટફીટ ચર્ચાનો વિષય બન્યા હતા. ઉર્વશીએ રંગબેરંગી ગાઉન અને સાથે પોપટ ક્લચ રાખી રેડ કાર્પેટ પર વૉક કર્યું હતું અને ત્યારબાદ બ્લેક ગાઉનમાં માલ ફંકશનનો પણ ભોગ બની હતી. તો પારૂલ ગુલાટીએ રિયલ હેરનું આઉટફીટ બનાવ્યું હતું. પારૂલ હેર એક્સટેન્શનનો બિઝનેસ પણ કરે છે. જ્હાનવી કપૂરે પણ ગાઉન પ હેરી રેડ કાર્પેટ પર હાજરી આપી હતી. ત્યારે અદિતી હેદરીનો નવો જ લૂક જોવા મળ્યો છે. અદિતી કાનમાં રેડ સાડીમાં જોવા મળી હતી. પ્લેન લાલચટક સાડી અદિતીને ખૂબ જ સ્યૂટ કરી રહી હતી. રેડ પ્લેન સાડી અને સ્લીવલેસ બ્લાઉસ સાથે અદિતીએ ગળામાં ચોકરનો હાર પહેર્યો હતો જે ખૂબ જ જચી રહ્યો હતો.


**ઉર્વશી રાઉતેલાથી માંડી પારૂલ ગુલાટીના આઉટફીટ ચર્ચાનો વિષય બન્યા હતા**


જોકે પોતાના લૂકને કમ્પ લીટ કરવા અદિતીએ સેથીમાં સિંદૂર પૂર્યો હતો જેણે સૌનુ ધ્યાન ખેંચ્યું હતું.અદિતીએ ખૂબ જ સાદો મેક અપ કર્યો હતો અને વાળનો સાદો અંબોડો બાંધ્યો હતો. આ રીતે ગ્લોબલ પ્લેટફોર્મ પર એકદમ ઈન્ડિયન લૂકમાં આવેલી અદિતી બધાથી અલગ દેખાઈ આવતી હતી. જોકે અગાઉ અદિતી બ્લેક બોડીટાઈટ ગાઉનમાં પણ દેખાઈ હતી..

### આગામી વર્ષની બીજી ઓક્ટો.એ રીલિઝનું પ્લાનિંગ

# શાહરૂખ ખાનની કિંગનું શૂટિંગ મુંબઈના મહેબૂબ સ્ટુડિયમાં શરૂ

બોલીવૂડના બાદશાહ શાહરૂખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ'નું શૂટિંગ મુંબઈમાં આવેલા મહેબૂબ સ્ટુડિયોમાં બુધવારથી શરૂ થઈ ગયું છે. એક વર્ષ સુધી તૈયારીઓ કર્યા બાદ અને અનેકવાર પ ટકથામાં સુધારા વધારા કર્યા બાદ આખરે દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદ અને શાહરૂખ ખાને આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. સિદ્ધાર્થ આનંદના આગમન સાથે ફિલ્મની પટકથામાં પણ





મોટાં ફરફાર કરવામાં આવ્યા છે સૂત્રોના જણાવ્યા અનુસાર આ ફિલ્મને ૨૦૨૬ના ગાંધી જયંતિના દિવસે રજૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં જાતજાતના ફેરફાર થયા છે, મૂળ ફિલ્મને સુજોય ઘોષ નિર્દેશિત કરવાના હતા અને શાહરૂખ ખાન તેમાં મહેમાન ભૂમિકા ભજવવાનો હતો. જ્યારે સુહાના ખાન હિરોઈન હતી. પણ પછી આ ફિલ્મને શાહરૂખ ખાનની ફિલ્મ બનાવી દેવામાં આવી. જેના પગલે સુજોય ઘોષનું સ્થાન પણ સિદ્ધાંત આનંદે લીધું. સિદ્ધાર્થ આનંદના આગમન સાથે ફિલ્મની પટકથામાં પણ મોટાં ફરફાર કરવામાં આવ્યા છે. હવે આ ફિલ્મનું શૂટિંગ ભારત ઉપરાંત યુરોપમાં પણ વિવિધ સ્થળે કરવામાં આવશે. ફિલ્મમાં દીપિકા પદુકોણ, અભિષેક બચ્ચન. અર્શદ વારસી, જેકી શ્રોફ, અનિલ કપૂર, રાણી મુખર્જી એમ કલાકારોનો મોટો કાફલો છે.

# કિયારા માટે રામ ગોપાલ વર્માની અણછાજતી કોમેન્ટથી લોકો ભડક્યા

એનટીઆર જુનિયરના જન્મદિવસનો મોકો જોઈ વોર ૨ના નિર્માતાઓએ બહુપ્રતીક્ષીત ટીઝરમાં લોન્ચ કર્યું હતું. પણ હૃતિક કે જુનિયર એનટીઆર બાજુ પર રહ્યા અને ટીઝરમાં થોડી ક્ષણો માટે બિકિનીમાં દેખાયેલી કિયારા અડવાણી ઓનલાઈન હીટ થઈ ગઈ હતી. તેમાં પણ રામ ગોપાલ વર્માએ તેના વિશે અણછાજતી કોમેન્ટ કરતાં લોકો તેની પર તુટી પડયા હતા. જેના કારણે રામ ગોપાલ વર્માએ તેની પોસ્ટ ડિલિટ કરી નાંખી હતી. સોશ્યલ મિડિયા વપરાશકારોએ રામ ગોપાલ વર્મા પર જાત જાતની કોમેન્ટ કરી હતી. કેટલાકે લખ્યું હતું કે રામગોપાલ વર્મા હિરોઈનને ઉપભોગની ચીજ ગણી રહ્યો છે. તો બીજાએ ઠરકી બુઢ્ઢા. એવી કોમેન્ટ પણ કરી હતી. બીજી તરફ કિયારાએ પણ પહેલી વાયઆરએફની ફિલ્મ, પહેલી એક્શન ફિલ્મ, બે અફલાતુન હીરો સાથે પહેલી ફિલ્મ, અયાન મુખર્જી સાથે પહેલી ફિલ્મ અને પહેલો બિકિની શોટ એવાં લિસ્ટ સાથે પોતાનો ઉત્સાહ દેખાડયો હતો. ૨૦૧૯માં આવેલી હીટ ફિલ્મ 'વોર'ની સિક્વલ આગામી ૧૫મી ઓગસ્ટે રજૂ થવાની છે. વાયઆરએફના સ્પાય યુનિવર્સમાં કિયારા અડવાણીની એન્ટ્રી આ ફિલ્મથી થઈ રહી છે. પ્રમોશનમાં હૃતિકને બદલે કિયારા છવાઈ.

### એપીજે અબ્દુલ કલામ પર ફિલ્મ બનશે

# 'ડો. એપીજે અબ્દુલ કલામ આઝાદ' ની ભૂમિકા ભજવશે




બોલિવૂડ ફિલ્મ નિર્માતા ઓમ રાઉત ટૂંક સમયમાં ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામ પર ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. તેમણે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં તેમની ફિલ્મ કલામની સત્તાવાર જાહેરાત કરી છે, જેમાં તમિલ સુપરસ્ટાર ધનુષ અભિનીત છે અને તેઓ 'મિસાઈલ મેન' ની ભૂમિકા ભજવી રહ્યા છે.'ભારત રત્ન' ડૉ. એપીજે અબ્દુલ કલામ આઝાદ, જેમને 'મિસાઈલ મેન' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમની વાર્તા આપ ણે ખૂબ જ ટૂંક સમયમાં મોટા પડદા પર જોવા જઈ રહ્યા છીએ. ભારતના ૧૧મા રાષ્ટ્રપ તિ પર એક બાયોપિક બનવા જઈ રહી છે જેમાં તમિલ સુપરસ્ટાર ધનુષ જોવા મળશે. અબ્દુલ કલામની બાયોપિકનું દિગ્દર્શન 'આદિપુરુષ' ના દિગ્દર્શક ઓમ રાઉત કરશે. આ દિવસોમાં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ચાલી રહ્યો છે જ્યાં વિશ્વભરના ફિલ્મ નિર્માતાઓ તેમની ફિલ્મોનું ખાસ સ્ક્રીનિંગ યોજી રહ્યા છે. આ દરમિયાન, 'તાનાજી' જેવી સુપરહિટ ફિલ્મ બનાવી ચૂકેલા દિગ્દર્શક ઓમ રાઉત પણ આ મહોત્સવમાં હાજર રહ્યા હતા, જ્યાં તેમણે તેમની ફિલ્મ 'કલમ'ની સત્તાવાર જાહેરાત કરી હતી. તેમની ફિલ્મમાં ધનુષ એપીજે કલામની ભૂમિકા ભજવશે. આ ફિલ્મ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના પુસ્તક 'વિંગ્સ ઓફ ફાયર' પર આધારિત હશે, જેમાં બાળપણથી રાષ્ટ્રપતિ બનવા સુધીની તેમની સફર દર્શાવવામાં આવશે.આ ફિલ્મનું નિર્માણ અભિષેક અગ્રવાલ અને ભૂષણ કુમાર કરશે. તેમની ફિલ્મ હાલમાં નિર્માણ તબક્કામાં છે. ધનુષ અને ઓમ રાઉત બંને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા કલાકારો છે. આવી સ્થિતિમાં, બંનેનો સહયોગ જોવાનું ખૂબ જ રસપ્રદ રહેશે. ફિલ્મની રિલીઝ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. 'કલમ' પહેલા ધનુષની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' રિલીઝ થશે જેનું નિર્દેશન આનંદ એલ રાય કરી રહ્યા છે. તેમની ફિલ્મમાં મુખ્ય મહિલા ભૂમિકામાં કૃતિ સેનનનો પણ સમાવેશ થાય છે.બુધવારે ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે આ ફિલ્મના કલાકારોમાં ધનુષનું નામ જોવા મળ્યું, ત્યારે ચાહકોમાં ફિલ્મ માટે ઉત્સાહ ખૂબ જ વધી ગયો.

**આ ફિલ્મનું નિર્માણ અભિષેક અગ્રવાલ અને ભૂષણ કુમાર કરશે**




### દિગ્દર્શક પ્રિયદર્શન-અભિનેતા સુનીલ પરેશના આ પગલાથી દુ:ખી અને આશ્ચર્યચકિત

# હેરા ફેરી-૩ પહેલા પણ પરેશ રાવલે અક્ષયની એક ફિલ્મ છોડી જ હતી

'હેરા ફેરી ૩' ફિલ્મ છોડવાનું કારણ પરેશ રાવલની વધુ ફીની માંગ પણ હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર અભિનેતા અને નિર્માતા તરીકે કામ કરી રહ્યા છે. આ પહેલી વાર નથી જ્યારે પરેશ રાવલે અક્ષય કુમાર સ્ટારર ફિલ્મ છોડી દીધી હોય. તેણે આ પહેલા પણ કર્યું છે.'હેરા ફેરી ૩' ફિલ્મમાંથી પરેશ રાવલના બહાર નીકળ્યા બાદ, ફિલ્મના ભવિષ્ય અંગે પ્રશ્નો ઉભા થયા છે. એવું જાણવા મળ્યું છે કે અક્ષય કુમારે પરેશ પર અચાનક પ્રોજેક્ટ્સ છોડી દેવા અને તેને બરબાદ કરવા બદલ ૨૫ કરોડ રૂપિયાનો દાવો દાખલ કર્યો છે. જ્યારે દિગ્દર્શક પ્રિયદર્શન અને અભિનેતા સુનીલ શેટ્ટી પરેશના આ પગલાથી દુઃખી અને આશ્ચર્યચકિત છે. તમને જાણીને આઘાત લાગશે કે આ પહેલી વાર નથી જ્યારે પરેશ રાવલે અક્ષય કુમાર સ્ટારર ફિલ્મ છોડી દીધી હોય.'હેરા ફેરી ૩' પહેલા, અક્ષય કુમાર અને પરેશ રાવલ ફિલ્મ ઓએમજી ૨ માં સાથે કામ કરવાના હતા. બંને મૂળ ઓએમજી માં સાથે જોવા મળ્યા હતા. જોકે, પરેશે બીજો ભાગ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ ફિલ્મમાં તેમના સ્થાને અભિનેતા પંકજ ત્રિપાઠીને લેવામાં આવ્યા. એવું કહેવામાં આવ્યું હતું કે પરેશ રાવલે સ્ક્રિપ્ટમાં સમસ્યાઓના કારણે આ ફિલ્મ કરવાનો ઈનકાર કરી દીધો હતો. અભિનેતાએ બોલિવૂડ બબલ સાથે ઓએમજી ૨ છોડવા વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'મને સ્ક્રિપ્ટ પસંદ ન આવી તેથી હું તેનો ભાગ બનવા માંગતો ન હતો.' મને પહેલા ભાગના નામે પૈસા કમાવવા માટે સિક્વલ બનાવવાનું પસંદ નથી, જેમ આપણે હેરાફેરીના કિસ્સામાં કર્યું હતું.જ્યારે બોલિવૂડ હંગામાએ કહ્યું કે પરેશ રાવલે ઓએમજી ૨ છોડી દીધી કારણ કે તે તેની ફીથી નાખુશ હતો. પોર્ટલે સૂત્રને ટાંકીને કહ્યું હતું કે, 'ઓહ માય ગોડ ૨ માટે પરેશ રાવલ પહેલી પસંદગી હતા. નિર્માતાઓએ પણ તેમની સાથે વાત કરવાનું શરૂ કરી દીધું હતું. જોકે, અભિનેતાને લાગે છે કે તેને તેની બજાર કિંમત કરતાં વધુ ચૂકવણી કરવી જોઈએ કારણ કે તે પહેલા ભાગમાં મુખ્ય હીરો હતો અને તે ફિલ્મની સફળતાનું એક મોટું કારણ પણ હતો. પરંતુ નિર્માતાઓએ વિચાર્યું કે પરેશને વધુ પૈસા આપવાથી તેમનું બજેટ વધશે.'હેરા ફેરી ૩' ફિલ્મ છોડવાનું કારણ પરેશ રાવલની વધુ ફીની માંગ પણ હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર અભિનેતા અને નિર્માતા તરીકે કામ કરી રહ્યા છે. અહેવાલો અનુસાર, પરેશે ફિલ્મ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા અને સાઈનિંગ રકમ લીધી હતી જે તેની ફી કરતા ઘણી વધારે હતી. પછીથી, તે અચાનક પાછળ હટી ગયો. તેમને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને, અક્ષય કુમારે તેમને ૫ કરોડ રૂપિયાની કાનૂની નોટિસ મોકલી છે. આ અંગે દિગ્દર્શક પ્રિયદર્શને કહ્યું હતું કે અક્ષયે યોગ્ય કામ કર્યું કારણ કે તેણે પૈસા ગુમાવ્યા છે. જ્યારે સુનિલ શેટ્ટી કહે છે કે 'હેરા ફેરી ૩' પરેશ રાવલ વિના બની શકે નહીં.

**અક્ષય કુમારે પરેશ રાવલ ૨૫ કરોડ રૂપિયાની કાનૂની નોટિસ મોકલી છે**





# કંગના રનૌતને વર્ષો પહેલા ફિલ્મ નકારવા માટે મળી હતી ધમકી

કંગના રનૌતે વર્ષ ૨૦૦૬ માં અનુરાગ બાસુ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'ગેંગસ્ટર થી પોતાની ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણીના ૧૯ વર્ષના કરિયરમાં, તેણીએ ૩૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે, જેમાં 'ફેશન', 'તનુ વેડ્સ મનુ', 'ક્વીન', 'મણિકર્ણિકા' અને 'થલાઈવી'નો સમાવેશ થાય છે. જો કે, તેમના ફિલ્મી કરિયર દરમિયાન, તેમણે ઘણી મોટી ફિલ્મોને પણ નકારી કાઢી છે, જેણે બોક્સ ઓફિસ પર ખૂબ જ સારો દેખાવ કર્યો હતો. આવી જ એક ફિલ્મ ૯ વર્ષ પહેલા રિલીઝ થઈ હતી.અહીં આપણે સલમાન ખાનની ફિલ્મ 'સુલતાન' વિશે વાત કરી રહ્યા છીએ જે ૨૦૧૬ માં રિલીઝ થઈ હતી, જેમાં અનુષ્કા શર્મા જોવા મળી હતી. આ ફિલ્મ આદિત્ય ચોપરા દ્વારા બનાવવામાં આવી હતી. જેણે ૯૦ કરોડ રૂપિયાના બજેટમાં ૬૨૩ કરોડ રૂપિયાની કમાણી કરી. આદિત્ય ચોપ રાએ પોતાની દિગ્દર્શક કારકિર્દીની શરૂઆત ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' થી કરી હતી, જે હિન્દી સિનેમામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ હતી. ભલે તે પોતે લાઈમ લાઈટથી દૂર રહે છે, તેમણે 'મોહબ્બતેં', 'વીર-ઝારા', 'ધૂમ' અને 'પઠાણ' જેવી ઘણી સુપરહિટ ફિલ્મો બનાવી છે. આ ફિલ્મો દ્વારા તેમણે ઘણા સ્ટાર્સના કરિયરને વેગ આપ્યો અને યશ રાજ બેનરને વધુ મજબૂત બનાવ્યું. આદિત્ય ચોપરાને ફિલ્મ ઉદ્યોગના સૌથી વ્યાવસાયિક લોકોમાંના એક ગણવામાં આવે છે. તે ખૂબ જ ખાનગી જીવન જીવે છે અને મીડિયાથી દૂર રહેવાનું પસંદ કરે છે. પરંતુ તેમ છતાં, તે કેટલાક વિવાદોને કારણે સમાચારમાં રહ્યો છે. કંગના સાથે જ્યારે તેમનો ઝઘડો થયો ત્યારે તેઓ સૌથી વધુ ચર્ચામાં આવ્યા. બંને વચ્ચેનો આ વિવાદ તે સમયે ઘણી હેડલાઈન્સ બન્યો હતો અને આજે પણ તે હેડલાઈન્સ બનાવી રહ્યો છે. જ્યારે કંગના રનૌતે એક ચેનલ સાથેના સવાલ જવાબમાં બોલિવૂડની ઘણી મોટી હસ્તીઓ સામે અવાજ ઉઠાવ્યો. તેમણે કહ્યું કે એક દિગ્દર્શક તેમના ઘરે એક ફિલ્મની સ્ક્રિપ્ટ સંભળાવવા આવ્યા હતા. બાદમાં જ્યારે તેણીએ ફિલ્મ કરવાનો ઈનકાર કર્યો, ત્યારે તે આદિત્ય ચોપરાને મળવા ગઈ અને માફી પણ માંગી. શરૂઆતમાં બધું બરાબર લાગતું હતું, પરંતુ જ્યારે સમાચાર ફેલાઈ ગયા કે કંગનાએ 'સુલતાન' ફિલ્મને નકારી કાઢી છે, ત્યારે આદિત્યએ ગુસ્સામાં તેને મેસેજ કર્યો અને પૂછ્યું કે તેની હિંમત કેવી રીતે થઈ?.જો આણે આદિત્ય ચોપરાના અંગત જીવનની વાત કરીએ તો, તેમણે ૨૦૧૪માં રાની મુખર્જી સાથે ઈટાલીમાં એક ખાનગી સમારંભમાં પરંપરાગત બંગાળી રીતરિવાજો સાથે લગ્ન કર્યા હતા. ૨૦૧૫માં, તેમને એક પુત્રીનો જન્મ થયો, જેનું નામ આદિરા છે. રાનીએ યશ રાજની ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. ૨૦૦૯માં જ્યારે આદિત્યએ તેની પહેલી પત્ની પાયલ ખન્નાથી છૂટાછેડા લીધા, ત્યારે રાની કેટલીક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી હતી.

**દિગ્દર્શિત ફિલ્મ 'ગેંગસ્ટર' થી પોતાની ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી**

# કાન્સમાં સફેદ બનારસી સાડીમાં ઐશ્વર્યા બચ્ચન લાગી ગોર્જીયસ

## કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં બોલિવૂડ સ્ટાર્સનો ગ્લેમર જોવા મળી રહ્યો છે

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં બોલિવૂડ સ્ટાર્સનો ગ્લેમર જોવા મળી રહ્યો છે. જાહ્નવી કપૂર, અદિતિ રાવ હેદરી પછી હવે ઐશ્વર્યા રાય પણ રેડ કાર્પેટ પર આવીને જલવા નીખરી રહી છે.કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ પરથી ઐશ્વર્યા રાય બચ્ચનનો લુક જોવા માટે બધા ઉત્સુક હતા. આખરે, રાહ જોવાનો અંત આવ્યો અને રેડ કાર્પેટ પરથી અભિનેત્રીનો અદભુત લુક સામે આવ્યો.ઐશ્વર્યા રાયે કાન્સ ૨૦૨૫ માટે શાહી લુક પસંદ કર્યો છે. તે મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરાયેલ સફેદ બનારસી સાડીમાં ક્લાસી લાગી રહી હતી.હાથથી વણાયેલી કડવા આઈવરી હેન્ડલૂમ બનારસી સાડીમાં ઐશ્વર્યા એકદમ ક્લાસી દેખાતી હતી. તેમાં હાથીદાંત અને હાથથી વણાયેલા બ્રોકેડ મોટિફ્સ અને અસલી ચાંદીમાં હાથથી ભરતકામ કરેલી ઝરીનો સમાવેશ થાય છે.ઐશ્વર્યાએ આ સાડીને મેચિંગ ફુલ સ્લીવ્ઝ બ્લાઉઝ સાથે જોડી હતી. તેની બાંય પર સોનેરી ભરતકામ હતું.ઐશ્વર્યાએ સાડીને મેચિંગ ટીશ્યુ દુપટ્ટા સાથે પણ જોડી હતી જેમાં બોર્ડર પર વાસ્તવિક સોના અને ચાંદીની જરદોસી ભરતકામ હતું.તેણીને વધુ શાહી દેખાવા માટે, અભિનેત્રીએ બહુસ્તરીય ગુલાબી ઝવેરાત પહેર્યા. તેણીએ રૂબી, સોના અને હીરાથી બનેલા ગળાનો હાર અને વીંટી પહેરી હતી.ઐશ્વર્યા રાય મધ્યમ ભાગવાળી હેરસ્ટાઈલ અને વાળમાં સિંદૂર સાથે ખૂબ જ ક્લાસી દેખાતી હતી. તેણે આ લુકથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા. આ કાન્સ ૨૦૨૫ માંથી ઐશ્વર્યાનો પહેલો લુક હતો. તે ગઈકાલે જ તેની પુત્રી આરાધ્યા સાથે ત્યાં પહોંચી હતી.આ ૨૨મી વખત છે જ્યારે ઐશ્વર્યા કાન્સમાં રેડ કાર્પેટ પર ચાલી છે. આ દરમિયાન, કેમેરા સામે પોઝ આપતી વખતે, તે હાથ જોડીને ઘણી વાર નમસ્તે કહેતી જોવા મળી.

**હાથથી વણાયેલી કડવા આઇવરી હેન્ડલૂમ બનારસી સાડીમાં ઐશ્વર્યા એકદમ ક્લાસી**



# આઇસીડીએસ, બોટાદ દ્વારા પોષણ સંગમ કાર્યક્રમના શુભારંભ અને અમલીકરણ માટે વર્કશોપ યોજાયો



। (માહિતી) બોટાદ, તા.૨૩ ।

સંકલિત બાળ વિકાસ સેવા(આઈસીડીએસ), બોટાદ દ્વારા જિલ્લા પંચાયત ખાતે પોષણ સંગમ (Protocol for Management of Mal-nutrition in Children) કાર્યક્રમ અંતર્ગત CMAM/ EGF કાર્યક્રમના શુભારંભ અને અમલીકરણ માટેનો વર્કશોપ યોજાયો હતો.

કાર્યક્રમમાં ટેક હોમ રેશનમાં થી વિવિધ પૌષ્ટિક વાનગીઓ બનાવવામાં આવી હતી અને પૂર્ણા યોજના તેમજ રાજ્યની કચેરી તરફથી ફાળવેલ C-MAM & EGF પોષણ સંગમ કાર્યક્રમનું સાહિત્યના સ્ટોલ દ્વારા લોકોને માહિતી પૂરી પાડવામાં આવી હતી. પ્રોગ્રામ ઓફિસરશ્રી ડો. હસીના મન્સૂરીએ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. તેમણે સમુદાય આધારિત વ્યવસ્થાપન (C-MAM & EGF) ૧૦ પગલાનું મહત્વ તેમજ કુપોષણ વિશે જાણકારી આપી હતી. તેમણે પોષણ અંગેની જાગૃતતા તેમજ C-MAM & EGF કાર્યક્રમની અગત્યતાનું વ્યુહાત્મક આયોજન તેમજ બોટાદ જિલ્લાનાં ન્યુટ્રીશનલ સ્ટેટસ વિશે જાણકારી આપી સમગ્ર જિલ્લામાં પોષણ સંગમ કાર્યક્રમના શુભારંભ તથા અમલવારી અંગે વિગતવાર માહિતી આપી હતી.

ત્યારબાદ ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ક્રિષ્ના વેષ્ણનાનીએ CMAM & EGF પોષણ સંગમ કાર્યક્રમનું મહત્વ તેમજ પોષણ સંગમ મોબાઈલ એપ્લીકેશન બાબતે જાણકારી આપી હતી, ડેપ્યુટી કમિશ્નરશ્રી મનીષા પટેલ દ્વારા પોષણ સંગમ અને C-MAM કાર્યક્રમ વિશે ઉપસ્થિતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

વર્કશોપ/કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ભારતીબેન ધોળકીયા, તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓ, તમામ મેડીકલ ઓફિસરશ્રીઓ, RBSK ડી.સી-NNM વિશ્વકીંકર દુધરેજીયા તેમજ બોટાદ જિલ્લાના તમામ બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓ, તમામ મુખ્યસેવિકાશ્રીઓ,પ્રોગ્રામ ઓફિસરશ્રીની કચેરીના તમામ કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકાના પીપળીયા ખાતે રહેતી યુવતીનુ AIIMSમાં પસંદગી થતાં તાલુકાના ગૌરવ વધાર્યું



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

ઝાલોદ તાલુકાના પીપળીયા ખાતે રહેતી બારીયા આશાબેનની AIIMSમાં પસંદગી થતાં પરિવાર સહિત તાલુકાનુ ગૌરવ વધાર્યું. AIIMSમાં પસંદગી થવું મોટા ભાગના વિધાર્થીઓનુ સપનુ હોતું હોય છે. ત્યારે બારીયા આશાબેન દ્વારા ભારે મહેનત કરવામાં આવી હતી. જે મહેનતના ભાગ રૂપે યુવતીનું AIIMS new Delhi ખાતે પસંદગી થઈ. દાહોદ જિલ્લામાં લોકો ઓછું ભણતર મેળવેલ હોય ત્યારે આદિવાસી સમાજની દીકરી AIIMS ખાતે પસંદગી થતાં સમાજમાં પણ ખુશીની લહેર જોવા મળી.

# ઝાલોદ તાલુકામાં રાત્રી દરમિયાન આવેલ વાવાઝોડામા ઝાડ અને લાઇટના થાંભલા પડી જતાં અમુક વિસ્તારોમાં અંધારપટ છવાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

ઝાલોદ તાલુકામાં ૨૨-૦૫-૨૦૨૫ ગુરૂવારના રોજ અંદાજીત રાત્રીના ૧૦ કલાક પછી વાવાઝોડા સાથે વરસાદ પડેલ હતો.

નગરમાં વાવાઝોડું આવતા આખા નગરમાં તુરંત અંધારપટ છવાયો હતો. ત્યારબાદ અંદાજીત રાત્રીના ૧૨ વાગ્યે અમુક વિસ્તારોમાં લાઈટ આવી ગયેલ હતું જ્યારે અમુક વિસ્તારોમાં રાત્રી દરમ્યાન આવેલ વાવાઝોડા સાથેના વરસાદમાં ઝાડ તેમજ લાઈટના થાંભલા પડી જતાં તે વિસ્તારોમાં રાત્રી દરમ્યાન લાઈટ આવેલ ન હતું. હાલ નગરમાં ચાલતા કમૌસમી વરસાદને લઈ નગરમાં ડબલ ઋતુનો સામનો કરવો પડી રહેલ છે.

# રાશનકાર્ડ ધારકો 'માય રાશન' મોબાઈલ એપથી સરળ રીતે ફેસ બેઝ્ડ ઈ-કેવાયસી જાતે કરી શકે છે

## સાયલન્ટ કે બ્લોક થયેલા કાર્ડનું પણ ઈ-કેવાયસી સરળતાથી થઈ શકશે




। સુરત, તા.૨૩ ।

ભારત સરકાર દ્વારા રાશનકાર્ડધારકો અને તેમાં નોંધાયેલા સભ્યોના આધારસીડિંગ સાથે ૧૦૦ ટકા ઈ-કેવાયસીની કામગીરી પૂર્ણ કરવાની સૂચના મુજબ સુરત જિલ્લામાં આ કામગીરી પ્રગતિમાં છે. MY RATION MOBILE APPથી રાશનકાર્ડધારકો સરળ રીતે ઘરે બેઠા પણ જાતે જ 'ફેસ ઓથેન્ટિ-કેશન' આધારિત E-KYC કરી શકે છે. આ માટે કોઈ હેલ્પ સેન્ટર પર જવાની જરૂર રહેતી નથી. જિલ્લા પૂરવઠા અધિકારી શ્રી દર્શન શાહે E-KYCની પ્રક્રિયા વિષે જાણકારી આપતા કહ્યું કે, સૌપ્રથમ ગૂગલ પ્લે સ્ટોરમાંથી my Ration app ડાઉનલોડ કરો.

એ પછી પ્રોફાઈલમાં ક્લિક કરવાથી, ઓપન થતાં પેજમાં 'તમારું રાશનકાર્ડ લિંક કરો' વિકલ્પ પસંદ કરો. એ પછી રાશનકાર્ડ નંબર અને આધાર-કાર્ડના છેલ્લા ચાર આંકડા નાંખી, 'તમારું રાશનકાર્ડ લિંક કરો' વિકલ્પ પસંદ કરો. પછી સંમતિ આપી 'આધાર ઓટીપી' જનરેટ કરો. એ પછી ઓટીપી દાખલ કરતાં 'RATION CARD Linked Successfully, You can up-date details now' તેવો મેસેજ સ્ક્રીન પર દેખાશે. આમ એપ સાથે રાશનકાર્ડ લિંક થઈ થયા બાદ ફેસ બેઝ્ડ ઈ-કેવાયસી માટે એપને બંધ કરીને ફરી ઓપન કરવી જરૂરી છે. રાશનકાર્ડમાં નોંધાયેલા જે સભ્યોના આધારકાર્ડ રાશનકાર્ડમાં સીડ થયેલા હશે, માત્ર એવા જ સભ્યો એપ દ્વારા ઈ-કેવાયસી કરી શકશે. 'માય રાશન' એપના હોમ પર ઈ-કેવાયસી પસંદ કરવાથી સ્કીન પર દેખાતા Download AadharFace App' પર ક્લિક કરતા, આ એપ ડાઉનલોડ થશે. બાદ સૂચનાઓ ધ્યાનથી વાંચી, ચેકબોક્સ પસંદ કરીને 'કાર્ડની વિગતો મેળવો' પર ક્લિક કરવું. બાદ રેશનકાર્ડ ચકાસી, સ્ક્રીન પર દેખાતો કોડ દાખલ કરી, 'કાર્ડના સભ્યોની વિગતો મેળવો (સ્ટેપ-૧)' ક્લિક કરવું. એ પછી 'આધાર ઈ-કેવાયસી' માટે સભ્ય પસંદ કરો' પર ક્લિક કરી, જે સભ્યનું ઈ-કેવાયસી કરવાનું હોય તેનું નામ પસંદ કરવાનું રહેશે. ત્યારબાદ 'આ સભ્યમાં આધાર ઈ-કેવાયસી કરો (સ્ટેપ-૨) પર ક્લિક કરો. એ પછી સંમતિ આપી ચેકબોક્સ પર ક્લિક કરો. બાદ 'ઓટીપી જનરેટ (સ્ટેપ-૩)' પર ક્લિક કરો. મોબાઈલમાં આવેલો ઓટીપી દાખલ કરી, 'ઓટીપી ચકાસો (સ્ટેપ-૪)' પર ક્લિક કરવાથી, ચહેરો કેપ્ચર કરવા માટે કેમેરો ઓપન થશે. ફેસ ઓથેન્ટિ-કેશન વખતે સ્કીન પર દેખાતો ચહેરો તમારો ચહેરો કેમેરા સામે સીધો રાખી આંખ પટપટાવો સહિતની સૂચનાઓ અનુસરો. ચહેરો સફળતાપૂર્વક કેપ્ચર થયા બાદ સ્કીન પર આધારકાર્ડની વિગતો, જેમ કે જન્મતારીખ, જાતિ, નામ, સરનામું દેખાશે. એ પછી 'મંજૂરી માટે વિગત મોકલો' ક્લિક કરવાથી અરજી મંજૂરી માટેની વિનંતી સંબંધિત પૂરવઠા કચેરીએ પહોંચી જશે. 'માય રાશન મોબાઈલ એપ'માં આ રીતે કોઈપણ રાશનકાર્ડધારક ઘરે બેઠા ઈ-કેવાયસી કરી શકે છે.

આ પદ્ધતિથી સાયલન્ટ કે બ્લોક થયેલા રાશનકાર્ડનું પણ ઈ-કેવાયસી થઈ શકે છે. રાશનકાર્ડમાં નોંધાયેલા સભ્ય પૈકી કોઈપણ એક સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં સીડ થયેલા હોય, તો પણ તે રેશનકાર્ડના અન્ય સભ્યોના આધાર નંબર તેમાં લિંક કરી ઈ-કેવાયસી કરી શકાશે. આમ આધાર સીડિંગ માટે ઓછામાં ઓછા એક સભ્યનું આધાર રેશનકાર્ડ સાથે લિંક હોવું જરૂરી છે. જો રાશનકાર્ડ સાથે આધારકાર્ડ સીડ ના થયેલું હોય તો ઝોનલ કચેરી, તાલુકા મામલતદાર કે ગ્રામ પંચાયત કચેરી, પોસ્ટ ઓફિસનો રેશનકાર્ડ તથા આધાર-કાર્ડ સાથે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

# નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ, બોટાદ દ્વારા સારંગપુર, તા. બરવાળા ખાતે પ્રાકૃતિક કૃષિ અંગેની પાંચ દિવસીય તાલીમ યોજાઈ



। (માહિતી) બોટાદ, તા.૨૩ ।

નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ, બોટાદ દ્વારા સારંગપુર, તા. બરવાળા ખાતે બોટાદ જિલ્લા આત્મા પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રમુખ સ્વામી પ્રાકૃતિક કૃષિ તાલીમ કેન્દ્ર ખાતે કૃષિ સખી/કારોની પ્રાકૃતિક કૃષિ અંગેની પાંચ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાકૃતિક કૃષિમાં આમૂલ પરિવર્તન લાવવાના ઉમદા આશયથી કૃષિ સખીઓને પ્રાકૃતિક ખેતીની પ્રત્યક્ષ અને અભ્યાસની તાલીમ આપવામાં આવી રહી છે. વધુમાં આ તાલીમમાં દેશી ગાય આધારીત ખેતી કઈ રીતે કરવી?, ઘરમાં જ રહેલી સામગ્રીના ઉપયોગથી ખેતી કરવા સહીતના વિષયો ઉપર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ સરકારશ્રીની પ્રાકૃતિક કૃષિ સંલગ્ન યોજના વિશે જાણકારી આપવામાં આવી હતી. આ તાલીમ દ્વારા પ્રાકૃતિક કૃષિ થકી મહિલા સ્વાવલંબી અને આત્મનિર્ભર બને તેવો પણ એક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રીય પ્રાકૃતિ ખેતી મિશન અંતર્ગત જિલ્લામાં ૩ ગ્રામ પંચાયત દીઠ ૧ ક્લસ્ટર પ્રમાણે કૃષિ સખી તેમજ કોમ્યુનિટી રિસોર્ટ પર્સન CRPની પસંદગી કરી પ્રાકૃતિક ખેતીની કામગીરી કરવામાં આવી રહી છે. જેના થકી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા પ્રેરણા પૂરી પાડવામાં આવી રહી છે.

# પોલીસ દોસ્ત...બોટાદ જિલ્લાના બાળકો માટે પોલીસ કર્મીઓ બન્યા મિત્રો....

## સુરક્ષા સેતુ સોસાયટી- બોટાદ જિલ્લા પોલીસ દ્વારા સ્ટુડન્ટ પોલીસ કેડેટ અંતર્ગત સમર કેમ્પ-૨૦૨૫નું આયોજન થયું



। બોટાદ, તા.૨૩ ।

હસ્તા, રમતા-નાચતા, કૂદતા, ક્યારેક વિજ્ઞાન વિશે જાણતા, તો ક્યારેક સંગીતના તાલે ઝુમ્બા કરતા...મનભાવન ભોજન જમતા તો ક્યારેક પરેડ અને યોગાસનોથી સ્વસ્થતા તરફ આગળ વધતા આ નાના બાળકો માટે બોટાદ જિલ્લા પોલીસ કર્મીઓ બની ગયા છે તેમના પાક્કાં દોસ્ત...

બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બળોળીયાના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ અધિક્ષકશ્રી એ.એ. સૈયદના નેતૃત્વ હેઠળ બોટાદ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી- બોટાદ જિલ્લા પોલીસ દ્વારા સ્ટુડન્ટ પોલીસ કેડેટ અંતર્ગત સમર કેમ્પ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને સંગીત, ઝુમ્બા ડાન્સ, કસરત, પરેડ, યોગ, આકાશ દર્શન તેમજ બાળકોને સ્પર્શતા સંવેદનશીલ મુદ્દાઓ પર ખાસ સેશન યોજાયું હતું. જેમાં ૨૫૦ જેટલા કેડેટ્સે ભાગ લીધો હતો, અને ૫૦ જેટલા નિષ્ણાતો દ્વારા આ સેશનમાં તાલીમ આપવામાં આપવામાં આવી હતી. સમરકેમ્પ ના પ્રથમ દિવસે બાળકોના જૂથોનો ભારત સરકારની સેનાની વિવિધ મિસાઈલ બ્રહ્મોસ, પૃથ્વી, અગ્નિ, સુદર્શન ગ્રુપના નામ પાડી તેમના પરિચય સાથે શુભારંભ કરાયો. અને કેડેટ્સને પિરસાયા અવનવાં વ્યજંનો...

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે "વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" વિષય આધારિત લોકજાગૃતિ અભિયાનનું આયોજન

## વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ આગામી તા. ૫ જૂન સુધી યોજાનાર આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો




। ગાંધીનગર, તા.૨૩ ।

વિશ્વભરમાં દર વર્ષે તા. ૫ જૂનના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે યોજાનારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ગીર ફાઉન્ડેશન-ગાંધીનગર દ્વારા આગામી તા. ૫ જૂન સુધી "વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" વિષય પર લોકજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ પર્યાવરણીય પડકારો તેમજ પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે જનજાગૃતિ કેળવવા વિવિધ કાર્યક્રમોનું આયોજના કરવામાં આવશે.

આ અભિયાનના ભાગરૂપે આજે તા. ૨૨ મેના રોજ વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ ગીર ફાઉન્ડેશન ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન-ગાંધીનગર ખાતેથી "પ્લાસ્ટિક એકત્રીકરણ ઝુંબેશ"નો પ્રારંભ કરાવ્યો હતો. ગીર ફાઉન્ડેશન-ગાંધીનગર તેમજ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આ ઝુંબેશ દરમિયાન મંત્રીશ્રીએ ઈંદ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે ઉભા કરાયેલા "પ્લાસ્ટિક એકત્રીકરણ કેન્દ્ર"નો પણ શુભારંભ કરાવ્યો હતો. આ કેન્દ્ર ખાતે પ્લાસ્ટિક કચરો જમા કરાવનાર બાળકોને પ્રોત્સાહનરૂપે મંત્રીશ્રીના હસ્તે રીસાયકલ કરેલા પ્લાસ્ટિકથી બનેલી ઉપયોગી ચીજ-વસ્તુઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત મંત્રીશ્રીએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતેથી જન જાગૃતિ બાઈક રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં વન વિભાગ, ગીર ફાઉન્ડેશન, GPCB તેમજ અન્ય સહયોગી સંસ્થાઓના અધિકારી-કર્મચારીઓ તેમજ શાળાના બાળકોએ મોટી સંખ્યામાં જોડાઈને પર્યાવરણ સંરક્ષણનો સંદેશો સામાન્ય જનતા સુધી પહોંચાડ્યો હતો. આટલું જ નહિ, આ પ્રસંગે ઉપસ્થિત મંત્રીશ્રી સહિતના સૌ મહાનુભાવો અને નાગરિકોએ 'મિશન લાઈફ'માં જોડાઈને રોજિંદા જીવનમાં પર્યાવરણ-સાનુકૂળ ફેરફારો લાવવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

# આણંદ નિવાસી અધિક કલેકટરશ્રી આર.એસ.દેસાઈના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો

। (માહિતી) આણંદ, તા.૨૩ ।

નિવાસી અધિક કલેકટરશ્રી આર.એસ. દેસાઈના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, આણંદ ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લાના પ્રજાજનોની સુખાકારી અને તેમના પ્રશ્નોના ઝડપી નિવારણ માટે આયોજિત આ સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા કક્ષા અને તાલુકા-ગ્રામ્યકક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમને અનુલક્ષીને અરજદારોની ફરિયાદોને હકારાત્મક અભિગમ આપીને જિલ્લા કક્ષાએથી વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા રજૂ કરાયેલ ૦૭ જેટલા પ્રશ્નો મુદ્દે જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે જરૂરી જાણકારી મેળવી અરજદાર સાથે વાત કર્યા બાદ ૦૭ પૈકી ૦૫ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. બાકી રહેલ ૦૨ પ્રશ્ન વધુ વિગત મેળવીને આગામી માસના જિલ્લા સ્વાગતમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિત સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારા પ્રિયપાત્રની વફાદારી પર શંકા ન કરતા. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમને સારા સમાચાર મળવાની શક્યતા છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

**કર્ક (ડ,હ) :**
આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે. કામના સ્થળે તમારી સફળતના માર્ગમાં જેઓ અંતરાય બની રહ્યા હતા, તેઓ આજે તમારી નજર સામે ગંભીર પડતીનો સામનો કરશે.

**સિંહ (મ,ટ) :**
આજે પરિવાર સાથે મોજ-મજા માણવા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો, પરંતુ કોઈ મહત્વપૂર્ણ કામ ના આગમન ને કારણે આ યોજના સફળ નહીં થાય, જેના કારણે તમારી વચ્ચે બોલાચાલી થઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારી પત્ની પરનો કામનો બોજ ઘટાડવા ઘરના કામકાજમાં તેની મદદ કરજો. આ બાબત શૅરિંગ તથા આનંદની લાગણીને પ્રોત્સાહિત કરશે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**તુલા (ર,ત) :**
આજે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો. નવા ગ્રાહકો સાથે વાટાઘાટો ચલાવવા માટે અદભુત દિવસ.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. આજે ઉચ્ચતમ દેખાવ અને ઉચ્ચતમ લોકોને મળવાનો દિવસ છે.

**મકર (ખ,જ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે. નવા સંયુક્ત સાહસો તથા ભાગીદારી પર સહી-સિક્કા કરવાથી દૂર રહો.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો.

### જૂનમાં બાંગ્લાદેશ સામે પોતાની છેલ્લી ટેસ્ટ મેચ રમશે

# એન્જેલો મેથ્યુઝે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની આખરે જાહેરાત કરી

। (એજન્સી) કોલંબો, તા.૨૩ ।

શ્રીલંકાના મહાન ક્રિકેટરોમાંના એક એન્જેલો મેથ્યુઝે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. મેથ્યુઝે કહ્યું કે તે જૂનમાં બાંગ્લાદેશ સામે પોતાની છેલ્લી ટેસ્ટ મેચ રમશે. આ મેચ ૧૭ થી ૨૧ જૂન દરમિયાન ગાલેમાં રમાશે. મેથ્યુઝે ૨૩ મે (શુક્રવાર) ના રોજ સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરીને આ જાહેરાત કરી હતી. મેથ્યુઝે સ્પષ્ટતા કરી કે તે વ્હાઈટ બોલ ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે. લગભગ ૧૬ વર્ષની પોતાની ટેસ્ટ કારકિર્દીમાં મેથ્યુઝે પોતાની કેપ્ટનશીપથી પણ શ્રીલંકાના ચાહકોના દિલમાં ખાસ સ્થાન બનાવ્યું છે. એન્જેલો મેથ્યુઝે ઠ પર લખ્યું હતું કે, હવે સમય આવી ગયો છે કે હું ક્રિકેટના સૌથી પ્રિય ફોર્મેટ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહું. છેલ્લા ૧૭ વર્ષથી શ્રીલંકા માટે ક્રિકેટ રમવું એ મારા જીવનનો સૌથી મોટુ સન્માન અને ગર્વ રહ્યું છે. જ્યારે કોઈ ખેલાડી રાષ્ટ્રીય ટીમની જર્સી પહેરે છે, ત્યારે તેને જે દેશભક્તિ અને સેવાની લાગણી થાય છે તેની તુલના કોઈ પણ વસ્તુ સાથે કરી શકાતી નથી. મેં ક્રિકેટને બધું જ આપ્યું છે અને બદલામાં ક્રિકેટે મને ઘણું બધું આપ્યું છે, મને આજે હું જે છું તે વ્યક્તિ બનાવ્યો છે.

તેમણે આગળ લખ્યું હતું કે, હું આ રમતનો આભારી છું અને હજારો શ્રીલંકન ક્રિકેટ ચાહકોનો હૃદયપૂર્વક આભાર માનું છું જેઓ મારી કારકિર્દીના ઉતાર-ચઢાવમાં હંમેશા મારી સાથે રહ્યા. જૂનમાં બાંગ્લાદેશ સામેની પહેલી ટેસ્ટ મેચ મારી ટેસ્ટ કારકિર્દીની છેલ્લી મેચ હશે. પસંદગીકારો સાથે ચર્ચા કર્યા મુજબ, જો મારા દેશને મારી જરૂર હોય તો, ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ પછી હું વ્હાઈટ બોલ (વનડે અને ટી૨૦) ક્રિકેટમાં પસંદગી માટે ઉપલબ્ધ રહીશ. મેથ્યુઝે વધુમાં લખ્યું હતું કે, મને વિશ્વાસ છે કે આ ટેસ્ટ ટીમ એક પ્રતિભાશાળી ટીમ છે, જેમાં ભવિષ્ય અને વર્તમાન યુગના ઘણા મહાન ખેલાડીઓ છે. મને લાગે છે કે આ યોગ્ય સમય છે કે કોઈ યુવા ખેલાડીને તક આપવામાં આવે જેથી તે દેશ માટે ચમકી શકે. હું ભગવાન, મારા માતા-પિતા, મારી પત્ની અને બાળકો, મારા આખા પરિવાર અને નજીકના મિત્રોનો આભાર માનું છું જેમણે હંમેશા મારામાં વિશ્વાસ કર્યો અને દરેક પરિસ્થિતિમાં મને સાથ આપ્યો. હું શ્રીલંકા ક્રિકેટ અને મારા કારકિર્દી દરમિયાન હંમેશા મને ટેકો આપનારા તમામ કોચનો પણ ખાસ આભાર માનું છું. એક પ્રકરણ પૂરું થઈ રહ્યું છે, પણ રમત પ્રત્યેનો મારો પ્રેમ હંમેશા રહેશે. એન્જેલો મેથ્યુઝે જૂલાઈ ૨૦૦૯માં ગાલેમાં પાકિસ્તાન સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ૩૭ વર્ષીય મેથ્યુઝે અત્યાર સુધીમાં ૧૧૮ ટેસ્ટ મેચોમાં શ્રીલંકાનું પ્રતિનિધિત્વ કર્યું છે. જમણા હાથના ઓલરાઉન્ડર મેથ્યુઝે ટેસ્ટ મેચોમાં ૪૪.૬૨ ની સરેરાશથી ૮૧૬૭ રન બનાવ્યા છે, જેમાં ૧૬ સદી અને ૪૫ અડધી સદીનો સમાવેશ થાય છે. મેથ્યુઝે ટેસ્ટ મેચોમાં પણ ૩૩ વિકેટ લીધી હતી. મેથ્યુઝે ૩૪ ટેસ્ટ મેચોમાં શ્રીલંકાની કેપ્ટનશીપ કરી હતી.

**ન્યૂઝ બ્રિફ**

### પાક.ને આતંકવાદ બંધ કરવા તૂર્કીયે, ચીન સમજાવેઃ ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

'ઓપરેશન સિંદૂર'ની સફળતા સાથે ભારતે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સામેની લડાઈ ચાલુ રાખી છે. આતંકવાદનો રાજદ્વારી રીતે મુકાબલો કરવા ભારતે પાકિસ્તાન સમર્થક ચીન અને તૂર્કિયેને ચીમકી આપી છે. સરહદ પારના આતંકવાદને પ્રોત્સાહન આપવાનું પાકિસ્તાને બંધ કરવું જોઈએ અને આ માટે તેને તૂર્કીયે અને ચીને સમજાવવું જોઈએ. પાકિસ્તાન પ્રત્યે આ બંને રાષ્ટ્રોના વલણ સંદર્ભે ભારતે ચીમકી આપી હતી કે, એકબીજાની સમસ્યા પ્રત્યે સંવેદનશીલ રહીએ તો જ સંબંધો ટકી શકે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યુ હતું કે, ભારતના 'ઓપરેશન સિંદૂર' વખતે પાકિસ્તાને તૂર્કીયેના ડ્રોન અને ચીન બનાવટની મિસાઈલોનો ઉપયોગ કરી તણાવ વધારવા પ્રયાસ કર્યો હતો.

### પાકિસ્તાનના વિનાશ માટે વધુ સામગ્રી લાવવા જશે

# NSA અજીત ડોભાલ આવતા અઠવાડિયે રશિયાની મુલાકાતે

### અજિત ડોભાલની આ મુલાકાતનો હેતુ બાકી રહેલી S-400 વાયુ સંરક્ષણ પ્રણાલીઓની વહેલી ડિલિવરી પર ભાર મૂકવાનો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।



ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે, શાહબાઝ શરીફ અને આસીમ મુનીર વચ્ચે વધુ એક તણાવ વધવાનો છે. ભારતના NSA અજિત ડોભાલ પાકિસ્તાનના વિનાશ માટે વધુ સામગ્રી લાવવા રશિયા જઈ રહ્યા છે. હા, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ આવતા અઠવાડિયે મોસ્કો જઈ શકે છે. અજિત ડોભાલની આ મુલાકાતનો હેતુ બાકી રહેલી S-400 વાયુ સંરક્ષણ પ્રણાલીઓની વહેલી ડિલિવરી પર ભાર મૂકવાનો છે. જો સૂત્રોનું માનીએ તો, મોસ્કોની તેમની મુલાકાત દરમિયાન, અજિત ડોભાલ સુરક્ષા મુદ્દાઓ પર ઉચ્ચ પ્રતિનિધિઓની ૧૩મી આંતરરાષ્ટ્રીય બેઠકમાં ભાગ લઈ શકે છે. આ બેઠક ૨૭ થી ૨૯ મે દરમિયાન મોસ્કોમાં યોજાશે અને તેની અધ્યક્ષતા રશિયન સુરક્ષા પરિષદના સચિવ સેરગેઈ શોઈગુ કરશે. આ દરમિયાન, અજિત ડોભાલ બાકીની બે S-400 વાયુ સંરક્ષણ પ્રણાલીઓની વહેલી ડિલિવરીનો મુદ્દો ઉઠાવી શકે છે. NSA અજિત ડોભાલ પોતે મોસ્કો જશે અને S-400 એર ડિફેન્સ સિસ્ટમની વહેલી ડિલિવરી માટે ફોર્સ કરશે. ઓપરેશન સિંદૂર દ્વારા આખી દુનિયાએ જોયું છે કે S-400 ભારત માટે કેટલું મહત્ત્વપૂર્ણ છે. પાકિસ્તાન તેના નામથી જ ડરે છે. ભારત પાસે હાલમાં 3 S-400 છે. ભારતમાં તેનું નામ સુદર્શન ચક્ર છે. બાકીના S-400ના આગમનથી પાકિસ્તાનનો તણાવ વધુ વધશે. વર્ષ ૨૦૧૮માં, ભારતે S-400 એર ડિફેન્સ સિસ્ટમ યુનિટ્સ ૫.૪ બિલિયન ડોલર એટલે કે ૩૫,૦૦૦ કરોડ રૂપિયામાં ખરીદ્યા હતા. આમાંથી, ત્રણ સિસ્ટમો પહોંચાડવામાં આવી છે. વધુ બે સિસ્ટમની રાહ જોવાઈ રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને અન્ય પડકારોને કારણે, S-400 ની ચોથી સ્ક્વોડ્રન ૨૦૨૫ ના અંત સુધીમાં અને પાંચમી સ્ક્વોડ્રન ૨૦૨૬ માં આવવાની ધારણા છે. S-400 ની ક્ષમતા તાજેતરમાં જ ચર્ચામાં આવી જ્યારે આ સંરક્ષણ પ્રણાલીએ ૩૦૦ થી વધુ પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યા.

### અમેરિકા એકલું નહોતું, ઘણાં દેશોએ વાત કરી

। વોશિંગ્ટન, તા.૨૩ ।

ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે સ્પષ્ટ કરી દીધું કે, ભારત અને પાકિસ્તાને સીધી વાત કરી સંઘર્ષ વિરામ પર સંમતિ વ્યક્ત કરી હતી. આ સાથે જ તેમણે કહ્યું કે, બીજા ઘણાં દેશ છે જે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત સાથે સંપર્ક સાધી રહ્યા હતા. ખાસ વાત એ છે કે, આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે, જ્યારે અમેરિકાએ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી દાવો કર્યો કે, ભારત અને પાકિસ્તાનની વચ્ચે તેમણે સીઝફાયર કરાવ્યું હતું. નેધરલેન્ડમાં એક ટીવી ઈન્ટરવ્યુ દરમિયાન જયશંકરે આ મુદ્દે ખુલીને વાત કરી હતી. મળતી માહિતી અનુસાર, જયશંકરે એ વાત પર ભાર મૂક્યો કે, ભારતે અમેરિકા સહિત દરેક દેશને કહ્યું હતું કે, પાકિસ્તાન સીઝફાયર ઈચ્છે છે તો તેને ભારત સાથે સીધી વાત કરવી પડશે.

### પ્રિટી ઝિન્ટાએ કોર્ટમાં કરી ફરિયાદ

# ફાઈનલ અગાઉ IPLમાં પંજાબ કિંગ્સના માલિકો વચ્ચે વિવાદ

### આ વિવાદ ૨૧ એપ્રિલ ૨૦૨૫ ના રોજ યોજાયેલી એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મીટિંગને લગતો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।



પંજાબ કિંગ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2025 માં શાનદાર પ્રદર્શન કરીને ૧૧ વર્ષ બાદ પ્લેઓફમાં જગ્યા બનાવી છે. હવે તે ટોપ ૨ માં રહેવાનો પ્રયાસ કરી રહી છે. જેથી તેને પ્લેઓફમાં તેનો લાભ મળી શકે. આ દરમિયાન, ફ્રેન્ચાઈઝીમાં હોબાળો મચી ગયો છે. ટીમની સહ-માલિક અને બોલિવૂડ અભિનેત્રી પ્રિટી ઝિન્ટાએ ઉદ્યોગપતિ મોહિત બર્મન અને નેસ વાડિયા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.પ્રિટી ઝિન્ટા, મોહિત બર્મન અને નેસ વાડિયા પંજાબ કિંગ્સ ટીમના સહ-માલિકો છે. વર્ષ ૨૦૦૮માં પંજાબ કિંગ્સ ટીમ KPH ડ્રીમ ક્રિકેટ પ્રાઈવેટ લિમિટેડ હેઠળ શરુ કરવામાં આવી હતી. તેનો ૪૮% હિસ્સો મોહિત બર્મન પાસે છે. પ્રિટી ઝિન્ટા પાસે ૨૩% અને નેસ વાડિયા પાસે ૨૩% શેર છે. આ ઉપરાંત, કરણ પોલ પાસે પણ કેટલાક શેર છે.આ વિવાદ ૨૧ એપ્રિલ ૨૦૨૫ ના રોજ યોજાયેલી એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મીટિંગ ને લગતો છે. પ્રિટી ઝિન્ટાનો આરોપ છે કે આ મીટિંગ યોગ્ય કાનૂની પ્રક્રિયા વિના અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની જોગવાઈઓ વિરુદ્ધ યોજાઈ હતી. પ્રિટી ઝિન્ટાએ ૧૦ એપ્રિલના રોજ ઈમેલ દ્વારા મીટિંગ સામે વાંધો ઉઠાવ્યો હતો, પરંતુ તેને અવગણવામાં આવ્યો હતો. તેમજ પ્રિટીનો આરોપ છે કે, મોહિત બર્મન અને નેસ વાડિયાના સમર્થનથી આ મીટિંગ કરવામાં આવી હતી. પ્રિટી ઝિન્ટા અને કરણ પોલ મીટિંગમાં હાજર રહ્યા હોવા છતાં, તેમણે કોર્ટને તેને ગેરકાયદેસર જાહેર કરવા વિનંતી કરી છે. આ મીટિંગમાં મુનિશ ખન્નાની ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી, આથી પ્રિટી ઝિન્ટા કોર્ટને મુનિશ ખન્નાને ડિરેક્ટર તરીકે કામ કરવાથી રોકવા અને કંપનીને તે મીટિંગમાં લેવાયેલા કોઈપણ નિર્ણયને લાગુ કરવાથી રોકવાની કોર્ટને વિનંતી કરી છે. પંજાબ કિંગ્સ ટીમ વિશે વાત કરીએ તો, તે પહેલા કિંગ્સ ઈલેવન પંજાબ તરીકે જાણીતી હતી. તેને ૨૦૦૮માં મોહિત બર્મન, નેસ વાડિયા, પ્રિટી ઝિન્ટા અને કરણ પોલે લગભગ ૩૦૪ કરોડ રૂપિયા (લગભગ $76 મિલિયન)માં ખરીદી હતી. પંજાબની ટીમ અત્યાર સુધીમાં ફક્ત એક જ વાર IPL ફાઈનલમાં પહોંચી છે.

### અયોધ્યામાં બીજા પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની તૈયારી

। (એજન્સી) અયોધ્યા, તા.૨૩ ।

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રમાં બીજી પ્રાણ પ્રતિષ્ઠાની તૈયારીઓ પૂર જોશમાં ચાલી રહી છે. મળતી માહિતી મુજબ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ ૩ થી ૫ જૂન દરમિયાન યોજાશે. દરમિયાન આજે એકાદશી નિમિત્તે મંદિરના પહેલા માળે સ્થિત રામ દરબારમાં મૂર્તિઓની સ્થાપના કરવામાં આવશે. આ મૂર્તિઓ રાજસ્થાની પથ્થરમાંથી બનેલી છે. જે એક દિવસ પહેલા જ જયપુરથી અયોધ્યા પહોંચી હતી. આ ઉપરાંત રામ મંદિર પરિસરમાં સ્થિત ૬ અને સપ્ત મંડપમના ૭ મંદિરોમાં વિવિધ મૂર્તિઓના અભિષેકની વિધિ ૩ જૂનથી શરૂ થશે અને ૫ જૂન સુધી ચાલુ રહેશે. ધાર્મિક વિધિઓ પહેલાં આજે એકાદશીના અવસરે રામ દરબાર અને સપ્ત મંડપમ મંદિરોમાં મૂર્તિઓની સ્થાપના કરવામાં આવશે. જો ટ્રસ્ટના અધિકારીઓનું માનવું હોય તો રામ દરબારની મૂર્તિઓ આજે સ્થાપિત કરવામાં આવશે.

### અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી સાથે ફોન પર વાત કરી

# દુનિયા આતંક સામે લડવા ભારતની સાથે આવે : ભારતીય વિદેશ મંત્રાલય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતીય વિદેશ મંત્રાલયે ગુરુવારે સાપ્તાહિક બ્રીફિંગમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના પ્રસ્થાન સહિત તમામ મુદ્દે માહિતી આપી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, અમે આતંકવાદ સામે લડવાના અમારા સંકલ્પને વિશ્વ સમક્ષ રજૂ કરી રહ્યા છીએ. અમે ઈચ્છીએ છીએ કે વિશ્વ આતંકવાદ સામે તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામે લડવા માટે એક સાથે આવે. ભારતના વિદેશ મંત્રીએ હાલમાં જ અફઘાનિસ્તાનના કાર્યવાહક વિદેશ મંત્રી સાથે ફોન પર વાત કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલેજણાવ્યું કે, આ વાતચીતમાં વિદેશ મંત્રીએ પહલગામ આતંકવાદી હુમલાની આકરા શબ્દોમાં નિંદા કરવા માટે અફઘાનના મંત્રીનો આભાર માન્યો હતો. વાતચીત દરમિયાન વિદેશ મંત્રીએ આ વાતને ફગાવી હતી કે, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે કોઈ મતભેદ છે. તેમણે કહ્યું કે, કેટલાક ખોટા અને મનફાવે તેવા રિપોર્ટ દ્વારા બંને દેશો વચ્ચે ભ્રમ ફેલાવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે, જેને ભારત સંપૂર્ણ રીતે ફગાવે છે. તૂર્કિયે અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, અમે આશા કરીએ છીએ કે, તૂર્કિયે, પાકિસ્તાનને એ અપીલ કરશે કે તેઓ બોર્ડર પાર આતંકવાદને સમર્થન આપવાનું બંધ કરે અને તે આતંકવાદી માળખા વિરૂદ્ધ વિશ્વસનીય અને આકરા પગલાં ભરે, જેને તેમણે વર્ષોથી આશરો આપી રાખ્યો છે. દ્વિપક્ષીય સંબંધો એક-બીજાની ચિંતાઓ પ્રત્યે સંવેદનશીલતાના આધાર પર જ બને છે. સેલેબી મામલે તૂર્કિયે એમ્બેસી સાથે ચર્ચા થઈ છે. પરંતુ મારી સમજ અનુસાર, આ નિર્ણય નાગરિક ઉડ્ડયન સુરક્ષા દ્વારા લેવાયો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ એ પણ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ભારતીય સંસદીય પ્રતિનિધિ મંડળની વિદેશ યાત્રામાં આતંકવાદ વિરૂદ્ધ ભારતની લડાઈને પ્રાધાન્યતાથી રજૂ કરાશે.

### પોતાને રાજાનું બિરુદ આપવું જોઈએ : ઈમરાન

# ઈમરાન ખાને સેના પ્રમુખ અસીમ મુનીરની ઉડાવી મજાક

### નોંધનીય છે કે પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરને ગત મંગળવારે ફિલ્ડ માર્શલના પદ પર પ્રમોશન આપવામાં આવ્યું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૩ ।



લાંબા સમયથી જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને દેશના સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરની મજાક ઉડાવતા તેમના પર નિશાન સાધ્યું છે. ઈમરાન ખાને ગુરુવારે કહ્યું કે અસીમ મુનીરે પોતાને ફિલ્ડ માર્શલ નહીં, પરંતુ 'રાજા'નું બિરુદ આપવું જોઈએ. નોંધનીય છે કે પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરને ગત મંગળવારે ફિલ્ડ માર્શલના પદ પર પ્રમોશન આપવામાં આવ્યું છે. તેમને આ પ્રમોશન તાજેતરમાં ભારત સાથે થયેલા સૈન્ય સંઘર્ષમાં ભૂમિકા ભજવવા બદલ મળ્યું છે. જોકે, પાકિસ્તાનની સરકાર હંમેશાં સેનાના દબાણ હેઠળ રહી છે. આ કારણે અસીમ મુનીર પર નિશાન સાધવામાં આવી રહ્યું છે અને દાવો કરવામાં આવી રહ્યો છે કે મુનીરે પોતે જ પોતાને પ્રમોશન આપ્યું છે. પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને સોશિયલ મીડિયા દ્વારા મોકલેલા મેસેજમાં કહ્યું- "જનરલ અસીમ મુનીરને ફિલ્ડ માર્શલ બનાવવામાં આવ્યા છે. જોકે, અસીમ મુનીરને રાજાનું બિરુદ આપવું વધુ સારું હોત. કારણ કે પાકિસ્તાનમાં હાલ જંગલનો કાયદો લાગુ છે. અને જંગલમાં ફક્ત એક જ રાજા હોય છે." નોંધનીય છે કે અસીમ મુનીર પાકિસ્તાનના બીજા સેના પ્રમુખ છે જેમને ફિલ્ડ માર્શલનું બિરુદ આપવામાં આવ્યું છે. આ પહેલાં આ બિરુદ આયુબ ખાનને મળ્યું હતું. ઈમરાન ખાને કહ્યું કે પાકિસ્તાનને એવી જગ્યા બનાવી દેવામાં આવી છે જ્યાં કાયદો ફક્ત નબળાઓ પર લાગુ થાય છે, શક્તિશાળી લોકો પર નહીં. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩થી જેલમાં બંધ છે. ઈમરાન ખાને કહ્યું કે તેમની સાથે કોઈ સમજૂતી થઈ નથી. આ બધી વાતો ખોટી છે. જોકે, ઈમરાન ખાને ખુલ્લેઆમ સેનાને આમંત્રણ આપ્યું છે અને કહ્યું છે કે જો સેના ખરેખર પાકિસ્તાનના હિતો અને ભવિષ્યની ચિંતા કરે છે, તો તે તેમની સાથે વાતચીત કરી શકે છે. ઈમરાન ખાને પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફને ભારત તરફથી બીજા હુમલા અંગે પણ ચેતવણી આપી છે.

### નક્સલીઓ સાથેની અથડામણમાં ભાવનગરનો જવાન શહીદ થયો

। (એજન્સી) રાયપુર, તા.૨૩ ।

છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં નક્સલવાદી ઓપરેશનમાં સીઆરપીએફના એક કોબરા કમાન્ડો શહીદ થયો હતો. જ્યારે સુરક્ષા દળની વળતી કાર્યવાહીમાં એક નક્સલી ઠાર મરાયો હતો. નકસલી હુમલામાં શહીદ થયેલો જવાન મેહુલ સોલંકી ભાવનગરના શિહોર તાલુકાના દેવગણા ગામના વતની હતો. શુક્રવારે તેમના પાર્થિવદેહને વતન લાવવામાં આવશે. બાદમાં સન્માન સાથે અંતિમવિધિ કરાશે. આ અંગે માહિતી આપતા સુરક્ષા દળના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તુમરેલ વિસ્તારમાં કેટલાંક નક્સલીઓ છુપાયાં હોવાની બાતમીને આધારે સુરક્ષા દળોએ શરૂ કરેલાં સર્ચ ઓપરેશ દરમિયાન નક્સલીઓ સાથેના એન્કાઉન્ટરમાં કોબરા કમાન્ડો મેહુલ સોલંકીને ગોળી વાગતાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે સુરક્ષા દળની વળતી કાર્યવાહીમાં એક નક્સલવાદી ઠાર મરાયો હતો. જેની ઓળખ કરવાની હજી બાકી છે.

# શિક્ષણ મંત્રાલયે શૈક્ષણિક સંસ્થાઓને તમાકુ અને માદક પદાર્થો મુક્ત બનાવવા માટે રાષ્ટ્રવ્યાપી અમલીકરણ ઝુંબેશ શરૂ કરી

। નવી દિલ્હી, તા.૨૩ ।

વિદ્યાર્થીઓ અને યુવાનોને તમાકુ અને માદક દ્રવ્યોના દુરૂપયોગની હાનિકારક અસરોથી બચાવવા તરફના એક મોટા પગલામાં, શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (DoSEL) એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTs)ને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના વિસ્તારોને તમાકુ, દારૂ અને માદક દ્રવ્યોથી મુક્ત રાખવા માટેના નિયમો અને માર્ગદર્શિકાનો સખત અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવા હાકલ કરી છે.

નાર્કો -કોઓર્ડિનેશન સેન્ટર (NCORD)ની ૮મી સર્વોચ્ચ સમિતિની બેઠક પછી, DoSELના સચિવ શ્રી સંજય કુમાર દ્વારા જારી કરાયેલ રાષ્ટ્રવ્યાપી અમલીકરણ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયના સચિવની અધ્યક્ષતામાં યોજાયેલી આ ઉચ્ચ-સ્તરીય બેઠકમાં યુવા મનને હાનિકારક પદાર્થોથી બચાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો અને શિક્ષણ અને કાયદા અમલીકરણ વિભાગો વચ્ચે સંકલિત પ્રયાસો માટે હાકલ કરવામાં આવી હતી.

**આ શા માટે મહત્વનું છે**

ભારત વિશ્વની સૌથી યુવા વસ્તી ધરાવતો દેશ છે, જેમાં ૨૯ વર્ષથી ઓછી ઉંમરના નાગરિકોની મોટી સંખ્યા છે. આ યુવા વસ્તી દેશના ભવિષ્ય માટે એક શક્તિશાળી શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમનું રક્ષણ કરે છે - જે એક મોટી વસ્તી વિષયક શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે - તે વિકાસ ભારત બનાવવા માટે મહત્વપૂર્ણ છે .

અભ્યાસો દર્શાવે છે કે યુવાનોમાં તમાકુનું સેવન ઝડપ થી વધી રહ્યું છે, જેના કારણે તેઓ શાળા/કોલેજના પરિસરમાં અન્ય પ્રકારના પદાર્થોના દુરુપ યોગનો પ્રયોગ કરી રહ્યા છે. ગ્લોબલ યુથ ટોબેકો સર્વે (GYTS-2), ૨૦૧૯માં જાણવા મળ્યું છે કે ૧૩-૧૫ વર્ષની વયના ૮.૫% ભારતીય વિદ્યાર્થીઓ કોઈને કોઈ સ્વરૂપમાં તમાકુનો ઉપયોગ કરી રહ્યા હતા. તેનાથી પણ વધુ ચિંતાજનક બાબત એ છે કે ભારતમાં દરરોજ ૫,૫૦૦થી વધુ બાળકો તમાકુનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે. તમાકુનો ઉપયોગ ઘણીવાર વધુ ખતરનાક પદાર્થોનો પ્રવેશદ્વાર હોય છે. મોટાભાગના પુખ્ત વયના લોકો કિશોરાવસ્થામાં જ તમાકુનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે અને ઘણા લોકો હાલના કાયદા હોવા છતાં, શાળાઓની નજીકની દુકાનોમાંથી આ ઉત્પાદ નો સરળતાથી ખરીદી શકે છે.

**સરકારનો પ્રતિભાવ**

આ વધતા જતા ખતરાનો સામનો કરવા માટે, શિક્ષણ મંત્રાલય તમાકુ-મુક્ત શૈક્ષણિક સંસ્થાઓ (ToFEI) માર્ગદર્શિકાનો સક્રિયપણે અમલ કરી રહ્યું છે. તે શાળાઓ અને કોલેજોને તમાકુના ઉપયોગ અને વેચાણથી સંપૂર્ણપણે મુક્ત બનાવવા માટે એક માળખાગત માર્ગદર્શિકા પ્રદાન કરે છે. DoSEL એ ૩૧ મે ૨૦૨૪ના રોજ ToFEIના અમલીકરણ માર્ગદર્શિકા શરૂ કરી હતી. તેનો ઉદ્દેશ્ય શાળાઓને ToFEI માર્ગદર્શિકાનું પાલન કરવામાં મદદ કરવાનો છે, જેનાથી વિદ્યાર્થીઓ માટે સ્વસ્થ, તમાકુ-મુક્ત વાતાવરણ બનાવવામાં આવે છે. આ માર્ગદર્શિકા તમામ હિસ્સેદારોને એવા માર્ગદર્શિકા અપનાવવા અને લાગુ કરવા માટે સશક્ત બનાવે છે જે વિદ્યાર્થીઓને તમાકુના જોખમોથી બચાવે છે.

ToFEI માર્ગદર્શિકામાં શાળાઓ અને કોલેજોએ કેમ્પસને તમાકુ મુક્ત રાખવા માટે નીચેની નવ પ્રવૃત્તિઓ કરવાની યાદી આપવામાં આવી છે.

પરિસરની અંદર 'તમાકુ મુક્ત વિસ્તાર'ના બોર્ડનું પ્રદર્શન

પ્રવેશદ્વાર/સીમા પર 'તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા'ના બોર્ડનું પ્રદર્શન

પરિસરમાં તમાકુના ઉપયોગના કોઈ પુરાવા નથી

તમાકુના નુકસાન અંગે જાગૃતિ સામગ્રીનું પ્રદર્શન

દર છ મહિને ઓછામાં ઓછી એક તમાકુ નિયંત્રણ પ્રવૃત્તિ

તમાકુ મોનિટરનું નામાંકન

શાળા આચારસંહિતામાં તમાકુ મુક્ત નીતિનો સમાવેશ

તમાકુ મુક્ત ક્ષેત્ર તરીકે શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ૧૦૦ યાર્ડ પીળી રેખા ચિહ્નિત કરવી

૧૦૦ યાર્ડ ઝોનમાં કોઈ દુકાનો કે વિક્રેતાઓ તમાકુ ઉત્પાદનો વેચે નહીં તેની ખાતરી કરવી.

આમાંથી, બે મુખ્ય પગલાં માટે સ્થાનિક સત્તાવાળાઓ તરફથી તાત્કાલિક સહાયની જરૂર છે:

પ્રવૃત્તિ ૮ - તમાકુ મુક્ત ક્ષેત્ર તરીકે શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ૧૦૦ યાર્ડના અંતરે પીળી રેખા ચિહ્નિત કરવી.

પ્રવૃત્તિ ૯ - ૧૦૦ યાર્ડના વિસ્તારમાં કોઈ દુકાનો કે વિક્રેતાઓ તમાકુ ઉત્પાદનો વેચતા નથી તેની ખાતરી કરવી.

આ પગલાં ભાવનાથી લાગુ થાય તે સુનિશ્ચિત કરવા માટે, મંત્રાલયે શિક્ષણ અધિકારીઓ અને કાયદા અમલીકરણ એજન્સીઓને આગળ વધવા હાકલ કરી છે. નવેમ્બર ૨૦૨૪માં જારી કરાયેલ ગૃહ મંત્રાલયની એક એડવાઈઝરીમાં પહેલાથી જ આ જોગવાઈઓનો કડક અમલ કરવાની વિનંતી કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવે
અમદાવાદ ડિવિઝન

OHE ફેરફાર કાર્ય

ઈ-ટેન્ડર-નોટિસ નંબર. Sr. DEE /TR /ADI /07 (2025-26) dtd. 22.05.2025 ટેન્ડર નંબર: TRD-ADI-T-07-2025-26 કામનું નામ: સિરવા ખાતે વધારાની લૂપ લાઇન, ગાંધીધામ ખાતે ગુડ્સ લાઇન અને TY લાઇનનું વિસ્તરણ, OHE માં ફેરફાર. ગાંધીધામ પેસેન્જર યાર્ડમાં કામચલાઉ LC નાબૂદી અને અમદાવાદ ડિવિઝનના કુકામા ખાતે EI સિસ્ટમ દ્વારા S&T સાધનોનું અપગ્રેડેશન. અંદાજિત કિંમત: ₹. 1,71,65,883/- અર્નેસ્ટ મની: ₹ 2,35,800/- સબમિશનની તારીખ અને સમય: 23.06.2025 ના 15:00 કલાક પછી નહીં. ખુલવાની તારીખ અને સમય : 23.06.2025 ના 15.30 કલાકે. ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. વેબસાઇટ વિગતો: www. ireps. gov.in

049

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નો શુભારંભ કરાવ્યો

## ઉત્તર ગુજરાતનાં અંબાજી-તારંગા-વડનગર-પોળો ફોરેસ્ટ સહિતના પ્રવાસન સ્થળો અને યાત્રાધામોના વિકાસ દ્વારા ટુરિઝમ સર્કિટ વિકસાવવાનું ભવિષ્યલક્ષી આયોજન

| મહેસાણા, તા.૨૩ |

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા અને સાબરકાંઠાની સરહદ પર આવેલા પ્રસિદ્ધ ધરોઈ ડેમ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ એડવેન્ચર ઝોનનું ઉદઘાટન કર્યુ હતું અને સ્પીડ બોટ રાઈડનો આનંદ પણ માણ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા અને મહાનુભાવો સાથે એડવેન્ચર ઍક્ટિવિટી સ્થળની મુલાકાત લઈને પેરા મોટરીંગ સહિતની રાઈડસ પણ નિહાળી હતી અને ટેન્ટસિટીનું ઉદ્દઘાટન કરીને તેની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ધરોઈ ડેમ વિસ્તારનો વર્લ્ડ ક્લાસ સબસ્ટેનેબલ ટુરિઝમ પિલગ્રીમેજ ડેસ્ટિનેશન તરીકે વિકાસ કરવામાં આવી રહ્યો છે. ધરોઈ ડેમ રિજીયન ડેવલપમેન્ટ સમગ્રતયા ત્રણ ફેઈઝમાં સાકાર થશે અને સ્પિરીચ્યુઅલ, એડવેન્ચર્સ, ઈકો અને રિક્રિએશનલ એક્ટિવિટીઝથી પ્રવાસન પ્રવૃત્તિને વેગ તેમજ સ્થાનિક રોજગાર અવસર સાથે વોકલ ફોર લોકલનો ધ્યેય પણ પાર પડી શકશે. ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળની જેમ ધરોઈને પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં 'આઈકોનિક પ્લેસ' તરીકે વિકસાવવામાં આવશે. એટલું જ નહિ, પોળો ફોરેસ્ટ, તારંગા, વડનગર, અંબાજી સહિતના ઉત્તર ગુજરાતનાં પ્રવાસન સ્થળો અને યાત્રાધામોના વિકાસ દ્વારા ટુરિઝમ સર્કિટ વિકસાવવાના ભવિષ્યલક્ષી આયોજન માટે પણ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર કાર્યરત છે. પ્રવાસન વિભાગના સચિવ શ્રી ડૉ. રાજેન્દ્ર કુમારે મીડિયા સાથે એડવેન્ચર ફેસ્ટ અંગેની વાતચીત કરતાં જણાવ્યું હતું કે, આ ધરોઈ એડવેન્ચર ફેસ્ટ અંદાજિત ૪૫ દિવસ સુધી ચાલશે અને ફેસ્ટિવલમાં લેન્ડ બેઝ્ડ, વોટર બેઝ્ડ, એર બેઝ્ડ એડવેન્ચર એક્ટિવિટીઝ પ્રવાસીઓને માણવા મળશે. પ્રવાસીઓને રહેવા માટે ધરોઈ ટેન્ટ સિટીનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં કુલ ૨૧ વિવિધ પ્રકારના ટેન્ટ તેમજ અંદાજિત ૧૦૦થી વધુ બેડની એસી ડોર્મિટરી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમ પ્રવાસન સચિવે જણાવ્યું હતું. આ 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'ના ઉદ્ઘાટન પ્રસંગે અરવલ્લી-સાબરકાંઠાના સાંસદ શ્રી શોભનાબહેન બારૈયા, મહેસાણાના સાંસદ શ્રી હરિભાઈ પટેલ, પાટણના સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, પૂર્વ મંત્રી અને ઈડરના ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, હિંમતનગરના ધારાસભ્ય શ્રી વી.ડી.ઝાલા, ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના એમ. ડી. શ્રી એસ. છાકછુઆક, સાબરકાંઠાના કલેક્ટર શ્રી લલિત નારાયણ સંધુ, મહેસાણાના કલેક્ટર શ્રી એસ.કે. પ્રજાપતિ, સાબરકાંઠાના જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, જિલ્લા પોલીસવડા શ્રી વિજય પટેલ, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી ક્રિષ્ના વાઘેલા, સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબહેન પટેલ સહિત સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## રેવન્યુ તલાટી-૨૦૨૫ની ભરતીની જાહેરાત બહાર પડી

| (એજન્સી) અમદાવાદ, તા.૨૩ |

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસૂલ તલાટીની ૨૩૮૯ જેટલી જગ્યાઓ માટે ભરતીને લઈને નોટિફિકેશન બહાર પાડ્યું હતું. જેમાં આગામી ૨૬ મે, ૨૦૨૫ના બપોરના ૨ વાગ્યાથી ૧૦ જૂન, ૨૦૨૫ના રાત્રે ૧૧:૫૯ સુધીમાં ફોર્મ ભરી શકાશે. મહેસૂલ વિભાગ હસ્તકની આગામી રેવન્યુ તલાટીની વર્ષ ૨૦૨૫ માટે ભરતી પ્રક્રિયા નવા નિયમો હેઠળ લેવામાં આવશે. જેમાં ઉમેદવારોની લાયકાત, ઉંમર, પરીક્ષા સહિતની બાબતોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્યમાં ૨૩૮૯ રેવન્યુ તલાટીની ભરતી માટે બે સ્તરમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

## મહેસાણા જિલ્લામાં બીજા દિવસે પણ કોરોનાના વધુ બે કેસ : કુલ ત્રણ થયા

| (એજન્સી) મહેસાણા, તા.૨૩ |

મહેસાણા જિલ્લામાં બુધવારે કડીના નાનીકડી વિસ્તારના આધેડનો કોરોના અંગેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ ગુરુવારે કડીના એક યુવક અને મહેસાણાની એક સગીરા મળીને વધુ બે કેસ નવા નોંધાતાં કુલ ત્રણ કેસ થયા છે.કોરોના મહામારીએ ફરીથી માથું ઊંચકતાં મહેસાણા જિલ્લામાં પણ કોરોનાની રિ-એન્ટ્રી થઈ છે. બુધવારે પ્રથમ કેસ કડીના નાનીકડી વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષના પુરૂષનો આવ્યો હતો, જેઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલા છે ત્યારે ગુરુવારે વધુ બે કેસ નોંધાયા છે. જેમાં મહેસાણા શહેરી વિસ્તારની એક ૧૬ વર્ષની સગારાને શરદી-તાવના લક્ષણો જણાતાં સારવારની સાથે તેણીએ ખાનગી લેબોરેટરીમાં કોરોનાનો ટેસ્ટ કરાવતાં તે પોઝિટિવ આવ્યો છે.

## મોરબી પાસેના લૂંટ કેસમાં બે આરોપીઓ ઝડપાયા

| (એજન્સી) મોરબી, તા.૨૩ |

મોરબી નજીક ટંકારા પાસે ખજૂરા હોટેલ પાસેથી રાજકોટની એક આંગડિયા પેઢીના માલિકની કારને ટક્કર મારીને ૯૦ લાખ રૂપિયાની લૂંટ કરવામાં આવી હતી. આ ઘટનામાં પોલીસે બે આરોપીઓને ૭૨ લાખ રૂપિયાની રોકડ સાથે પકડી પાડ્યા છે. જોકે, હજુ ચારથી પાંચ આરોપીઓ ફરાર છે. જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠીએ ઘટનાની વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજકોટમાં ટીટેનિયમ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢી ચલાવતા નીલેશભાઈ મનસુખભાઈ ભાલોડી ૯૦ લાખ રૂપિયાની રોકડ લઈને મહિન્દ્રા એસયુવી કારમાં મોરબી તરફ આવી રહ્યા હતા. ત્યારે લાંબા સમયથી તેમનો પીછો કરી રહેલી બે કારે ખજૂરા હોટલ પાસે તેમની કારને જોરદાર ટક્કર મારી હતી અને રોકડ લૂંટીને ફરાર થઈ ગયા હતા. ફરિયાદીએ તરત જ રાજકોટના તેમના જાણીતા સિનિયર પોલીસ અધિકારીને જાણ કરી હતી, જેમણે ડીવાયએસપી ઝાલાને જાણ કરતા તેઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલીસે સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી હતી. આરોપીઓને રોકવા માટે પોલીસે હવામાં એક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. આખરે, અભિ લાલાભાઈ અલગોતર (ઉં.વ. ૨૫) અને અભિજીત ભાવેશભાઈ ભાર્ગવ (ઉં.વ. ૨૫) નામના ભાવનગર પંથકના બે આરોપીઓને ૭૨ લાખ રૂપિયાની રોકડ સાથે પકડવામાં પોલીસને સફળતા મળી હતી. પકડાયેલા આરોપીઓમાંથી એક ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

### સાણંદના ઝોલપુર ગામમાં

## સાણંદ ખાતે સિગારેટના મુદ્દે સગીરે યુવકની છરી મારી હત્યા કરી

| (એજન્સી) અમદાવાદ, તા.૨૩ |

અમદાવાદ શહેર અને જિલ્લામાં જાણે કે રોજેરોજ હત્યા થઈ રહી છે ત્યારે જ સાણંદના ઝોલાપુર નવાપર ખાતે પાનના ગલ્લે સિગારેટના મુદ્દે તકરાર થતાં એક સગીરે ભરત પટેલ નામના યુવકની છાતીમાં છરી મારીને હત્યા કરી હતી. આ અંગે સાણંદ પોલીસને જાણ થતાં પોલીસે હત્યારા સગીરને ઝડપી લઈ તપાસ શરૂ કરી છે.વિચિત્ર બનાવની જાણવા મળતી વિગતો એવી છે કે બુધવારે રાત્રિના સાડા દસેક વાગ્યાના સુમારે સાણંદના ઝોલાપુર ગામની ભાગોળે આવેલા હિંગળાજ પાન પાર્લર પર ભરત પટેલ અને એક સગીર બેઠા હતા. ત્યાં સિગારેટ આપવાના મુદ્દે તેમની વચ્ચે કોઈ તકરાર થઈ હતી. તેમાં ઉશ્કેરાઈ ગયેલા સગીરે ભરત પટેલને છાતીમાં છરીના ઘા મારીને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ અંગે ભરતના પિતા બળદેવભાઈ પટેલની ફરિયાદ લઈ સાણંદ પોલીસ ઈન્સ્પેક્ટર ઝાલાએ સગીરને ઝડપી લઈ વધુ તપાસ આદરી છે. હાલ માત્ર સિગારેટને કારણે થયેલા ઝઘડામાં જ હત્યા થઈ કે અન્ય કોઈ કારણ છે તેની તપાસ ચાલી રહી છે. અનિલ સ્ટાર્ચ મિલ ખાતે ચાલીમાં રહેતા જિજ્ઞેશ બાબુલાલ ડોડિયાએ શહેર કોટડા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી હતી કે સવારે સાડા છ વાગ્યાના સુમારે તેના મોટા પપ્પા અંબાલાલભાઈ મંદિરની સફાઈ કરવા માટે ગયા હતા. તેઓ મંદિર પાસે પહોંચ્યા હતા ત્યારે મંદિરમાથી ધસી આવેલા એક યુવકે તેમને પકડીને પીઠના ભાગે મક્કા માર્યા હતી. તેથી તે ઢળી પડ્યા હતા અને હોસ્પિટલ લઈ જવાતા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. હુમલો કરનાર યુવકને લોકોએ ઝડપી લીધો હતો. તેનું નામ પર્મિત હેમંતભાઈ શાહ (રહે. ફલાવરકુંજ સોસાયટી, નવરંગપુરા) જાણી શકાયું છે. તેણે અંબાલાલભઈ ડોડિયા પર શા માટે હુંમલો કર્યો તેની પોલીસ પૂછપરછ કરી રહી છે.

## મોરબીમાં બિલ્ડર પર જીવલેણ હુમલો : ત્રણ ગોળીઓ ધરબી દેવાઈ

| (એજન્સી) વડોદરા, તા.૨૩ |

મોરબીમાં એક બિલ્ડર પર અજાણ્યા શખ્સે ગોળી મારીને જીવલેણ હુમલો કર્યો છે. હુમલામાં ગંભીર રીતે ઘાયલ બિલ્ડરને રાજકોટ ખસેડાયા છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, મોરબીના પ્રમુખ એપાર્ટમેન્ટમાં રહેતા બિલ્ડર તરુણભાઈ ઉર્ફે ગોપાલ હંસરાજભાઈ ગામી પર મોટા દહીંસરા ગામ નજીક ત્રણ ગોળીઓ છોડવામાં આવી હતી. આ મામલે તરુણભાઈએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ તેમના સંબંધી ભીખાભાઈ પટેલની પેપર મિલમાં મળવા ગયા હતા. પરત ફરતી વખતે તેઓ જીઈબીના પાવર હાઉસ પાસે કારમાં બેઠા હતા. આ દરમિયાન લાલ શર્ટ પહેરેલો એક અજાણ્યો શખ્સ ત્યાં આવ્યો હતો.શરૂઆતમાં આ શખ્સે તરુણને ગાળો આપવાનું શરૂ કર્યું.

### ગુજરાતના પાંચ શહેરમાં થ્રી લેયર સુરક્ષા

## પીએમ મોદીના પ્રવાસ પહેલા એસપીજીના ગુજરાતમાં ધામા

### ગાંધીનગર, વડોદરા, દાહોદ અને કચ્છ જેવા વિવિધ વિસ્તારોમાં રોડ શો અને જાહેર સભાઓ યોજાવાની છે

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬ અને ૨૭ મેએ બે દિવસના ગુજરાત પ્રવાસે આવવાના છે. આ પ્રસંગે તેમના સ્વાગત માટે સમગ્ર તંત્ર સજ્જ બન્યું છે અને વિવિધ શહેરોમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાનના આગમન પૂર્વે દેશમાં શ્રેષ્ઠ સુરક્ષા ગણાતી એસપીજી (Special PrOection Group)ની ટીમે ગુજરાતમાં ધામા નાંખ્યા છે અને સુરક્ષા વ્યવસ્થાનું માળખું પોતાના હાથમાં લઈ લીધું છે. પીએમ મોદીનો પ્રવાસ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, દાહોદ અને કચ્છ જેવા વિવિધ વિસ્તારોમાં છે. જ્યાં રોડ શો અને જાહેર સભાઓ યોજાવાની છે. તે સ્થળોએ અત્યારે હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દરેક શહેરમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. જેમાં સ્થાનિક પોલીસ, રાજ્ય રિઝર્વ ફોર્સ અને એસપીજી એકમો સમાવિષ્ટ છે. વડાપ્રધાન મોદીની સુરક્ષામાં કોઈપણ ખામી ન રહે એ માટે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય વ્યક્તિગત રીતે સમગ્ર કામગીરીની દેખરેખ રાખી રહ્યા છે. તેમણે સ્થળ પર જઈને નિરીક્ષણ શરૂ કરી દીધું છે અને દરેક તબક્કે અધિકારીઓને સ્પષ્ટ દિશાનિર્દેશ આપવામાં આવ્યા છે. અમદાવાદ પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલિકના જણાવ્યા અનુસાર, પીએમ મોદીના રૂટ પર સઘન સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરાઈ છે. આવતાં દિવસોમાં તેનું રિહર્સલ પણ થશે. ટ્રાફિક માટે પણ વિશિષ્ટ પ્લાન તૈયાર કરાયો છે, જેમાં ટ્રાફિક ડાયવર્ઝન, એએમટીની સેવા અને પાર્કિંગ વ્યવસ્થા પણ સમાવિષ્ટ છે. વડાપ્રધાનના કાર્યક્રમના દિવસે એરપોર્ટ તરફ જતાં મુસાફરોને ઓછામાં ઓછા બે કલાક પહેલા નીકળી જવાની સલાહ આપવામાં આવી છે. પ્રધાનમંત્રી જ્યાં જ્યાં જાહેર સભાઓને સંબોધન કરશે અથવા રોડ શો કરશે, ત્યાં એસપીજીએ સંભાળ લીધી છે. દરેક સ્થળે સ્થાનિક કક્ષાના અધિકારીઓને વિશિષ્ટ જવાબદારીઓ સોંપાઈ છે. સુરક્ષા વ્યવસ્થાની ખાતરી માટે સતત કોમ્બિંગ ઓપરેશન અને એલઆઈબીના ઈનપુટના આધારે એલર્ટ જારી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પીએમ મોદીના પ્રવાસને ધ્યાનમાં રાખીને અમદાવાદ, ગાંધીનગર, દાહોદ, કચ્છ અને વડોદરામાં ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડાઓ દ્વારા જાહેરનામા બહાર પાડવામાં આવશે જેથી કોઈ શરારત કે ભંગફોડ ન થાય. વડાપ્રધાનનો ગુજરાત પ્રવાસ રાજકીય રીતે મહત્વનો માનવામાં આવી રહ્યો છે અને તે પહેલા રાજ્યના પાંચ મોટા શહેરોમાં સુરક્ષાની તમામ મર્યાદાઓને અનુરૂપ ગોઠવણી કરવામાં આવી છે.

### બાળકો, વડીલો, યુવક, યુવતીઓ થઈ જાઓ તૈયાર

## રાજકોટમાં જન્માષ્ટમીનો લોકમેળો રેસકોર્સ મેદાનમાં જ યોજાશે

### મેળામાં અનેક ખાણી-પીણીના સ્ટોલ, કોસ્મેટિકના સ્ટોલ અને રમકડાંના સ્ટોલ, તેમજ રાઈડ્સ જોવા મળશે

| (એજન્સી) રાજકોટ, તા.૨૩ |

બાળકો, વડીલો, યુવક, યુવતીઓ બધાજ થઈ જાઓ તૈયાર. બાળકોથી માંડીને વડીલો સુધી બધા લોકો મેળાની આતુરતાથી રાહ જોતાં હોય છે. તો આ વર્ષે એટલે લે ૨૦૨૫માં જન્માષ્ટમીનો મેળો રાજકોટના રેસકોર્ષ મેદાનમાં યોજાવા જઈ રહ્યો છે. મેળામાં અનેક ખાણી-પીણીના સ્ટોલ, કોસ્મેટિકના સ્ટોલ, રમકડાંના સ્ટોલ, તેમજ રાઈડ્સ જોવા મળે છે.

રંગીલા રાજકોટમાં જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ૧૯૮૩થી લોકમેળો યોજવામાં આવે છે. આ લોકમેળો રાજકોટની ઓળખ બની ગયો છે. શરૂઆતથી શાસ્ત્રી મેદાનમાં યોજાતા મેળાની જનમેદનીમાં વધારો થવાને કારણે ૨૦૦૩થી રેસકોર્સ મેદાન ખાતે યોજવામાં આવે છે. તેમજ રાજકોટમાં યોજાનાર જન્માષ્ટમીનો લોકમેળો સૌરાષ્ટ્રભરમાં પ્રચલિત છે. દર વર્ષે તંત્ર દ્વારા મેળાના નામકરણ માટે રાજકોટની જનતાને જોડવામાં આવી હતી. જેમાં તમામ શહેરીજનો દ્વારા તેમની પસંદગીનું નામ મોકલવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં ભરાતો સૌરાષ્ટ્રનો લોકમેળો દેશ વિદેશમાં પણ ખુબ જ પ્રખ્યાત છે. આ મેળાને નીહાળવા લોકો રાજકોટ સહિત અન્ય જિલ્લામાંથી પણ આવતા હોય છે. ત્યારે આ વર્ષે પણ સાતમ આઠમને લઈ આ મેળો યોજવામાં આવશે.

મળતી માહિતી દરમિયાન, આ વર્ષે પણ લોકમેળો રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાશે. આ વર્ષે મેળામાં નવી નવી રાઈડ્સ જોવા મળશે.

રાજકોટના રેસકોર્સ મેદાનમાં સાતમ-આઠમના તહેવારોમાં યોજાનારા લોકમેળામાં દર વર્ષે પાંચ દિવસમાં ૧૫ લાખથી વધુ લોકો સૌરાષ્ટ્રભરમાંથી આવતા હોય છે. ત્યારે લોકોમેળાને લઈને લોકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળતો હોય છે.

### નડિયાદમાં આઠ મહિનાની બાળકીનો રિપોર્ટ પોઝિટીવ

## બાળકીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ

| (એજન્સી) નડિયાદ, તા.૨૩ |

નડિયાદમાં ૮ મહિનાની બાળકીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. બાળકી બિમાર થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં તે કોરોના સંક્રમિત હોવાનું બહાર આવ્યું છે. ત્યારે તંત્રએ સર્વે શરૂ કરવા સાથે ભૂતકાળમાં કોરોનાની તૈયારીઓ યથાવત હોવાથી તેની ચકાસણી કરી છે. નડિયાદમાં એક ૮ મહિનાની બાળકી કોરોના સંક્રમિત આવી છે. બાળકી બિમાર થતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બાદમાં ડૉક્ટર દ્વારા તેના રિપોર્ટ્સ કરાવવામાં આવ્યા હતા. જે પૈકી કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બાદમાં આ મામલો આરોગ્ય વિભાગને ધ્યાને આવતા તત્કાલ બાળકીના પરીવારજનોને આઈસોલેટ કરાયા છે. સાથે જ તંત્રએ સર્વેની કામગીરી શરૂ કરી દીધી છે. તંત્ર દ્વારા શંકાસ્પદ જણાતા તમામ દર્દીઓના કોરોના ટેસ્ટ પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. હાલ નડિયાદ સિવિલ, ખેડા અને ડાકોર સિવિલમાં પણ આ ટેસ્ટ કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

આરોગ્ય અધિકારી વી. એસ.ધ્રૂવે જણાવ્યું હતું કે, બહારથી કેસ આવશે કે કોઈ દર્દી કે વ્યક્તિમાં લક્ષણ જણાશે, તો તેમના ટેસ્ટ કરવામાં આવશે. હાલ આપણી પાસે જિલ્લામાં દવાઓનો પૂરતો સ્ટોક છે. વેન્ટીલેટર સાથે ઓક્સિજનની પણ પુરતી વ્યવસ્થા છે. સાથે જ સિવિલ હોસ્પિટલ્સમાં તમામ તૈયારીઓ પણ કરવામાં આવી છે. આ સાથે જ ભૂતકાળમાં કોરોના વખતે કરવામાં આવેલી તૈયારીઓ યથા સ્થિતિ છે.

### હાલ ગભરાવાની જરૂર નથીઃ એડિશન ડિરેક્ટર હેલ્થ

## કોરોનાના કુલ ૨૧ કેસ નોંધાયા છે, જેમાંથી હાલ ૧૫ કેસ એક્ટિવ છે

### ગુજરાતમાં અત્યાર સુધી અમદાવાદ શહેરમાં ૧૩, અમદાવાદ ગ્રામ્યમાં ૧ અને રાજકોટમાં ૧ કેસ નોંધાયો

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ |

વિદેશમાં ફરી એકવાર કોરોના વાઈરસના કેસો નોંધાઈ રહ્યા છે. ચાઈના, સિંગાપોર અને થાઈલેન્ડમાં કેસ નોંધાતા વિશ્વસ્તરે ચિંતાની લહેર જોવા મળી છે. ભારત અને ગુજરાતમાં કોરોનાના કેસો નોંધાઈ રહ્યા છે. રાજ્યમાં જાન્યુઆરીથી મે સુધીમાં કોરોનાના કુલ ૨૧ કેસ નોંધાયા છે. જેમાંથી હાલ ૧૫ કેસ એક્ટિવ છે.

આ અંગે એડિશનલ ડિરેક્ટર હેલ્થ ડો. નીલમ પટેલે જણાવ્યું કે, હાલ રાજ્યમાં ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. ગુજરાતમાં અત્યાર સુધી અમદાવાદ શહેરમાં ૧૩, અમદાવાદ ગ્રામ્યમાં ૧ અને રાજકોટમાં ૧ કેસ નોંધાયા છે. હાલમાં સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. ડૉ. નીલમ પટેલે જણાવ્યું કે, કોરોના પોઝિટિવ દર્દીઓને સ્થાનિક સ્તરે ઘરે જ આઈસોલેટ કરવામાં આવ્યા છે અને તેમની સ્થિતિ સ્થિર છે. રાજ્યમાં અત્યારે એક પણ મોત નોંધાયું નથી. તેમણે જણાવ્યું કે ટેસ્ટિંગની પ્રક્રિયા નિયમિત ચાલુ છે અને આરોગ્ય વિભાગ દ્વારા તમામ જરૂરી પહેલ લેવામાં આવી રહી છે. "વિદેશથી ફરીને આવેલા લોકોમાં તાવ, જળદાહ કે શ્વાસને લગતી તકલીફ જણાય તો તરત પોતે આઈસોલેશનમાં જઈ જરૂરી ટેસ્ટ કરાવવી જોઈએ," તેમ એડિશનલ ડિરેક્ટર હેલ્થે સ્પષ્ટ સૂચના આપી છે. કોઈ નવી ગાઈડલાઈન હાલ જાહેર કરાઈ નથી પરંતુ દરરોજની પરિસ્થિતિના આંકલનના આધારે જરૂર પડશે ત્યારે કાર્યવાહી કરવામાં આવશે. "અગાઉના ઓમિક્રોન વાઈરસના સબ વેરિએન્ટ્સના રૂપ માં હાલના કેસો સામે આવી રહ્યા છે, તેથી હાલ તીવ્ર લક્ષણો જોવા મળતા નથી. તબિયત નરમ લાગે તો પ્રવાહી પદાર્થ વધુ લેવા અને આરામ કરવો જોઈએ," તેમ ડૉ. નીલમ પટેલે જણાવ્યું.

રાજ્ય સરકારે હોસ્પિટલ સ્તરે પણ આગોતરી તૈયારીઓ કરી છે. આઈસોલેશન માટેની સુવિધા હોસ્પિટલમાં ઉપલબ્ધ રાખવામાં આવી છે અને જો સ્થિતિમાં બદલાવ આવે તો તાત્કાલિક વધારાની વ્યવસ્થા કરવામાં આવશે.

